આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૬૬ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫





## જિલ્લામાં માત્ર ૧૨ કલાકમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ

**જિલ્લામાં રાહત કાર્ય, બચાવ કાર્ય અને સેવા કાર્ય સાથે લોકોને જરૂરી સુવિધા પુરી પાડવા તંત્ર દ્વારા પ્રયાસ : જિલ્લામાં ૩૨૯ રસ્તાઓ બંધ કરાયા :સૌથી વધુ ઉમરગામ તાલુકામાં ૧૪.૯૦ ઈંચ અને સૌથી ઓછો ધરમપુરમાં ૫.૮ ઇંચ વરસાદ નોંધાયો**


(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** વલસાડ જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી પડી રહેલા સાંબેલાધાર વરસાદને પગલે સર્વત્ર જળબંબાકાર જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે જિલ્લા કલેકટરશ્રી નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ સ્થિતિ પર વોચ રાખી વિવિધ વિસ્તારોમાં તાત્કાલિક રાહત કાર્ય, બચાવ કાર્ય અને સેવા કાર્ય ચાલી રહ્યુ છે, વલસાડ જિલ્લા પુર નિયંત્રણ કક્ષ પાસેથી મળતી વિગતો મુજબ, ભારતીય હવામાન ખાતાની આગાહી મુજબ રાત્રિ દરમિયાનથી વલસાડમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો હતો. જેને પગલે જિલ્લાની તમામ નદીઓ બંને કાંઠે વહેતી થઈ હતી તેમજ તળાવો પણ ઓવરફ્લો થવાની ઘટના બની હતી. જેને પગલે જિલ્લા કલેકટર નીતિન સાંગવાને નીચાણવાળા અનેક વિસ્તારોની મુલાકાત લઈ સ્થિતિની તાગ મેળવી સંબંધિત વિભાગના અધિકારીઓને અસરગ્રસ્તો માટે તમામ પ્રકારની સુવિધા કરવા માટે સૂચના આપી હતી. આજે બુધવારે તા. ૨૨ જુલાઈને બુધવારે દિવસ દરમિયાન સવારે ૬ થી સાંજે ૮ સુધીના જિલ્લામાં સરેરાશ ૯ ઈંચ વરસાદ વરસ્યો હતો. જેમાં સૌથી વધુ વલસાડમાં ૨૮૩ મી.મી. (૧૧.૩૨ ઈંચ), ધરમપુરમાં ૧૪૨ મી.મી.(૫.૮૦ ઈંચ), પારડીમાં ૨૪૬ મી.મી. (૯.૯૦ ઈંચ), કપરાડામાં ૧૮૦ મી.મી. (૭.૦૫ ઈંચ), ઉમરગામમાં ૩૭૧ મી.મી. (૧૪.૯૦ ઈંચ), વાપીમાં ૧૫૨ મી.મી.(૬.૦૨ ઈંચ) અને નાનાપોંઢામાં ૧૬૪ મી.મી. (૬.૦૫ ઈંચ) વરસાદ પડતા સર્વત્ર પાણી જ પાણી થઈ ગયુ હતું. ખાસ કરીને સૌથી વધુ વલસાડ તાલુકામાં દર બે કલાકે બબ્બે ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. જેને પગલે તિથલ રોડ અને અબ્રામાની પોશ વિસ્તારની સોસાયટીઓમાં પણ પાણી ભરાઈ ગયા હતા. સિઝનના કુલ વરસાદની વાત કરીએ તો, તા. ૨૧ જુલાઈ સુધી જિલ્લામાં સિઝનનો કુલ વરસાદ ૧૨૧૫.૭૧ મી.મી. એટલે કે, ૪૭.૮૬ ઈંચ હતો પરંતુ તા. ૨૨ જુલાઈની રાત્રિથી દિવસ દરમિયાન દેમાર વરસેલા વરસાદને પગલે મેઘરાજાએ જિલ્લામાં આજરોજ બુધવારે સિઝનના કુલ વરસાદ ૧૫૦૫.૧૪ મી.મી એટલે કે, ૬૦.૨૦ ઈંચ સાથે પોતાની અડધી સદી પુરી કરી દીધી છે. તાલુકાવાર સિઝનનો કુલ વરસાદ જોઈએ તો, વલસાડમાં ૧૬૦૪ મી.મી.(૬૪.૧૬ ઈંચ), ધરમપુરમાં ૧૧૨૬ મી.મી.(૪૫.૦૪ ઈંચ), પારડીમાં ૧૬૬૧ મી.મી. (૬૬.૪૪ ઈંચ), કપરાડામાં ૧૭૯૩ મી.મી.(૭૧.૭૨ ઈંચ), ઉમરગામમાં ૧૫૬૧ મી.મી.(૬૨.૪૪ ઈંચ), વાપીમાં ૧૪૦૭ મી.મી.(૫૬.૨૮ ઈંચ) અને નાનાપોંઢામાં ૧૩૮૪ મી.મી. (૫૫.૩૬ ઈંચ) વરસાદ નોંધાયો છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારથી લઈને શહેરી વિસ્તાર ઉપર પણ સતત નજર રાખવામાં આવી રહી હતી. જ્યાં પાણી ભરાવાની રહીશોની ફરિયાદ મળે એટલે ત્વરિત એનડીઆરએફની ટીમ સ્થળ પર પહોંચી જઈ બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સિવાય સ્થળાંતરિત કરાયેલા અસરગ્રસ્તોને ફૂડ પેકેટ વિતરણ કરવા માટે સેવા ભાવી સંસ્થાઓ પણ આગળ આવી હતી.

**સંસદીય મત વિસ્તારમાં ભારે વરસાદના પગલે**

## સાંસદ ધવલભાઈએ દિલ્હીથી જિલ્લાની ચિંતા સેવી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** હાલમાં દક્ષિણ ગુજરાત સહિત વલસાડ-ડાંગ જિલ્લામાં અતિભારે વરસાદ વરસી ચુક્યો છે અને સતત વરસી રહ્યો છે જેના કારણે વલસાડ-ડાંગની જનતાને અનેક પ્રકારની કુદરતી આપત્તિઓ આવી રહી છે. આ સમગ્ર મામલે વલસાડ-ડાંગ સાંસદ ધવલભાઈ પટેલ દિલ્હીમાં સંસદનું ચોમાસુ સત્ર ચાલુ હોવા છતાં પોતાના લોકસભા ક્ષેત્ર વલસાડ-ડાંગ અને વાંસદા વિસ્તારની જનતાને કોઈપણ પ્રકારની મુશ્કેલી કે સમસ્યાનો સામનો ન કરવા પડે એ માટે સતત ટેલીફોનીક સંપર્ક સાધી જે વિસ્તારમાં સમસ્યા સર્જાય છે. ત્યાંના આગેવાનો તેમજ સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કરી તાત્કાલિક ધોરણે સુચારુ વ્યવસ્થા કરવા અને વલસાડ, ધરમપુર, કપરાડા, વાપી, ઉમરગામ સુધી જરુર જણાય ત્યાં ફુડપેકેટની વ્યવસ્થા માટે સૂચનાઓ આપી વલસાડ ડાંગની જનતા માટે ખાસ ચિંતા કરી રહ્યા છે.અને આવનારા સમયમાં અતિવૃષ્ટિ થી વિસ્તારમાં કોઈ પણ પ્રકારની અનિચ્છનીય ઘટનાઓ ન બને તે વિકટ પરિસ્થિતિ ઊભી ન થાય તે માટે સતત સ્થાનિક આગેવાનો અને અધિકારીઓ સાથે સંકલન કરી રહ્યા છે.

## અંભેટીમાં બસ ફસાઈ : ૧૬ નો ઉગારો

**મામલતદારને જાણ થતા જ તાત્કાલિક પોલીસને રવાના કરી સ્થાનિક યુવાનોની મદદથી રેસ્ક્યુ કરાયું**





(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૨૨ :** વલસાડ જિલ્લામાં અવિરત અતિભારે વરસાદ વરસી રહ્યો છે ત્યારે જિલ્લા વહીવટી તંત્રની સર્તકતા અને ઝડપી કામગીરીને પગલે બુધવારે સવારે પાણીમાં પ્રવાહમાં ફસાયેલી ખાનગી ટ્રાવેલ્સની બસને ત્વરિત બહાર કાઢવામાં સફળતા મળી હતી. આ ખાનગી બસમાં ૧૬ જેટલા મુસાફરો હતા જેઓએ પ્રશાસનની ત્વરિત કામગીરીને બિરદાવી હતી.

વલસાડ પુર નિયંત્રણ કક્ષ દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના અંભેટી ગામમાં કોપરલી વાપી મુખ્ય રસ્તા ઉપર ઔરંગા પાર નદી પાસે બુધવારે સવારે ૭-૪૫ કલાકે નાસિકની એક ખાનગી બસ નં. ડીએલ-૦૧-બી-૧૬૦૮ વાપી તરફ જઈ રહી હતી ત્યારે પાણીના પ્રવાહમાં ફસાઈ હતી, જે અંગેનો મેસેજ નાનાપોંઢાના મામલતદારશ્રીને મળતા તેમણે સ્થાનિક પોલીસને તાત્કાલિક રવાના કરી હતી. પોલીસ અને ગામના યુવાનોએ સાથે મળીને ટ્રક સાથે દોરડા બાંધી ખાનગી ટ્રાવેલ્સની બસને સહી સલામત બહાર કાઢી હતી. બસ પાણીના પ્રવાહમાંથી બહાર નીકળતા બસમાં સવાર ૧૬ મુસાફરોએ રાહત અનુભવી હતી. આ બસમાં ૧૬ મુસાફરોમાં ૬ મહિલા, ૭ પુરૂષ અને ૩ બાળકનો સમાવેશ થાય છે. ત્યારબાદ રોડની બંને તરફ બેરીકેટ ગોઠવી રસ્તો વાહન વ્યવહારની અવરજવર માટે બંધ કરી દેવામાં આવ્યો હતો.

હાલ જિલ્લામાં સતત વરસી રહેલા ધોધમાર વરસાદને પગલે ડિઝાસ્ટર મેનેજમેન્ટ કંટ્રોલ રૂમ દ્વારા સમગ્ર જિલ્લા પર નજર રાખવામાં આવી રહી છે. જાહેર જનતાને પણ સાવચેત રહેવા અને જિલ્લા વહીવટી તંત્રની સૂચનાઓ પર ધ્યાન આપવા અપીલ કરવામાં આવી છે.

## દમણમાં ૧૦ કલાકમાં ૮ ઈંચ વરસાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૨ :** કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં બુધવારે દિવસભર વરસાદ ચાલુ રહ્યો. સવારે ૮ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી આશરે ૮ ઈંચ વરસાદ નોંધાયો હતો. સતત ધોધમાર વરસાદને ધ્યાનમાં રાખીને, વહીવટીતંત્રે સાવચેતીના પગલા તરીકે બધી શાળાઓમાં રજા જાહેર કરી છે.



મુશળધાર વરસાદને કારણે શહેરના ઘણા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા. ધોબી તળાવ ઓવરફ્લો થઈ ગયું હતું.વરસાદને કારણે અનેક ઈમારતોના પાર્કિંગમાં આવેલી દુકાનોમાં પણ પાણી ભરાઈ ગયા, પાણી ભરાઈ ગયાના અહેવાલ મળતાં, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને ફાયર વિભાગની ટીમો વિવિધ સ્થળોએ દોડી ગઈ અને રાહત અને સ્થળાંતર કામગીરી શરૂ કરી હતી.

નાયબ કલેક્ટર આરતી અગ્રવાલે એક એડવાઈઝરી જારી કરીને નાગરિકોને વિનંતી કરી કે ગુરુવારે ઓરેન્જ એલર્ટ અમલમાં રહેશે.

ખૂબ જ જરૂરી હોય ત્યારે જ ઘરની બહાર નીકળો. કોઈપણ કટોકટી, પાણી ભરાવા કે અન્ય સમસ્યાઓના કિસ્સામાં, નાગરિકો ૧૦૭૭ હેલ્પલાઈનનો સંપર્ક કરી શકે છે.વહીવટીતંત્રે લોકોને હવામાન વિભાગની ચેતવણીઓનું પાલન કરવા અને બિનજરૂરી મુસાફરી ટાળવા અપીલ કરી છે.

## ઉદવાડા પાસે રેલ્વે ટ્રેકની માટી ધસતાં ટ્રેન વ્યવહાર ખોરવાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૨ :** ભારે વરસાદના કારણે પારડી તાલુકાના ઉદવાડા રેલવે સ્ટેશન નજીક માળખાકીય નુકસાનના અહેવાલ મળી રહ્યા છે. પારડીના પલસાણા પાસે રેલવે ટ્રેકની સાઈડમાંથી જમીન ધસી પડતા રેલ વ્યવહાર ભારે પ્રભાવિત થયો છે.વેસ્ટ્ન રેલવે ની ટીમો ઘટના સ્થળે આવી પહોંચી હતી અને કામગીરી હાથ ધરી હતી વહેલી સવારે પડેલા અતિભારે વરસાદને કારણે વાપીથી વલસાડ જતી ડાઉન લાઈન પર પલસાણા પાસે ટ્રેકની સાઈડમાંથી મોટા પાયે માટીનું ધોવાણ થઈ ગયું છે.જમીન ધોવાઈ જવાના કારણે વાપીથી વલસાડ તરફ જતો ટ્રેન વ્યવહાર ખોરવાયો છે. જેના પરિણામે આ રૂટ પરથી પસાર થતી અનેક ટ્રેનો મોડી ચાલી રહી છે.સાવચેતીના ભાગરૂપે સામેના ટ્રેક પરથી પસાર થતી ટ્રેનોની ઝડપ પણ ઘટાડી દેવામાં આવી છે અને તેમને અત્યંત ધીમી ગતિએ પસાર કરવામાં આવી રહી છે ઘટનાની જાણ થતાં જ વલસાડ રેલવે વિભાગની ટેકનિકલ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ છે અને ટ્રેકનું સમારકામ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યું છે.

## સેલવાસમાં ૫ ઈંચ વરસાદથી જનજીવન ખોરવાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનીધ)

**સેલવાસ, તા. ૨૨ :** દાદરા અને નગર હવેલીના સેલવાસમાં બુધવારે પડેલા મૂશળધાર વરસાદે જનજીવન ખોરવી નાખ્યું હતું. સવારે ૮ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધીમાં ૧૩૭.૪ મીમી (૫.૪૧ ઇંચ) વરસાદ નોંધાયો હતો, જે એક દિવસ અગાઉના સમાન સમયગાળામાં નોંધાયેલા ૧૧.૪ મીમી વરસાદ કરતાં લગભગ ૧૨ ગણો વધુ છે. ખાનવેલમાં પણ ૮૮.૫ મીમી (૩.૪૮ ઇંચ) વરસાદ નોંધાતા સમગ્ર જિલ્લામાં ભારે વરસાદી માહોલ સર્જાયો હતો. ભારે વરસાદને કારણે શહેરની અનેક મુખ્ય તેમજ રહેણાંક વિસ્તારોની સડકો પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. અનેક સ્થળોએ દ્વિચક્રી વાહનચાલકોને પાણીમાંથી પસાર થવું પડ્યું, જ્યારે રાહદારીઓએ ઘૂંટણ સુધીના પાણીમાંથી પસાર થઈને અવરજવર કરવી પડી. દિવસભર અનેક વિસ્તારોમાં ટ્રાફિક ધીમો રહ્યો.

શહેરમાં ચાલી રહેલા માર્ગ અને અન્ય વિકાસ કાર્યોને કારણે સ્થિતિ વધુ વિકટ બની હતી. અનેક સ્થળોએ ખોદકામ કરાયેલા રસ્તાઓમાં પાણી અને કાદવ ભરાઈ જતાં વાહનચાલકો તથા રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સતત વરસાદને કારણે પહાડી વિસ્તારોમાં જમીન ધોવાણ (સોઈલ ઈરોઝન) થયું હતું.

સતત વરસાદને કારણે મધુબન ડેમનું જળસ્તર વધીને ૭૩.૮૫ મીટર થયું હતું. ડેમમાં ૭૯,૬૧૨ ક્યુસેક પાણીની આવક નોંધાઈ હતી, જ્યારે ૯૫,૯૦૯ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું હતું.

બીજી તરફ અથલ બ્રિજનું જળસ્તર વધીને ૨૯.૦૫૦ મીટર થયું હતું, જે ૨૯.૦૦ મીટરની ચેતવણી સપાટીને વટાવી ગયું છે. જોકે તે હજુ પણ ૩૦.૦૦ મીટરના ભયજનક સ્તરથી નીચે છે. મધુબન ડેમમાંથી છોડાતું પાણી પણ ૨.૫૦ લાખ ક્યુસેકના એલર્ટ સ્તર કરતાં ઘણું ઓછું છે. પ્રશાસને નાગરિકોને ભારે વરસાદ દરમિયાન બિનજરૂરી મુસાફરી ટાળવા તેમજ નદી કિનારા અને પહાડી વિસ્તારોમાં ખાસ સાવચેતી રાખવાની અપીલ કરી છે.

## મધુબન ડેમના ૮ દરવાજા ખોલાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૨ :** વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના કરાડગામ ખાતે દમણગંગા નદી પર આવેલા મધુબન ડેમના ઉપરવાસ વિસ્તારમાં ભારે વરસાદને પગલે ડેમમાં પાણીની આવક નોંધપાત્ર રીતે વધી છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખી મધુબન ડેમના ૮ દરવાજા ૪ મીટર સુધી ખોલી દમણગંગા નદીમાં અંદાજે ૨,૦૦,૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે.

ડેમમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડાતા દમણગંગા નદીના જળસ્તરમાં વધારો થવાની શક્યતા છે. જેના કારણે કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી, ઉમરગામ તથા વાપી તાલુકાના નદીકાંઠાના ગામોના રહેવાસીઓને સતર્ક રહેવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે. તંત્રએ નદીકાંઠે માછીમારી કરવા, પશુઓને ચરાવવા તેમજ અનાવશ્યક રીતે નદીના પટમાં કે કિનારે જવાનું ટાળવા અપીલ કરી છે. ઉપરાંત બપોર બાદ ડેમમાંથી વધુ પાણી છોડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હોવાથી નીચાણવાળા વિસ્તારોના લોકોને સાવચેતી રાખવા અને તંત્રની સૂચનાઓનું પાલન કરવા જણાવાયું છે. જિલ્લા વહીવટી તંત્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને જરૂરી હોય ત્યાં સ્થાનિક તંત્રને એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી છે.

## પારડી પંથકમાં જળબંબાકાર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૨ :** પારડી પંથકમાં પણ અવિરત વરસી રહેલા વરસાદને કારણે ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. મેઘરાજાની ધમાકેદાર બેટિંગને લઈ ઠેર ઠેર પાણી ફરી વળ્યા હતાં.

પારડી શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતાં સ્થાનિક રહીશો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તેમજ પારડીનું ઐતિહાસિક ૯૯ એકરનું તળાવ ભરાઈ જતા પાલિકા પ્રમુખ સાથે સી.ઓ.ની ટીમ દ્વારા સુપડી તોડતા સ્થાનિક લોકોને રાહત થઇ હતી. જયારે મચ્છી માર્કેટ પાસે તળાવનું પાણી બહાર આવતા સ્થાનિક લોકોના ઘરોમાં પાણી ઘૂસ્યા હતાં. જેને પાલિકાની ટીમે જેસીબી દ્વારા નિકાલ કરવામાં જોતરાયા હતાં. પારડી શહેરના મુખ્ય વિસ્તારોમાં મોટાપ્રમાણમાં પાણી ભરાઈ ગયા હતા ત્યારે હવામાન વિભાગ દ્વારા બે દિવસની ભારે વરસાદની આગાહી આપવામાં આવી હતી. તેમજ વલસાડ કલેકટરે શાળા કોલેજોમાં આજે જાહેર રજાની જાહેરાત કરી હતી અને સૌ નાગરિકોને કામ સિવાય બહાર ન નીકળવાની અપીલ કરી હતી. જયારે ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને પારડી નગરપાલિકાની ટીમ તાત્કાલિક એક્શનમાં આવી હતી. ચીફ ઓફિસર કોમલબેન, પ્રમુખ ચેતન નાયકા, કારોબારી ચેરમેન ચેતન ભંડારી, આરોગ્ય ચેરમેન કિરણ પટેલ, બાંધકામ ચેરમેન પ્રણવ દેસાઈ, વોટર વર્ક્સ ચેરમેન જિગ્નેશ પટેલ, ભૂમિ પારેખ, કૃતિકા ભંડારી, બીપીન પટેલ, નાસિર શેખ, એન્જિનિયર મોહસીનાબેન, સેનેટરી ઈન્સ્પેક્ટર મેહુલ પરમાર અને સુપરવાઈઝર પંકજ ગરણીયા તેમની સમગ્ર ટીમ સાથે સ્થળ પર પહોંચ્યા હતા. નગરપાલિકાની ટીમે જેસીબી મશીનની મદદથી તમામ અસરગ્રસ્ત જગ્યાઓ પર યુદ્ધના ધોરણે પાણીના નિકાલની વ્યવસ્થા કરી નાગરિકોને રાહત અપાવી હતી. નીચાણવાળા કોઝવે અને પુલ પરથી પાણી ફરી વળતાં તેમજ મુખ્ય માર્ગો પર પાણી ભરાતાં અનેક રસ્તાઓ બંધ થઈ ગયા છે.

### પારડી તાલુકામાં ૧૦૩નું સલામત સ્થળાંતર

વલસાડ જિલ્લામાં ધોધમાર વરસી રહેલા સતત વરસાદને પગલે ખાસ કરીને પારડી તાલુકામાં સાવચેતીના ભાગરૂપે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા કુલ ૧૦૩ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. વલસાડ પૂર નિયંત્રણ કક્ષ પાસેથી મળતી વિગત મુજબ, વલસાડ જિલ્લાના પારડી તાલુકાના કુંભારીયા ગામમાં નીચાણવાળા વિસ્તારમાં આવેલા ઘરોમાં પાણી ભરાતા ૬ લોકો, પલસાણાગામમાં ૯ લોકો, તીઘરા ગામમાં ૩૯ લોકો, બગવાડા ગામમાં ૧૧ લોકો, ઉમરસાડી ગામમાં ૬ લોકો તથા આમળી ગામમાં ૩૨ લોકો મળી કુલ ૧૦૩ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું.

**નેમિનાથ ટ્રેડર્સ**

ખીલા વાયર વેલ્ડમેસ
ખીલી હુક જાળી નટબોલ્ટ


ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
**VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)**

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10



12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees

Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

## ગણદેવી તાલુકામાં વહીવટી તંત્ર દ્વારા રાતોરાત ૭૯૧ લોકોનું સુરક્ષિત સ્થળાંતર

### સ્થળાંતર કરાયેલા તમામ લોકો માટે ભોજન અને તબીબી સેવાની વ્યવસ્થા ઉપલબ્ધ કરાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૨ :** ગણદેવી તાલુકામાં સતત વરસી રહેલા અતિભારે વરસાદ અને લોકમાતાઓએ કાંઠા વટાવતા બુધવારે મોડી સાંજે પૂરની સ્થિતિ અત્યંત વણસી હતી, જેને પગલે રાત્રિ દરમિયાન સર્જાનારી કપરી હોનારતને ટાળવા માટે વહીવટી તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું. તંત્ર દ્વારા નીચાણવાળા અને જોખમી વિસ્તારોમાંથી કુલ ૭૯૧ પૂરગ્રસ્તોને સુરક્ષિત ઊંચા સ્થાનો પર સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા, જેમાં ઉંડાચ લુહાર ફળિયામાંથી સૌથી વધુ ૪૬૦, આંતલીયામાંથી ૭૬, બીલીમોરા નગરપાલિકા વિસ્તારમાંથી ૬૬, તોરણગામ માંથી ૬૪, ઉંડાચ વાણીયા ફળિયામાંથી ૬૨, દેવધામાંથી ૨૨, ગણદેવી નગરપાલિકામાંથી ૧૫, ભાટ ગામમાંથી ૧૪, તલીયારામાંથી ૧૦ અને તલોધમાંથી ૨ લોકોનો સમાવેશ થાય છે. પૂરગ્રસ્તોને આશ્રયસ્થાનો પર ખસેડી તેમના માટે રહેવા-જમવાની તથા જરૂરી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

## વલસાડમાં ભારે વરસાદ વચ્ચે જર્જરિત મકાન ધરાશાયી



(દમણગંગાટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** વલસાડ શહેરમાં ચાલુ ભારે વરસાદી માહોલ વચ્ચે એક મોટી હોનારત ટળી છે. શહેરના ધમધમતા અને મુખ્ય વિસ્તાર ગણાતા એમ.જી. રોડ પર આવેલું આશરે ૭૦ વર્ષ જૂનું એક મકાન ચોમાસાના ભારે વરસાદના કારણે અચાનક તૂટી પડ્યું હતું. જોકે, આ મકાન લાંબા સમયથી બંધ અને બિનરહેણાંક હોવાથી કોઈ મોટી જાનહાનિ થવા પામી ન હતી, જેથી સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

વલસાડમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા સતત અને ભારે વરસાદના કારણે આ જૂના મકાનની દીવાલો તેમજ છત પાણીથી નબળી પડી ગઈ હતી. મકાન અંદાજે સાત દાયકા જૂનું અને જર્જરિત હાલતમાં હોવાથી વરસાદી પાણીના ભાર અને ભેજના કારણે અચાનક કડડભૂસ થઈને ધરાશાયી થઈ ગયું હતું. ધમાકાભેર મકાન તૂટી પડતાં જ આસપાસના રહીશો અને વેપારીઓમાં ક્ષણભર માટે ભારે અફરાતફરી મચી ગઈ હતી. વલસાડના એમ.જી. રોડ વલસાડનો અત્યંત વ્યસ્ત માર્ગ હોવાથી સામાન્ય રીતે અહીં લોકોની ચહલપહલ વધુ હોય છે. પરંતુ જે સમયે આ ઘટના બની તે સમયે આસપાસ કોઈ હાજર ન હોવાથી તેમજ મકાન સંપૂર્ણપણે ખાલી હોવાને કારણે એક મોટો અકસ્માત અટક્યો હતો. ઘટનાની જાણ થતા વલસાડ નગરપાલિકા ફાયર બ્રિગેડ ની ટીમ, ઓફિસ સુપ્રીટેન્ડન કાર્તિકભાઈ દેસાઈ, ઘટના સ્થળે દોડી ગયા હતા.



ઉમરગામ તાલુકાના ખતલવાડ ખાતે ભારે વરસાદના કારણે ખાડીમાં જળસ્તર વધતાં લો લેવલ બ્રિજ પરથી પસાર થતી એક કાર પાણીમાં તણાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં ગ્રામ પંચાયતના ઉપસરપંચ અને સ્થાનિક આગેવાનો તાત્કાલિક સ્થળે દોડી આવ્યા અને કારચાલકને સુરક્ષિત રીતે બહાર કાઢ્યો. ત્યારબાદ દોરડાની મદદથી પાણીમાં તણાઈ ગયેલી કારને પણ બહાર કાઢવામાં આવી.સમયસર કરાયેલી કામગીરીને કારણે મોટી દુર્ઘટના ટળી.

## વલસાડ જિલ્લામાં વરસાદને પગલે ૩૨૬ માર્ગો વાહન વ્યવહાર માટે બંધ કરાયા




**વલસાડ, તા. ૨૨ :** વલસાડ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલા ભારે વરસાદના કારણે વલસાડ જિલ્લાના અનેક સ્થળોએ પાણી ભરાવા, માર્ગ ધોવાઈ જવા તેમજ પુલ-કલ્વર્ટ ઉપરથી પાણી વહેવાના કારણે માર્ગ અને મકાન (પંચાયત) હસ્તકના ૩૧૩ અને માર્ગ અને મકાન (સ્ટેટ) હસ્તકના ૧૩ મળી કુલ ૩૨૬ માર્ગો બંધ કરવામાં આવ્યા છે.

પંચાયત માર્ગ અને મકાન વિભાગ, વલસાડ દ્વારા તમામ અસરગ્રસ્ત સ્થળોએ રસ્તાઓ બંધ હોવાની સૂચના દર્શાવતા બેરિકેડ્સ મૂકવામાં આવ્યા છે, જેથી કોઈપણ પ્રકારની દુર્ઘટના ટાળી શકાય અને લોકો જોખમી માર્ગો પર અવરજવર ન કરે. વિભાગ દ્વારા વરસાદની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે તેમજ જ્યાં પાણીનું સ્તર ઘટી રહ્યું છે ત્યાં માર્ગોને વહેલી તકે ફરીથી વાહનવ્યવહાર માટે યોગ્ય (Traf-ficable) બનાવવા માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ આ માટે સતત કાર્યરત છે.

જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રી ભાવેશ પટેલના જણાવ્યા મુજબ, જિલ્લા વહીવટીતંત્ર અને પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે, વરસાદની સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી બંધ કરાયેલા માર્ગો પરથી પસાર થવાનો પ્રયાસ ન કરે, બેરિકેડ્સ દૂર ન કરે અને વહીવટી તંત્રની સૂચનાઓનું પાલન કરે. જાહેર જનતાનો સહકાર સુરક્ષા અને રાહત કામગીરીને વધુ અસરકારક બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

## વેજલપુરગામે ૨૦ ઘરોમાં પાણી ભરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** વલસાડના વેજલપોલ ગામમા ઔરંગા નદીના પાણી અચાનક ગામમાં ઘૂસી જતાં ૨૦થી વધુ ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા. જોકે, રાહતની વાત એ છે કે પરિસ્થિતિ વધારે વણસે તે પહેલાં જ ગામના સરપંચ, અન્ય સભ્યો અને સ્થાનિક આગેવાનોએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. તેઓએ જાતે પાણીમાં ઉતરીને ઘરોમાં ફસાયેલા લોકોને સહીસલામત બહાર કાઢ્યા છે અને તેમનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાવ્યું છે.

## વાંસદાના ખાનપુરનો માર્ગ ધોવાયો : અવરજવર બંધ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૨૨ :** નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના ખાનપુર ગામે ગવળી ફળિયા તરફ જતો માર્ગ સતત ભારે વરસાદના કારણે ધોવાઈ ગયો હોવાથી માર્ગ પર અવરજવર જોખમી બન્યો છે. લોકોની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા સંબંધિત તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી બેરીકેડ મૂકી માર્ગ બંધ કરવામાં આવ્યો છે. જ્યાં સુધી માર્ગનું સમારકામ પૂર્ણ ન થાય અને અવરજવર માટે સુરક્ષિત ન બને ત્યાં સુધી આ માર્ગ પરથી પસાર ન થવા ગ્રામજનો અને વાહનચાલકોને અપીલ કરવામાં આવે છે.

સ્થાનિક તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે તેમજ માર્ગના સમારકામ અને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. નાગરિકોને અનુરોધ કરવામાં આવે છે કે તેઓ બેરીકેડ દૂર કરવાનો કે બંધ માર્ગ પરથી પસાર થવાનો પ્રયાસ ન કરે તેમજ તંત્રના સૂચનોનું પાલન કરી સહકાર આપવા જણાવાયું છે.

### બીલીમોરાથી વઘઈ સુધી બનનારા ૬ માર્ગીય રસ્તાના કામ માટે

## ચીખલીના ગામોમાં ખેડૂતો અને દુકાનદારોની જગ્યાનું માપ સાથે લિસ્ટ જાહેર કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૨૨ :** બીલીમોરાથી વઘઈ સુધી બનનારા છ માર્ગે રસ્તાના કામ માટે ચીખલી તાલુકામાંથી પસાર થતા અસર કરતાઓની એક યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં બ્લોક નંબર અને સર્વે નંબરમાં કોની કેટલી જગ્યા જઈ રહી છે. તેનું માપ દર્શાવવામાં આવ્યું છે. ત્યારે આ યાદી જાહેર થતાં અસર કરતાઓમાં ચહલપહલ મચી જવા પામી છે.

બીલીમોરાથી વઘઈ સુધી ૬ માર્ગીય કોરિડોર રસ્તો બનવા જઈ રહ્યો છે. એની તૈયારીઓ સરકાર દ્વારા પૂરજોશમાં ચાલી રહી છે. જેના માટે સરકાર દ્વારા બજેટની પણ જોગવાઈ કરી દેવામાં આવી છે. ત્યારે આ છ માર્ગીય રસ્તો બીલીમોરા, ચીખલી, રાનકુવા, સુરખાઈ, વાંસદા અને વઘઈ સુધી બનાવવામાં આવશે જેમાં સરકાર દ્વારા ચીખલી તાલુકા સમાવિષ્ટ આવતા ગામો જેમાં વંકાલ, મજીગામ, સમરોલી, થાલા, ખૂંધ, આલીપોર, માણેકપુર, રેઠવાણીયા, ઉઢવળ, રાનકુવા, સુરખાઈ, કુકેરી વગેરે ગામોનો સમાવેશ થઈ રહ્યો છે જેમાં ૭૯૫ જેટલા અસર કરતાં રહ્યા છે અને કોની કેટલી જગ્યા રોડમાં જઈ રહી છે તેની એક યાદી જાહેર કરાતા ખેડૂતો અને દુકાનદારોમાં હલચલ મચી જવા પામી છે.

## વલસાડ માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળના સ્કિલ બેઝ શિક્ષણ દ્વારા નોકરીની ઉમદા તક

### સમાજના અગ્રણીઓએ નવસારીના ટ્રેનિંગ સેન્ટરની મુલાકાત લઈ વિવિધ ચાલતા ટ્રેડની ચર્ચા કરાઈ



(દમણગંગાટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** લાર્સન એન્ડ ટુબ્રો પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ મુંબઈના સહયોગથી ચાલતી ખારેલ, નવસારી ખાતે આવેલ અનિલ નાયક ટેકનિકલ ટ્રેનિંગ સેન્ટરના વિજ્ઞી રાવલ સરની સમાજ અગ્રણીઓ દ્વારા પ્રત્યક્ષ મુલાકાત લઈ, સમાજના આર્થિક રીતે નબળા પરિવારના વિદ્યાર્થીઓને માત્ર છ મહિનામાં સ્કિલ બેઝ શિક્ષણની સાથે નોકરીની ઉમદા તક અભ્યાસ, રહેવાનું, જમવાનું તેમજ શૈક્ષણિક કીટ સંપૂર્ણ વિના મૂલ્યે, તેમજ સેન્ટરમાં ચાલતા ૨૦ જેટલા ટ્રેડની વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી. સફળતા પૂર્વક કોર્સ પૂર્ણ કરનારને સર્ટિફિકેટ આપવામાં આવે છે.

સેન્ટરનું વિશાળ કેમ્પસ, અતિઆધુનિક લેબ, ડાયનિંગ હોલ, હોસ્ટેલ, ક્લાશરૂમ વગેરેની પ્રત્યક્ષ વિઝિટ વિક્રમ ભાઈ ના સહયોગથી કરવામાં આવ્યો હતો.

સમાજના આર્થિક રીતે નબળા પરિવારના વિદ્યાર્થીઓ માટે એક ઉત્તમ કક્ષાના સેન્ટરની મુલાકાત લેવાનો અવસર મળ્યો. ધો.૮થી ૧૨, આઈ. ટી. આઈ., ડિપ્લોમા કે ડિગ્રી થયેલ એવરેજ વિદ્યાર્થીઓ ટૂંકા ગાળાનો કોર્ષ કરી નોકરીની સારી તક મેળવી શકો.

વધુ જાણકારી માટે તથા સેન્ટરના તજજ્ઞ લેક્ચરર સાથે રાખવામાં આવનાર સેમિનારમાં જોડાવા માટે માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ વલસાડ નો સંપર્ક કરી શકો છો.

## વાંસદા કોલેજમાં શ્રી ઉમાશંકર જોશીની ૧૧૫મી જન્મજયંતિ ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૨૨ :** સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ વાંસદા ખાતે તા.૨૧/૦૭/ ૨૦૨૬ના રોજ ૧૦:૦૦ કલાકે આચાર્ય ડૉ.વાય.જે.મિસ્ત્રી અને ગુજરાતી વિભાગાધ્યક્ષ એસો.પ્રો. બી.ડી. ગામીતના માર્ગદર્શન હેઠળ ઉમાશંકર જોશીની ૧૧૫મી જન્મજયંતી ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.

ગુજરાતી વિભાગની વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના રજૂ કરી. સાથે ભોમિયા વિના મારે ભમવાતા ડુંગરા કાવ્યગાનથી કાર્યક્રમની શુભ શરૂઆત થઈ. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે કૉલેજના IQAC કૉ-ઓર્ડિનેટર એસો.પ્રો. અજીત પટેલ હાજર રહ્યા હતા. સાથે સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. કલ્પના બેન ડી. પટેલ, હિન્દી વિભાગ તરફથી. પ્રા.અલ્પેશભાઈ, ગુજરાતી વિભાગથી ડૉ.સંદીપ પટેલ, ગૌરવભાઈ બિરારી ઉપસ્થિત રહ્યાં હતાં. મુખ્ય વક્તા તરીકે ગુજરાતી વિભાગના અધ્યક્ષ એસો. પ્રો.બી.ડી. ગામીતે પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું. વિદ્યાર્થીઓને કંઈક વિશેષ આપવાના ઉદેશ સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પૂછાતા પ્રશ્નોની વિશેષ સંદર્ભો સાથે માહીતી આપી હતી. કવિ ઉમાશંકર જોશીનો કૌટુમ્બિક જીવન પરિચય આપી તેમનો અભ્યાસ, વ્યવસાય, સામાજિક અને રાજકીય કાર્ય તથા સાહિત્ય સર્જન વિશે PPT, VIDEO દ્વારા ઊંડી જ્ઞાનલક્ષી માહીતી આપી હતી. કવિનું વતન બામણા ગામ અને એમના જૂના ઘરની પોતે લિધેલી શુભેચ્છા મુલાકાતના ફૉટો બતાવી વિદ્યાર્થીઓને કવિના વતન પ્રદેશનો પરિચય કરાવ્યો હતો. ભારતના ભૂતપૂર્વ મહામહિમ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પોતાના વક્તવ્યમાં લિધેલ ગુજરાતી મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીની નોંધ સંદર્ભનો વિડિઓ બતાવી ગુજરાત પ્રદેશના ભારતીય અને વિશ્વ કવિ ઉમાશંકર જોશીનો મહિમા કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. કિરણ ગામીતે સંભાળ્યું હતું. અંતે ડૉ. સંદીપ પટેલે આભારવિધિ કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી હતી. સમગ્ર કાર્યક્રમના સંયોજક એસો.પ્રો.બી.ડી. ગામીત રહ્યા હતા. આ કાર્યક્રમની સફળતા માટે ગુજરાતી વિભાગ તથા કૉલેજ પરિવારે જહેમત ઊઠાવી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.

## નવસારીની ગીતામંદિર મા. શાળા પાટીનો રમતોત્સવમાં ઉત્કૃષ્ટ દેખાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૨૨ :** નવસારી જિ.શાળાકીય રમતોત્સવ વર્ષ ૨૦૨૬/૨૭- ખેરગામ તા. કક્ષાની વિવિધ રમતોનું આયોજન ગીતા મંદિર માધ્યમિક શાળા પાટી ખાતે થયું. કબડ્ડીની રમતમાં યજમાન શાળાના રમતવીરો એ -૧૭ ભાઈઓ/ બહેનો તા.માં પ્રથમ અને ૧૪ થી નાનાએ પણ ઉત્કૃષ્ટ દેખાવ કરી પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી શાળાની સિધ્ધીમાં સોનેરું પીછું ઉમેરાતા પાટી ગામમાં આનંદની લહેર ફેલાઈ ગઈ હતી.

કબડ્ડી રમત માટે તૈયાર કરનાર શિક્ષકને આચાર્ય રાકેશકુમાર પટેલે અભિનંદન આપ્યા હતા.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૩-૦૭-૨૦૨૬, **વાર :** ગુરુવાર **તિથિ :** અષાઢ, નોમ **સૂર્યોદય :** ૦૬ : ૧૦ **સૂર્યાસ્ત** ૦૭ :૨૧, **ચંદ્રોદય** - ૦૧:૩૫ **ચંદ્રાસ્ત** - ૧૨:૪૩ **ચંદ્ર રાશિ :** તુલા, **નક્ષત્ર** - સ્વાતિ

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજે તમારી ધીરજની કસોટી થઈ શકે છે. કાર્યસ્થળ પર જવાબદારીઓ વધવાથી દોડધામ રહેશે. ઉતાવળમાં કોઈ પણ નાણાકીય નિર્ણય લેવાનું ટાળવું.

**વૃષભ (બ, વ, ઉ) :** તમારા અટકેલા કાર્યો ફરી ગતિ પકડશે. વેપારમાં પ્રગતિની તકો છે. પારિવારિક વાતાવરણ સુખદ રહેશે, પરંતુ અચાનક ખર્ચ વધવાની સંભાવના છે.

**મિથુન (ક, ઘ, ચ) :** જૂના મતભેદો દૂર થશે અને માનસિક શાંતિનો અનુભવ કરશો. નાણાકીય બાબતોમાં સાવધાની રાખવી. કોઈપણ પ્રકારના મોટા રોકાણ માટે સમય અનુકૂળ નથી.

**કર્ક (ડ, હ) :** ભાગીદારીના વેપારમાં સાવધાન રહેવું. પારિવારિક જીવનમાં સુમેળ જળવાઈ રહેશે. આજે તમને કોઈ નવી અને સારી તક મળી શકે છે.

**સિંહ (મ, ટ) :** વ્યવસાયિક ક્ષેત્રે સફળતા મળશે, પરંતુ માનસિક તણાવથી દૂર રહેવું. આજે આરામ કરવો અને સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું ફાયદાકારક રહેશે.

**કન્યા (પ, ઠ, ણ) :** આજે કોઈ મહત્વપૂર્ણ અને સાર્થક નિર્ણય લઈ શકો છો. બિનજરૂરી ખર્ચ પર કાબૂ રાખવો. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સમય સારો છે.

**તુલા (ર, ત) :** સામાજિક સંબંધોમાં ધીરજ રાખવાની જરૂર છે. જીવનસાથી સાથે વિવાદ ટાળવો અને વાણીમાં સંયમ રાખવો. સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકાર ન રહેવું.

**વૃશ્ચિક (ન, ય) :** આર્થિક દ્રષ્ટિએ દિવસ થોડો પડકારજનક રહેશે. વાહન ચલાવતી વખતે વિશેષ સાવચેતી રાખવી. ગુસ્સા પર નિયંત્રણ રાખવું તમારા માટે હિતાવહ છે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** તમારી આર્થિક સ્થિતિને મજબૂત બનાવવા માટે પ્રયત્નો કરશો. આજે કોઈ કિંમતી વસ્તુ ખરીદતા પહેલા વડીલોની સલાહ લેવી. પોતાની જાત પર વિશ્વાસ રાખવો.

**મકર (ખ, જ) :** તમારી રાશિમાં ચંદ્રનું ગોચર થઈ રહ્યું છે. અગાઉ કરેલા કાર્યોના સારા પરિણામો આજે મળશે. કોઈ જૂની ચિંતામાંથી મુક્તિ મળશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** વ્યવસાયિક બાબતોમાં કોઈ પર આંધળો વિશ્વાસ ન કરવો. વધતા ખર્ચને લીધે માનસિક દબાણ અનુભવાય. ધીરજ રાખીને પરિસ્થિતિને સંભાળવી.

**મીન (દ, ચ, થ, ઝ) :** આત્મવિશ્વાસમાં વધારો થશે. વેપારમાં અટકેલા નાણાં પરત મળી શકે છે. પરિવાર સાથે સમય વિતાવવો લાભદાયી રહેશે અને માનસિક શાંતિ મળશે.

## દમણ રેડિયો

**102.3 FM**

ગુરુવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૬૩૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 2 | 4 | | | | 9 | |
| | | 5 | 8 | | | | | 2 |
| | 9 | | | 6 | | | | |
| 7 | 6 | | 3 | | | | | 8 |
| | | 9 | | | | 4 | | |
| 5 | | | | | 4 | | 1 | 3 |
| | | | | 8 | | | 3 | |
| 9 | | | | | 7 | 2 | | |
| | 8 | | | | 2 | 6 | 7 | 5 |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૩૩નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 8 | 4 | 9 | 2 | 5 | 1 | 6 | 3 |
| 6 | 1 | 3 | 4 | 8 | 7 | 9 | 5 | 2 |
| 2 | 5 | 9 | 1 | 3 | 6 | 8 | 4 | 7 |
| 9 | 3 | 5 | 8 | 4 | 2 | 7 | 1 | 6 |
| 8 | 4 | 7 | 6 | 9 | 1 | 3 | 2 | 5 |
| 1 | 2 | 6 | 7 | 5 | 3 | 4 | 8 | 9 |
| 4 | 7 | 2 | 5 | 1 | 9 | 6 | 3 | 8 |
| 5 | 6 | 8 | 3 | 7 | 4 | 2 | 9 | 1 |
| 3 | 9 | 1 | 2 | 6 | 8 | 5 | 7 | 4 |

# વલસાડના નીચાણવાળા વિસ્તારોનું જીલ્લા કલેક્ટરે નિરીક્ષણ કર્યુ

### કાશ્મીરા નગર વિસ્તારના આશરે ૨૫૦ થી ૩૦૦ લોકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** વલસાડ જિલ્લામાં અતિભારે વરસાદને પગલે રેડ એલર્ટ જાહેર કરાતા જિલ્લા કલેકટર નીતિન સાંગવાને અગમચેતીના ભાગરૂપે વલસાડ શહેરના નીચાણવાળા વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ આ વિસ્તારોનું નિરીક્ષણ કર્યું હતું. તેમજ સંબંધિત વિભાગોને દરેક પરિસ્થિતિને પહોંચી વળવા માટે જરૂરી સૂચનો કર્યા હતાં. ઔરંગા નદીમાં પાણીનું સ્તર ઉંચુ આવતા કાશ્મીરા નગર અને આસપાસના રહેવાસીઓનું સાવચેતીના ભાગરૂપે સ્થળાંતર કરવામાં આવ્યું છે. અંદાજિત ૨૫૦થી ૩૦૦ લોકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. રામલલ્લા હોલ ખાતે આશ્રય સ્થાનમાં તેમના રહેવા અને ભોજનની વ્યવસ્થા વલસાડ નગરપાલિકા દ્વારા કરવામાં આવી છે.

સમગ્ર જિલ્લામાં ભારે વરસાદ વરસી રહ્યો હોવાથી વલસાડ જિલ્લા કલેકટરએ આજે સવારે વલસાડ શહેરના નીચાણવાળા વિસ્તારોની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન જિલ્લા કલેકટરએ વલસાડ નગરપાલિકા, વલસાડ પોલીસ અને એનડીઆરએફની ટીમ સાથે ભારે વરસાદની પરિસ્થિતિમાં જરૂરી તકેદારીના પગલાં પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. કલેકટરએ ભારે વરસાદની પરિસ્થિતિમાં જિલ્લા વહીવટી તંત્રની ટીમ ખડેપગે તૈનાત છે એમ જણાવી જાહેર જનતાને સાવચેત રહેવા અને વહીવટી તંત્રની સૂચનાઓ પર ધ્યાન આપવા અપીલ કરી હતી.

જિલ્લા કલેકટરની આ મુલાકાત વેળા વલસાડ પ્રાંત અધિકારી વિમલ પટેલ, વલસાડ મામલતદાર વિકાસ વાઘેલા અને વલસાડ નગરપાલિકાના ચીફ ઓફિસર સહિતના અધિકારીઓ સાથે રહ્યા હતા.

# હનમતમાળ-આવધા માર્ગ પર પુલની રેલિંગનું સમારકામ ક્યારે કરાશે?



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૨ :** ધરમપુર તાલુકાનાં હનમતમાળથી આવધા તરફ જતા મુખ્ય માર્ગ પર દળવીપાડા નજીક આવેલા પુલની રેલિંગ છેલ્લા કેટલાય સમયથી તૂટી જતાં નીચેના ભાગે ગરકાવ થઈ ગઈ હોવા છતાં હજુ સુધી તેનું સમારકામ કરવામાં આવ્યું નથી. મહત્વની બાબત એ છે કે પુલની રેલિંગ આવેલી જગ્યાએ મોટો વળાંક હોવાથી અહીં અકસ્માતની શક્યતાને નકારી શકાય તેમ નથી. તેમ છતાં તંત્ર દ્વારા તૂટેલી રેલિંગને ફરીથી યોગ્ય રીતે ઊભી કરી વળાંકવાળી જગ્યાએ લગાવવાની તસ્દી લેવામાં ન આવતાં બાંધકામ વિભાગની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. આ ઉપરાંત પુલની બાજુમાં કરવામાં આવેલ માટીનું પુરાણ પણ ધોવાઈ જતાં માર્ગની સુરક્ષા સામે વધુ એક ગંભીર પ્રશ્નો ઊભો થયો છે. હનમતમાળથી આવધા તરફનો આ માર્ગ ૨૪ કલાક વાહનવ્યવહારથી ધમધમતો રહે છે અને સતત વાહનોની અવરજવર વચ્ચે પુલની તૂટેલી રેલિંગ અને ધોવાયેલું પુરાણ ગંભીર જોખમ ઊભું કરી રહ્યા છે. આ અંગે વિસ્તારના સામાજિક કાર્યકર ચંપક ધનગરિયાએ જણાવ્યું હતું કે, આ માર્ગ પર સતત વાહનવ્યવહાર રહેતો હોવાથી કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે તૂટેલી રેલિંગનું યોગ્ય રીતે સમારકામ કરી તેને ફરીથી વળાંકવાળી જગ્યાએ સુરક્ષિત રીતે ગોઠવવામાં આવે તે જરૂરી બન્યું છે. સ્થાનિકોમાં સવાલ ઉઠી રહ્યો છે કે, પુલની રેલિંગ તૂટી નીચેના ભાગે ગરકાવ થઈ ગઈ છે અને માટીનું પુરાણ પણ ધોવાઈ ગયું હોવા છતાં તંત્ર ક્યારે જાગશે? શું કોઈ અઘટિત ઘટના ની રાહ જોઈ રહી છે? જાહેર બાંધકામ વિભાગના જવાબદાર અધિકારીઓ દ્વારા આ ગંભીર બાબતને તાત્કાલિક ધ્યાને લઈ રેલિંગનું સમારકામ અને ધોવાયેલું માટીનું પુરાણ વહેલી તકે કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# વલસાડનો ૫૫મો 'પુસ્તક પરિચય' કાર્યક્રમ માની હાઈ.માં ઉજવાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રીતનિધિ)

**કપરાડા, તા. ૨૨ :** પુસ્તક પરિચય વલસાડે ની સફરનો ૫૫મો મણકો તાલુકા કપરાડાના પર્વતીય પ્રદેશમાં આવેલ પૂજ્ય મોટા હાઈસ્કૂલ, માની ખાતે યોજાયો. જાન્યુઆરી ૨૦૨૨ માં ડૉ. આશા ગોહિલ, નીલમભાઈ પટેલ (ખોબા) અને હાર્દિક પટેલના એક સંકલ્પબીજમાંથી અંકુરિત થયેલ આ ઉપક્રમ દર મહિને યોજાય છે. વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત અને ભારતીય જન સેવા સંસ્થાન સંચાલિત નર્મદા વિદ્યા સંકુલના સહયોગથી આયોજિત આ કાર્યક્રમનો શુભારંભ પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી થયો. વિદ્યાર્થીનીઓએ હાથે બનાવેલા ગુલદસ્તાથી મહેમાનોનું સ્વાગત કર્યું.

આ પ્રસંગે હાઈસ્કૂલના ટ્રસ્ટી નવીનભાઈ અને ભરૂચ કોલેજના પ્રા. ડૉ. દીપકભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. વર્ષાઋતુના મનોહર વાતાવરણમાં ઘાટવાળા રસ્તાઓ પાર કરીને ૭-૮ ગાડીઓમાં ૩૫ જેટલા પુસ્તકપ્રેમીઓ માની પહોંચ્યા હતાં. કાર્યક્રમને સફળ બનાવવામાં હાઈસ્કૂલના આચાર્ય ટીનાબેન, ગૃહમાતા જશવંતીબેન, ભેંસધરા હાઈસ્કૂલના શિક્ષિકા વંદનાબેન સોલંકી અને પ્રકાશભાઈ મકવાણાના સહકારથી આયોજિત આ કાર્યક્રમમાં પુસ્તકો વિશે વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી ખૂબ સરસ પુસ્તકમય વાતાવરણ બની રહ્યું. પુસ્તક પરબ,વલસાડ તરફથી વિદ્યાર્થીઓના ઈતરવાંચન માટે પુસ્તકો ભેટમાં આપવામાં આવ્યા. હેમંત ગોહિલ તરફથી એમના માતૃ પાલીબેન ખંડુભાઈ ગોહિલની સ્મૃતિમાં ૧૦૦ જેટલાં પુસ્તકો માટે આર્થિક સહાય મળી.

કાર્યક્રમના પ્રથમ વિભાગમાં હાર્વી રોહિત એ વિદ્યાર્થી નંબર વન પુસ્તકનો અત્યંત સરસ પરિચય આપ્યો. સમર્થ પટેલ, આરુષ જોષી અને દેવશ્ય મકવાણાએ પ્રેરણા, "લાફિંગ સ્કલ" અને રીચ ડેડ પુઅર ડેડ નો પરિચય આપ્યો. વિવાન મેકવાને "બા મને ચપટી વગાડતા આવડી ગઈ" ગીત ગાયને સૌને બાળપણમાં મોકલી દીધા. પુસ્તક પરિચયના અન્ય સભ્યો દ્વારા પૂર્તિ તથા પ્રશ્નો પણ થતા રહ્યા. નીલમભાઈ (ખોબા), ડૉ. રામચંદ્ર જોશીએ પ્રાસંગિક ઉદ્દબોધન કર્યા હતાં. શાળાના શિક્ષિકા જિજ્ઞાસાબેને કાર્યક્રમના અંતે આભારવિધિ કરી હતી. સુથારપાડા, ગિરનારાના વર્ષાબેન ચૌધરી એ વર્ષા ગીતોની રમઝટથી ઉપસ્થિતોને મંત્રમુગ્ધ કરી દીધા. બાળપણ અને વર્ષાઋતુની સ્મૃતિઓ તાજી થતા સૌએ ખૂબ આનંદ માણ્યો. બે વિભાગમાં સંપન્ન થયેલ આ કાર્યક્રમ સાહિત્ય, સંગીત અને પ્રકૃતિના ત્રિવેણી સંગમ સમાન રહ્યો. પુસ્તકોની આ યાત્રા આવી જ અવિરત ચાલતી રહે એવી આશા પણ વ્યક્ત થઈ.

# ગોઈમામાં કિસાન ગોષ્ઠી તાલીમ કાર્યક્રમ યોજાયો

**પારડી, તા. ૨૨ :** વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં ગોઈમા ગામમાં આત્મા પ્રોજેક્ટ દ્વારા કિસાન ગોષ્ઠી તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નવસારી કૃષિ યુનિવર્સિટીના સાયન્ટીસ ડો. નિરવ ગાજરે પ્રાકૃતિક ખેતી કેમ કરવું જોઈએ, પ્રાકૃતિક ખેતી કરવાથી ખેડૂતને થતા ફાયદા અને રાસાયણિક ખાતરથી ખેડૂતો અને ખેતરને શું નુકસાન થાય છે એના વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. ગ્રામ સેવક સ્નેહલબેન પટેલ દ્વારા પ્રાકૃતિક ખેતીમાં રોગ જીવાત નિયંત્રણ કેવી રીતે કરવું તે અંગે ઉપયોગી વિવિધ અસ્ત્રો વિશે સમજણ આપવામાં આવી હતી. આ અસ્ત્રો આપણે કેવી રીતે તૈયાર કરી શકીએ અને કેટલા પ્રમાણમાં એનો છંટકાવ કરવો જોઈએ એના વિશે માહિતી આપી હતી. આ સિવાય પ્રાકૃતિક ખેત પેદાશોનું મૂલ્યવર્ધન કેવી રીતે કરવું જોઈએ અને ખેત પેદાશોના વેચાણ વ્યવસ્થા વિશે ખેડૂતોને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સોહિલ ગાવીત, આત્મા સ્ટાફ હેમાક્ષીબેન ટંડેલ અને સરપંચ જ્યોતિબેન પી. પટેલ સહિત ખેડૂતોએ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

# દાદરામાં 'દાદરા મુક્તિ દિવસ'ની ઉજવણી







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૨ :** દાદરા ગ્રામ પંચાયતે દાદરા મુક્તિ દિવસની ઉજવણી માટે એક ભવ્ય સમારોહનું આયોજન કર્યું હતું. ભાજપના પ્રદેશ પ્રમુખ મહેશભાઈ અગરિયાએ બહાદુર સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને શ્રદ્ધાંજલિ આપી હતી.

૨૨ જુલાઈ, ૨૦૨૬, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરાના ૭૩મા મુક્તિ દિવસના શુભ પ્રસંગે, દાદરા ગ્રામ પંચાયતે આનંદ અને દેશભક્તિના વાતાવરણમાં એક ભવ્ય સમારોહનું આયોજન કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રધ્વજ લહેરાવીને અને રાષ્ટ્રગીત ગાવાથી થઈ હતી. ત્યારબાદ, દાદરા મુક્તિ યુદ્ધના બહાદુર શહીદો અને સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી, જેમાં તેમની અપ્રતિમ હિંમત, બલિદાન અને આત્મબલિદાનને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં પંચાયતના જન પ્રતિનિધિઓ, મહાનુભાવો, સામાજિક સંગઠનોના પ્રતિનિધિઓ, યુવાનો અને મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વક્તાઓએ દાદરા મુક્તિ યુદ્ધના ગૌરવશાળી ઈતિહાસને યાદ કર્યો અને જણાવ્યું કે ૨૨ જુલાઈ, ૧૯૫૪ના રોજ, બહાદુર સ્વાતંત્ર્ય સેનાનીઓની અદમ્ય હિંમત અને બલિદાનને કારણે દાદરા પોર્ટુગીઝ શાસનથી મુક્ત થયું હતું.

આ ઐતિહાસિક દિવસ દેશભક્તિ, રાષ્ટ્રવાદ અને સ્વતંત્રતા સંગ્રામને પ્રેરણા આપતો રહે છે. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ, ભારતીય જનતા પાર્ટી, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના પ્રદેશ અધ્યક્ષ મહેશભાઈ અગરિયાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે દાદરા મુક્તિ દિવસ માત્ર એક ઐતિહાસિક તારીખ નથી, પરંતુ દેશભક્તિ, બલિદાન અને આત્મસન્માનનું પ્રતીક છે. આ પ્રસંગે, ભાજપના પ્રદેશ મહામંત્રી સુનિલ પાટીલ, સિલવાસા ગ્રામીણ જિલ્લા પ્રમુખ દીપક પ્રધાન, દાદરા અને નગર હવેલી જિલ્લા પંચાયત પ્રમુખ નિશાબેન ભવર, દાદરા ગ્રામ પંચાયત સરપંચ ભારતીબેન હળપતિ, ઉપસરપંચ કમલેશ દેસાઈ, ગ્રામ પંચાયત પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો હાજર રહ્યા હતાં.

કાર્યક્રમના અંતે, દાદરા ગ્રામ પંચાયત વતી, ૭૩મા દાદરા મુક્તિ દિવસ પર તમામ નાગરિકોને હાર્દિક શુભેચ્છાઓ આપવામાં આવી હતી અને બહાદુર શહીદોના અમર બલિદાનને હંમેશા યાદ રાખવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# દમણની શ્રીનાથજી સ્કુલમાં જાગૃતિ કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૨ :** દમણ ના આરોગ્ય વિભાગ દ્વારા આજરોજ શ્રીનાથજી સ્કૂલ ખાતે ડેપ્યુટી કલેકટર આરતી અગ્રવાલની અધ્યક્ષતામાં એચપીવી વેક્સિનેશન માટેની અવેરનેસ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શ્રીનાથજી સ્કૂલ, હોલી ટ્રેનીટી, દિવ્ય જ્યોતિ અને અન્ય બિન અનુદાનિત શાળાઓના વાલીઓએ ભાગ લીધો હતો અને આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા વાલીઓને આ વેક્સિનની અગત્યતા જણાવવામાં આવી હતી અને આ અંગે જાગરૂકતા લાવવા સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

### આકાશવાણી વડોદરા કેન્દ્ર પર 'આદિવાસી સમાજમાં શિક્ષણની દિશા અને મર્યાદા' વિષયે

# સિદુમ્બર વનવાસી હાઈસ્કુલના આચાર્યનો રેડિયો વાર્તાલાપ રજુ થશે





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૨ :** ધરમપુર તાલુકાના સિદુમ્બર સ્થિત વનવાસી હાઈસ્કૂલના આચાર્ય રાજેશ પટેલ આકાશવાણી વડોદરા કેન્દ્ર પરથી વિશેષ રેડિયો વાર્તાલાપમાં જોડાશે. આ વાર્તાલાપનો વિષય આદિવાસી સમાજમાં શિક્ષણની દિશા અને મર્યાદા છે. આ કાર્યક્રમમાં આદિવાસી સમાજમાં શિક્ષણની વર્તમાન સ્થિતિ, શિક્ષણ ક્ષેત્રે રહેલી તકો અને પડકારો, તેમજ આદિવાસી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જરૂરી બાબતો અંગે શ્રી રાજેશ પટેલ પોતાના વિચારો રજૂ કરશે.તેઓ અવાર નવાર સમાજ, સંસ્કૃતિ અને સંસ્કારને અનુલક્ષી ખૂબ જ સક્રિય રીતે પ્રવૃત્તિશીલ રહ્યા છે.

આ વિશેષ રેડિયો વાર્તાલાપનું પ્રસારણ તા.૨૩ જુલાઈ, ગુરુવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે આકાશવાણી વડોદરા પરથી કરવામાં આવશે. આદિવાસી સમાજના શિક્ષણ અને વિકાસ સાથે સંકળાયેલા સૌ વાલીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષણપ્રેમીઓ અને શ્રોતાઓને આ મહત્વપૂર્ણ કાર્યક્રમ સાંભળવા માટે હાર્દિક અપીલ કરવામાં આવે છે અને શિક્ષણથી વંચિત રહી જતા બાળકોને માર્ગદર્શન આપી આંગળી ચીંધ્યાના પૂણ્યમાં સહભાગી થવા અનુરોધ કર્યો છે.

# ખારવેલમાં દીપડો દેખાતા ફફડાટ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૨ :** ધરમપુર તાલુકાના ખારવેલ ગામના માયાવંશી ફળિયામાં વિજયભાઈ સુરતીના મકાન આગળ આજરોજ દીપડો દેખાતા ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. રહેણાંક વિસ્તાર નજીક દીપડો દેખાતા લોકોમાં દોડધામ મચી હતી.

ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી નાની ઢોલ ડુંગરી, કાંગવી અને મોટી ઢોલ ડુંગરી સહિતના વિસ્તારોમાં પણ દીપડાની હાજરીથી ગ્રામજનોમાં ચિંતા જોવા મળી હતી. અગાઉ વન વિભાગ દ્વારા ગોઠવાયેલા પાંજરામાં દીપડી અને તેના બે બચ્ચાં કેદ થયા હતા,

જેને બાદમાં વન વિભાગ દ્વારા વઘઈ ફોરેસ્ટ વિસ્તારમાં સુરક્ષિત રીતે મુક્ત કરવામાં આવ્યા હતા.

હવે ફરી ખારવેલના રહેણાંક વિસ્તારમાં દીપડો દેખાતા વન વિભાગની ટીમ દ્વારા સ્થળ પર પહોંચી તેની હિલચાલ પર નજર રાખવામાં આવી રહી છે. વન વિભાગે ગ્રામજનોને સાવચેતી રાખવા અને દીપડાથી દૂર રહેવા સુચનો કર્યા હતાં.

### ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકની વીમા યોજના બની આશીર્વાદ

# નરોલીમાં મૃતક કર્મચારીના પરિવારને રૂા. ૧૫ લાખનો ચેક અર્પણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૨ :** ટપાલ વિભાગ હસ્તકની ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (IPPB)ની અકસ્માત વીમા યોજના એક પરિવાર માટે સંકટ સમયની સાંકળ સાબિત થઈ છે. નરોલી ગ્રામ પંચાયતના એક કર્મચારીનું અકસ્માતમાં મોત નિપજ્યા બાદ પોસ્ટ વિભાગે ગણતરીના દિવસોમાં જ તેમના પરિવારને રૂપિયા ૧૫ લાખનો વીમા ક્લેમ મંજૂર કરીને ચેક અર્પણ કર્યો હતો.

વલસાડ ડિવિઝનના સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ, જે. આર. વશીએ નરોલી ગ્રામ પંચાયતની મુલાકાત લીધી હતી અને સ્વર્ગસ્થ કર્મચારી મુકુલ સંતોષભાઈ દાવડાના પરિવારજનોને રૂા.૧૫ લાખનો ચેક આપ્યો હતો. જે. આર. વશીએ જણાવ્યું હતું કે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા વાર્ષિક માત્ર રૂ. ૭૫૫ના પ્રીમિયમ પર રૂ. ૧૫ લાખનું અકસ્માત વીમા કવચ પૂરું પાડવામાં આવે છે. આ યોજના હેઠળ માત્ર ૨૨થી ૨૩ દિવસમાં જ ક્લેમની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. આ પ્રક્રિયા સંપૂર્ણ ઓનલાઈન છે અને પોસ્ટ ઓફિસનો સ્ટાફ ગ્રાહકોને દસ્તાવેજો જમા કરાવવામાં પૂરી મદદ કરે છે.

પંચાયતના સ્ટાફે લીધો ૫૦ લાખનો વીમો આ પ્રસંગે ઉપસ્થિત નરોલી ગ્રામ પંચાયતના ચૂંટાયેલા જનપ્રતિનિધિ યોગેશ સોલંકીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, બરાબર એક વર્ષ પહેલાં પંચાયતના તમામ સ્ટાફે આ વીમા પોલિસી લીધી હતી. ત્રણ મહિના પહેલા મુકુલભાઈનું અકસ્માતમાં દુઃખદ અવસાન થયું હતું. પોસ્ટ વિભાગ દ્વારા આટલી ઝડપથી ક્લેમ મંજૂર થતાં, આજે નરોલી પંચાયતના ૧૮ થી ૨૦ જેટલા કર્મચારીઓએ રૂ. ૨,૬૨૫નું પ્રીમિયમ ભરીને રૂા.૫૦ લાખનો અકસ્માત વીમો લીધો છે.

# સેલવાસમાં સ્વચ્છતા વિભાગની સા.સભા મળી

### વૈજ્ઞાનિક રીતે ડમ્પ કરાતી સાઈટનું સ્થળ નિરીક્ષણ કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૨ :** સ્વચ્છતા વિભાગની એક મહત્વપૂર્ણ સામાન્ય સભા આજે બપોરે ૧૨:૦૦ વાગ્યે મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફિસ ખાતે યોજાઈ હતી. સ્વચ્છતા સમિતિના અધ્યક્ષ અને વોર્ડ નં.૮ના કાઉન્સિલર જીનલ પટેલના અધ્યક્ષસ્થાને અને મ્યુનિસિપલ ચેરમેન સોમનાથ પાટિલ, સ્વચ્છતા અધિકારી મૌલિક દવે, સ્વચ્છતા નિરીક્ષક હરેશભાઈ પટેલ અને રાકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં આ બેઠક યોજાઈ હતી.

બેઠકમાં તમામ ૧૫ મ્યુનિસિપલ વોર્ડના સુપરવાઈઝર અને સ્વચ્છતા વિભાગના કર્મચારીઓ હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન, સ્વચ્છતા, દૈનિક દિનચર્યાઓ, ઘરે ઘરે કચરો સંગ્રહ, વિસ્તાર-વિશિષ્ટ સમસ્યાઓ, કર્મચારીઓની જવાબદારીઓ, સમયસર કાર્ય અમલીકરણ અને નાગરિકોને વધુ સારી સ્વચ્છતા સેવાઓ પૂરી પાડવા જેવા મહત્વપૂર્ણ વિષયો પર તમામ સુપરવાઈઝર અને કર્મચારીઓ સાથે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. તમામ કર્મચારીઓના કાર્યની સમીક્ષા કરવામાં આવી હતી, તેમની સમસ્યાઓ અને સૂચનો સાંભળવામાં આવ્યા હતાં, અને સ્વચ્છતા વ્યવસ્થાને વધુ અસરકારક, શિસ્તબદ્ધ અને સુવ્યવસ્થિત બનાવવા માટે જરૂરી માર્ગદર્શિકા આપવામાં આવી હતી. બેઠક બાદ, ડમ્પ પ્લાન્ટ, જ્યાં શહેરના એકત્રિત કચરાને વૈજ્ઞાનિક રીતે ડમ્પ કરવામાં આવે છે અને તેનું સંચાલન કરવામાં આવે છે, તેનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું. નિરીક્ષણ દરમિયાન, ત્યાંની વ્યવસ્થાઓનું અવલોકન કરવામાં આવ્યું, અને કચરાના નિકાલની વ્યવસ્થાને સુધારવા અને વધુ અસરકારક બનાવવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી. સ્વચ્છ, સુંદર અને સ્વસ્થ શહેર બનાવવું એ આપણી સામૂહિક જવાબદારી છે, અને મ્યુનિસિપલ કોર્પોરેશન આ દિશામાં પ્રતિબદ્ધતા સાથે કામ કરવાનું ચાલુ રાખશે.

# સેલવાસમાં રખડતા ઢોરોથી ખેડૂતોના પાકને નુકસાનને લઈ કલેક્ટરને રજૂઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૨ :** દાદરા અને નગર હવેલીમાં ચાલુ ચોમાસામાં સારો વરસાદ થતાં ખેડૂતો ડાંગરની રોપણી તેમજ અન્ય પાકોની વાવણીમાં વ્યસ્ત બન્યા છે. પરંતુ બીજી તરફ રખડતા અને ખુલ્લા ફરતા ઢોરોના વધતા ત્રાસથી ખેડૂતોના ઉભા પાકને ભારે નુકસાન થઈ રહ્યું છે. આ ગંભીર સમસ્યાને લઈને સેલવાસ નગરપાલિકાના વોર્ડ નં. ૧૫ના કાઉન્સિલર સુમનભાઈ ઠાકોરભાઈ પટેલે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક અને કાયમી ઉકેલ લાવવાની માંગ કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે દાદરા અને નગર હવેલી તેમજ સેલવાસ નગરપાલિકા વિસ્તારના અનેક સ્થળોએ ૨૦થી ૨૫ કે તેથી વધુ સંખ્યામાં રખડતા પશુઓ ખુલ્લેઆમ ફરી રહ્યા છે. આ પશુઓ ખેતરોમાં ઘૂસી ડાંગરના રોપા સહિત અન્ય પાકને ચરી જતા ખેડૂતોને ભારે આર્થિક નુકસાન સહન કરવું પડી રહ્યું છે.

કાઉન્સિલર સુમન પટેલે રજૂઆતમાં જણાવ્યું છે કે પશુઓનું સંરક્ષણ જરૂરી છે, પરંતુ ખેડૂતોની મહેનત અને તેમની આજીવિકાનું રક્ષણ કરવું પણ એટલું જ મહત્વનું છે. ડોકમરડી સ્થિત ગૌશાળામાં પણ પશુઓની સંખ્યા વધુ હોવાનું તેમણે ધ્યાન દોર્યું છે. ખેડૂતો અને સ્થાનિક આગેવાનો તરફથી આ મુદ્દે સતત ફરિયાદો મળી રહી હોવાનું પણ તેમણે જણાવ્યું છે.

તેમણે કલેક્ટરને રખડતા પશુઓને નિયંત્રણમાં લેવા, ખેડૂતોના પાકને થતા નુકસાનને અટકાવવા તથા સંબંધિત વિભાગો મારફતે પશુપાલકોને પોતાના પશુઓ ખુલ્લા ન છોડવા અંગે જાગૃત કરવાની માંગ કરી છે. સાથે જ આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવી ખેડૂતોના હિતનું રક્ષણ કરવામાં આવે તેવી અપીલ પણ કરી છે.

# વિશેષ વાંચન

## ચર્ચાનો ચોતરો

**નોંધઃ** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. **-સંપાદક**

## યોગ્યતા, યોગ અને યુગ



*'જે યોગ્ય હોય છે યોગ તેના માટે આવે છે, અયોગ્ય માટે ક્યારેય યોગ નથી હોતા.'*

- પૂજ્ય મોરારીબાપુ

પૂજ્ય મોરારીબાપુનું આ કથન માનવ જીવનના એક અતિ ગૂઢ અને વ્યાવહારિક સત્ય તરફ આપણું ધ્યાન દોરે છે. સામાન્ય રીતે માણસ પોતાના જીવનમાં અનુકૂળ પરિસ્થિતિઓ, તકો અને સફળતા મેળવવા માટે અધીરો બનતો હોય છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે તક કે અનુકૂળ યોગ એમને એમ મળતા નથી; તે મેળવવા માટે વ્યક્તિમાં યોગ્યતા હોવી અનિવાર્ય છે. ગુજરાતી ભાષાના આ ત્રણ શબ્દો - 'યોગ્ય', 'યોગ' અને 'યુગ' પ્રથમ દ્રષ્ટિએ માત્ર શબ્દોનો પ્રાસ કે અલંકાર લાગે, પરંતુ ઊંડાણપૂર્વક વિચારતા જણાય છે કે આ ત્રણેય શબ્દો એકબીજાના પૂરક છે અને માનવ જીવનના વિકાસની સમગ્ર યાત્રાને વણી લે છે.

આપણે સૌ કર્મ-ધાન યુગમાં જીવી રહ્યા છીએ. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે પણ કર્મની શ્રેષ્ઠતાનો મહિમા ગાયો છે. કૃષ્ણનો સ્પષ્ટ સંદેશ છે કે આ સંસારમાં જે કર્મ કરે છે તે યોગ્યતા પ્રાપ્ત કરે છે. જ્યારે માણસ પોતાના ક્ષેત્રમાં સતત મહેનત, સમર્પણ અને નીતિમત્તાથી કર્મ કરે છે, ત્યારે તે ધીમે ધીમે પાત્રતા કે યોગ્યતા -ાપ્ત કરે છે. આ સૃષ્ટિનો નિયમ છે કે કુદરત પણ તેને જ શ્રેષ્ઠ તક આપે છે જે તેને સાચવવા માટે યોગ્ય હોય. તેથી જ જે વ્યક્તિ યોગ્યતા -ાપ્ત કરી લે છે, તેના માટે સફળતા અને સાનુકૂળતાના યોગ સામેથી ચાલીને આવે છે.

અહીં યોગ શબ્દનો અર્થ માત્ર જ્યોતિષીય સંયોગ પૂરતો મર્યાદિત નથી, પરંતુ એનો વ્યાપક અર્થ સાનુકૂળ પરિસ્થિતિ કે તક છે. યોગ્યતા એટલે જ્ઞાન, કૌશલ્ય, ધૈર્ય અને નિર્ણયશક્તિનું મિશ્રણ. અયોગ્ય વ્યક્તિ સામે ગમે તેવી ઉત્તમ તક મૂકવામાં આવે તો પણ તે તેનો લાભ લઈ શકતી નથી, કારણ કે તેને સાચવવાની ક્ષમતા તેનામાં હોતી નથી. આનાથી વિપરીત, યોગ્ય વ્યક્તિ માટે પરિસ્થિતિઓ આપોઆપ અનુકૂળ બનવા લાગે છે. અયોગ્ય માટે ક્યારેય યોગ હોતા નથી, પણ યોગ્યતા જ યોગ્ય સમય અને સારો યોગ ખેંચી લાવે છે.

જે વ્યક્તિ યોગ્યતા કેળવીને યોગ્ય યોગ પ્રાપ્ત કરે છે, તે માત્ર પોતાનું જ નહીં પરંતુ સમગ્ર સમાજનું જીવન બદલીને પોતાનો નવો યુગ કંડારી શકે છે. સ્વામી વિવેકાનંદજીનું જીવન આ વાતનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. તેમણે પોતાના અખંડ જ્ઞાન, સંયમ અને ચારિત્ર્યથી એવી યોગ્યતા સાબિત કરી કે શિકાગોની વિશ્વ ધર્મ પરિષદમાં ભારતનો ડંકો વાગ્યો. યોગ્યતાના બળે યોગ્ય સમય આવ્યો અને વિશ્વએ ભારતીય સંસ્કૃતિનો નવો યુગ જોયો. સફળતાના શિખર સુધી પહોંચવા માટે બહારના સંજોગોને દોષ આપવાને બદલે આપણી પોતાની યોગ્યતાનો વિકાસ કરવો જ રહ્યો.

ઘણા લોકો એવું માનતા હોય છે કે સમય ખરાબ ચાલી રહ્યો છે, પરંતુ વાસ્તવમાં સમય ક્યારેય સારો કે ખરાબ હોતો નથી; સમય તો સતત વહેતો જ રહે છે. બદલાતી હોય છે વ્યક્તિ અને તેની પરિસ્થિતિઓ. જીવનમાં જ્યારે મુશ્કેલીઓ કે અણધારી આપત્તિઓ આવે છે, ત્યારે જે વ્યક્તિએ યોગ્યતા કેળવી હોય છે તે ક્યારેય ગભરાતી નથી. સક્ષમ તારણહારની જેમ યોગ્યતા ધરાવનાર વ્યક્તિ ગંભીર પરિસ્થિતિમાંથી પણ તરત જ બહાર નીકળવાના રસ્તા શોધી લે છે.સફળતા, શાંતિ અને પરિવર્તનની ચાવી આપણી પોતાની અંદર જ છુપાયેલી છે. આપણે નસીબ કે અનુકૂળ સંજોગોની રાહ જોઈને બેસી રહેવાને બદલે ક્ષમતા કેળવવી પડે છે. જે દિવસે આપણે આપણી અંદર યોગ્યતા અને પાત્રતાનો સંચય કરી લઈશું, તે જ દિવસે સફળતાના યોગ સર્જાશે. અને જ્યારે યોગ્યતા અને યોગનો આ સંગમ થશે, ત્યારે જ આપણે આપણું અને સમાજનું ભવિષ્ય બદલીને એક નવા, ઉજ્જવળઁ યુગનું નિર્માણ કરી શકીશું.

**- કિંજલ પંડયા, પારડી**

## આસ્થા - શ્રદ્ધા, સંસ્કૃતિ અને સૌભાગ્યને અખંડ રાખતું વ્રત.!!



ભારતીય સંસ્કૃતિમા અનેક તહેવારો પ્રત્યેક સમાજમાં તહેવારો વ્રતો અને ઉત્સવો પરંપરાગત ચાલ્યો આવ્યો છે અને પ્રત્યેક તહેવાર વ્રતો કે ઉત્સવ પાછળ કોઈ અર્થપૂર્ણ દષ્ટિ હોય છે અને સાથે ભારતીય સંસ્કૃતિની સાથે મોટા ભાગના વ્રતો - ઉત્સવો પકૃતિ સાથે જોડાયેલા છે.

આપણે ત્યાં બાળકીઓ ગૌરીવ્રત ખૂબ ઉત્સાહ અને શ્રદ્ધાથી કરે છે. અષાઢ મહિનાની અગિયારસથી શરુ કરીને પૂનમ સુધી એટલે પાંચ દિવસ સુધી બાળકીઓ આ વ્રત કરે છે.ગોર એટલે કે જવારા વાવવા. અગિયારસના અઠવાડિયા પહેલા માટીના મોટા વાસણમાં અથવા વાંસની બનેલી છાબડીમાં માટી તથા છાણને મિશ્ર કરીને તેમાં ઘઉં, જવ, ચોખા ચણા, જુવાર કે મગ જેવા પાંચ કે સાત ધાન વાવવામાં આવે છે તેમાં રોજ પ્રમાણમાં પાણીનો છંટકાવ કરે છે એટલે અગિયારસ સુધી એ ધાન સરસ સરસ મજાના જવારા ઊગી ગયા હોય છે. નાની બાળાઓ તો કોના જવારા સૌથી વધુ ઊંચા થયા...? તેની બાળસહજ સ્પર્ધા પણ કરતી હોય છે.

અષાઢસુદ અગિયારસના દિવસે વહેલી સવારે બાળાઓ તૈયાર થઈને ઘરે કંકુ, ચોખા, અબીલ, ગુલાલ નારાછડી તથા ફૂલ જેવી પૂજાની સામગ્રી સાથે જવારની પૂજા કરે છે. અને મહાદેવના મંદિરે જઈને પણ પૂજા કરે છે.આખો દિવસ ફળો, સૂકો મેવો અથવા મીઠા વિનાની રોટલી, ભાખરી પુરી સાથે દહીં કે રસ ખાઈને એકટાણું કટે છે. આમ પાંચ દિવસ પૂજા કર્યા બાદ પૂનમની રાત્રે જાગરણ કરે છે અને છઠ્ઠા દિવસે જવારાને પધરાવી દેવાય છે. આ રીતે બાળકીઓ પાંચ કે સાત વર્ષ સુધી આ વ્રત કરે છે.


આ પાંચ દિવસ દરમ્યાન મીઠાવાળો ખોરાક લઇ શકતો નથી. તેના લીધે ગોર્યોને અલૂણાં કે મોળાકત પણ કહેવાય છે. આ વ્રત કરવાથી મનગમતી મનોકામના અને સમૃદ્ધિ મળે તે માટે બાળકીઓ ગૌરીવ્રત ખૂબ શ્રદ્ધાપૂર્વક કરે છે તે ઉપરાંત ગોરમાની આ પૂજા પ્રકૃતિની રક્ષા માટે પણ કરવામાં આવે છે.જવારાના નાનકડા પ્રતીકથી પર્યાવરણની પણ સુપેરે રક્ષા કરવાનું એમાં સૂચવાયું છે.

ગૌરીવ્રતની સાથે સાથે સૌભાગ્યને અખંડ રાખતું વ્રત માતા પાર્વતીની સાથે શિવજીની પૂજા જ્યાં શિરોમર હોય તેવું વ્રત એટલે જ્યાપાર્વતી વ્રત અષાઢ સુદ તેરસથી શિવ - પાર્વતીની પૂજા અર્ચના વ્રત જયાપાર્વતી શરુ થાય છે અને તેની પુર્ણાહુતિ અષાઢ વદ બીજના દિવસે તથા પારણાં ત્રીજના દિવસે કરવામાં આવે છે. પૂજાવિધિ માટેની સામગ્રીઓ અબીલ, ગુલાલ, કંકુ, નારાછડી, કમળકાકડી, સાકર, તજ, લવિંગ, એલચી, નાગરવેલનું પાન, સોપારી, ફળ ધૂપદીપ, પુષ્પો અને ઉંનના દોરા વગેરેનો સમાવેશ થાય છે.મોળું એકટાણું કરવું મીઠું અને ગળપણ વર્જ્ય ગણવું છેલ્લા એટલે કે અષાઢ વદ ત્રીજના દિવસે આખી રાતનું જાગરણ કરવાનું હોય છે.

સૌભાગ્યને અખંડ રાખતું વ્રત જ્યાપાર્વતી અને શ્રદ્ધા સંસ્કૃતિ અને પર્યાવરણ રક્ષાનું પ્રતિક ગૌરી વ્રત ભારતીય સંસ્કૃતિના વ્રતો - ઉત્સવ પ્રકૃતિ સાથે જોડાયેલા છે એની પૂજા ઉત્સાહ ઉમંગ અને શ્રદ્ધાથી થાય છે.

**- ચંદ્રકાંત પ્રભાકર, મગોદ ડુંગરી**

## વડીલોનું બહુમાન કરો



કુટુંબકમં સંપ, પ્રેમ અને શાંતિને સ્થિર કરવા માટે અત્યંત જરુરી દસ ગુણોમાં ત્રીજો ગુણ છે વડીલોનું બહુમાન કરવું તે. કાયાથી ભકિત થાય પણ મનથી બહુમાન થાય .કાયાની શકિત ન હોય તો ભકિત ન પણ થઈ શકે. પરંતુ તેઓએ પણ મનના ઊંચા સદભાવ સ્વરૂપ બહુમાન તો વડીલો પ્રત્યે રાખવું જ જોઈએ.

આ આર્યવતની સંસ્કૃતિમાં જ એ વાત વણ પડકારાયેલી કંડરાઈ છે કે જે માણસો વડીલોની સેવા- બહુમાન કરે છે. તોન આયુષ્ય, વિદ્યા, યશ, અને બળ સતત વધતા રહે છે. આથી જ નાના લોકોએ (સંતાનો, પત્ની, પુત્રવધુ વગેરેએ) મોટા લોકો (માબાપ, સાસુ, સસરા, ધર્મગુરુ, શિક્ષકો વગેરે) ની બુદ્દિને અનુસરવુ જોઈએ. તેમની સલાહ શિખામણ પ્રમાણે કામ કરવું જોઈએ. તેમના પગલે ચાલવું જોઇએ.( આ બધી વાત તેવા જ વડીલો માટે છે જે વડિલો આર્યદેશની સંસ્કૃતિના કટ્ટર પાલન અને પક્ષકાર હોય, જેમને ડિસ્કો ડાન્સથી માંડીને પશ્ચિમી વિકૃતિઓનો જમાનાના નામે કટ્ટર પક્ષ છે તેવા વડીલો સેવા , બહુમાનની વાત અહી નહી સમજવી.)

સંતાનોએ પોતાના માતા-પિતાને વડીલોને ઘરમાં પધરાવેલા જીવતા ભગવાન અને ભગવતી માનવા જોઈએ. આજનું જગત એ વાત કબુલતુ નથી.

પણ એ તદદન સત્ય હકીત છે કે પરમાત્માનો અનુગ્રહ, મા-બાપા વગેરે ગુરુજનોના આશીર્વાદ, અને ગરીબોની કે અબોલ પ્રાણીઓ જ દુવા, દુઃખને સુખી બનાવે છે. રોગીને નીરોગી કરે છે. અશાંતને શાંત કરે છે. અસ્વસ્થને સ્વસ્થ કરે છે. જેઓને આ વાતમાં શ્રદ્ધા છે તેઓ ખુબ સંતોષથી અને આનંદથી પોતાનું સમગ્ર જીવન જીવતાહોય છે.


ઘરના સંતાનોને ત્રણ વાત ઘુટી ઘુટીને કહેવું જોઈએ. ઠસાવવી જોઈએ તેઓ રોજ સવારે ઉઠીને ઈષ્ટદેવનું સ્મરણ કરીને તરત જ મા-બાપના પગમાં પડે. આર્શિવાદ લે, મંદિરમાં ભગવાન પાસે જાય, પ્રાર્થનાદિ કરે. ગરીબો પ્રત્યે કરુણા દાખવે, પત્ની પણ સવારે પોતાના સાસુ સસરાને પગે પડે. પતિ પ્રત્તે અપાસ બહુમાન દાખવે એને કદી તરછોડે નહિ.

ભગવાન મહાવીરનો આત્મા જયારે માતાના ગર્ભમાં હતો ત્યારે તેણે એક પ્રતિજ્ઞા કરવા દ્વારા પોતાના ભાવિ અનુયાયીને સુચન કર્યુ હતુ તમે તમારા માતા પિતાની ઈચ્છા વિરુદ્ધ સાધના કરશો નહી રાવણના જમાઈ સબુકે માતા પિતાની ઈચ્છા વિરુદ્ધ સાધના કરી તો તે કમોતે મર્યો. જો ઘરના બધા સંતાનો બાબાપની બહુમતી બની જાય એ કુટુંબ દિવ્ય બની જાય આ અપેક્ષાએ ઘરનું રત્ન, સ્ત્રી, પત્ની કે પુત્રવધી બને છે. આથી જ ગૃહીણીને જ ગૃહ કહેવામાં આવ્યું છે.

જો સ્ત્રી બરોબર તો ઘર બરાબર, જો ઘર બરોબર તો પ્રજા બરોબર, જો પ્રજા બરોબર તો દેશ બરાબર.

**- હર્ષદ દેસાઈ, વટાર**

## ડિજિટલ યુગ : વરદાન કે અભિશાપ?




આજની દુનિયા પૂરી રીતે ટેકનોલોજીના રંગમાં રંગાઈ ચૂકી છે, જ્યાં સવારની શરૂઆતથી લઈને રાત્રે સૂવા સુધી આપણું જીવન પૂરી રીતે ઈન્ટરનેટ અને સ્માર્ટફોનથી ઘેરાયેલું રહે છે. બેંકિંગ હોય કે શિક્ષણ, વેપાર હોય કે મનોરંજન—દરેક વસ્તુ આપણા અંગૂઠાના એક ઈશારા પર ઉપલબ્ધ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને આધુનિક ટેકનોલોજીએ આપણા કામોને ખૂબ સરળ બનાવી દીધા છે અને દૂર બેઠેલા પોતાના સ્વજનોને એક ક્ષણમાં જોડી દીધા છે. પરંતુ આ ચમકતી ડિજિટલ ક્રાંતિના સિક્કાની એક બીજી બાજુ પણ છે, જે આપણી જીવનશૈલી, માનસિક સ્વાસ્થ્ય અને સુરક્ષાને ચુપચાપ પ્રભાવિત કરી રહી છે.

જેમ-જેમ આપણે આ આભાસી દુનિયામાં ઊંડા ઊતરતા જઈએ છીએ, તેમ-તેમ આપણે સોશિયલ મીડિયાની એક એવી ભૂલભુલામણીમાં ફસાતા જઈએ છીએ જ્યાંથી નીકળવું સરળ નથી લાગતું. સતત સ્ક્રીન પર નજર ટકાવી રાખવાની ટેવથી આપણું ધ્યાન વારંવાર ભટકે છે અને આપણે આપણા જરૂરી કામોને ટાળવા લાગીએ છીએ. એટલું જ નહીં, સોશિયલ મીડિયા પર બીજા લોકોની પરફેક્ટ દેખાતી જિંદગી સાથે પોતાની સરખામણી કરતાં-કરતાં માણસ ધીમે-ધીમે એકલતા, તણાવ અને ચિંતાનો શિકાર બનવા લાગે છે. પોતાની વાસ્તવિક જિંદગી છોડીને આ કાલ્પનિક દુનિયામાં શોધવામાં આવતો આરામ ઘણીવાર માણસના માનસિક સ્વાસ્થ્ય પર ભારે પડવા લાગે છે, તેથી હવે સ્ક્રીનથી થોડો સમય અંતર એટલે કે ડિજિટલ ડિટોક્સ ખૂબ જ જરૂરી લાગવા માંડ્યું છે. આ બદલાતી જીવનશૈલી વચ્ચે એક બીજો મોટો ભય સતત આપણો પીછો કરી રહ્યો છે, અને તે છે આપણી વ્યક્તિગત માહિતીની સુરક્ષા. જ્યારે આપણી આખી દુનિયા ઓનલાઈન થઈ ચૂકી છે, ત્યારે સાયબર અપરાધીઓની નજર પણ દરેક ક્ષણે આપણા ડેટા પર ટકેલી રહે છે. ફિશિંગ જેવા હથકંડાઓ દ્વારા નકલી ઈમેલ અને લલચામણા મેસેજ મોકલીને લોકોને ક્ષેતરવામાં આવે છે અને તેમના બેંક ખાતાની વિગતો ચોરી લેવામાં આવે છે. ખતરનાક માલવેર અને રેન્સમવેર દ્વારા કમ્પ્યુટર્સને હેક કરીને ફાઈલોને લોક કરી દેવામાં આવે છે અને તેને ખોલવાના બદલામાં પૈસા માંગવામાં આવે છે. કેટલીકવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ હેક કરીને લોકોની અંગત તસવીરો કે માહિતીના આધારે તેમને બ્લેકમેલ પણ કરવામાં આવે છે.

પરંતુ આ બધા જોખમોનો અર્થ એ બિલકુલ નથી કે આપણે ટેકનોલોજીનો ઉપયોગ કરવાનું બંધ કરી દઈએ, બલ્કે જરૂર એ વાતની છે કે આપણે એક સમજદાર અને સચેત ડિજિટલ નાગરિક બનીએ. પોતાની સુરક્ષા માટે દરેક એકાઉન્ટનો મજબૂત પાસવર્ડ રાખવો, ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશનનો ઉપયોગ કરવો અને કોઈપણ અજાણી લિંક કે લલચામણી ઓફર વાળા મેસેજ પર ક્લિક ન કરવું ખૂબ જ જરૂરી છે. ટેકનોલોજી એક એવું સાધન છે જે આપણા જીવનને સુધારી પણ શકે છે અને બગાડી પણ શકે છે, આ પૂરી રીતે એ વાત પર નિર્ભર કરે છે કે આપણે તેનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ. જો આપણે આપણી દિનચર્યામાં વર્ક-લાઈફ બેલેન્સ જાળવી રાખીએ, ટેકનોલોજીને આપણા સ્વાસ્થ્ય અને સુરક્ષા પર હાવી ન થવા દઈએ અને સાવચેતી સાથે તેનો ઉપયોગ કરીએ, તો આપણે કોઈપણ નુકસાન વગર આ ડિજિટલ યુગનો સાચો આનંદ માણી શકીએ છીએ.

**- અંજલિ પ્રજાપતિ, પારડી**


## ઇથેનોલ મિશ્રિત પેટ્રોલ અંગે અલગ દૃષ્ટિકોણ



આજકાલ લગભગ દરેક અખબારમાં , ટેલિવિઝન પર અને સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ પર ઈ-૨૦ની ખૂબ જ જોરશોરથી ચર્ચા ચાલી રહી છે. એવો પ્રશ્ન પણ પૂછાઇ રહ્યો છે કે પેટ્રોલિયમ મંત્રીને બદલે નિતીન ગડકરી કેમ આટલો બધો અંગત રસ લઈ રહ્યા છે ? સરકાર જે કંઈ પણ નિર્ણય લે તે અંગે સ્વભાવિકપણે અનેક ફાયદાઓ જણાવે છે. ઈથેનોલ મુખ્યત્વે શેરડી કે મકાઈમાંથી બને છે. પેટ્રોલમાં ૨૦ ટકા જેટલું ઈથેનોલ ભેળવવામાં આવે છે તો તેનાથી વાહન વાપરનારાઓને સસ્તુ અથવા રાહત દરે પેટ્રોલ મળી રહ્યું છે કે કેમ ? એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. સાચી વાત તો એ છે કે ઈથેનોલ પેટ્રોલમાં મિક્સ કરવાને પરિણામે પેટ્રોલના ભાવ ઘટવા જોઈએ તે ઘટ્યા નથી. તે અંગે સરકારને પ્રશ્નો પૂછાવા જોઈએ. બીજો મુદ્દો એ છે કે શેરડી અને મકાઈનું ઉત્પાદન કરનારા જે ખેડૂતો છે તેમને વધારે ભાવ મળી રહ્યા છે કે કેમ ? ખેડૂતોની આવકમાં વધારો થઈ રહ્યો છે કે કેમ ? આ પ્રશ્નોના જવાબ પણ નાં જ આવે છે. જો ૨૦ જેટલી ભેળસેળ પેટ્રોલમાં કરવામાં આવે તો વિદેશમાંથી જે તેલની આયાત કરવામાં આવે છે તે ઘટી છે કે કેમ ? જો આયાત ઘટી હોય તો વાહન વાપરનારાઓને એ સંદર્ભે લાભ થવો જોઈએ. પરંતુ એ થતો નથી. સમાચાર એવા પણ છે કે ઈથેનોલ મિશ્રિત પેટ્રોલને પરિણામે વાહનની એવરેજ ઘટી રહી છે. જેનો અર્થ એવો થાય કે વાહન વાપરનારાઓના ફ્યુઅલ અંગેના ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. વાત અહીંથી જ અટકતી નથી. ઈ - ૨૦ ને પરિણામે વાહનોના મેન્ટેનન્સમાં વધારો થશે એનો પણ વિચાર થવો જોઈએ. લોકશાહી દેશમાં સરકારને સવાલ કરવાનો પ્રજાનો અધિકાર છે. સરકાર જે કંઈ પણ નિર્ણય લે એ બધા પ્રજાના હિતમાં જ લેવાતા હોય છે એમ માની લેવાની બિલકુલ જરૂર નથી. ટૂંકમાં કહીએ તો ઈ - ૨૦ ને પરિણામે નથી ખેડૂતોને કોઈ ફાયદો થયો કે નથી વાહન વાપરનારાઓને કોઈ લાભ થયો. સાચી વાત તો એ છે કે વાહનનો ઉપયોગ કરનારાઓનું બજેટ સતત ખોરવાતું જશે. પ્રજા નિર્માલ્ય બનીને પોતાનો અવાજ રજૂ કરવાની ક્ષમતા ગુમાવી રહી છે કે જે લોકશાહી માટે સારી નિશાની નથી. જો શુદ્ધ પેટ્રોલ જોઈતું હોય એટલે કે ઈથેનોલ મિશ્રિત કર્યા વિના તો એક લીટર નો ભાવ રૂા.૧૬૮ છે.

**-ડો. જે. એમ. નાયક, નવસારી**

## નિર્દોષ પથ્થર કરતાં સદોષી હીરો સારો



માનવની એક વ્યાખ્યા એવી પણ કરી શકાય કે એ સદોષ પ્રાણી છે. માણસ વયમાં મોટો થતો જાય તેમ તેમ શૈશવની નિર્દોષ અવસ્થા એ ગુમાવતો જાય છે. મોટાભાગના સર્જકોની એક માન્યતા એ પણ છે કે, હું મારી મુગ્ધતા, નિર્દોષતા, કઈ રીતે ફરીથી પ્રાપ્ત કરૂં ! આપણે માણસોનાં હાંસિયા પાડીએ છીએ.

આ દુષ્ટ, આ સારો, આ ખરાબ, આ - પંચી, આ ખુશામતિયો, આ ખટપટી વગેરે.... આપણને બીજાનો રજકણ જેટલો દોષ હોય તો એ પહાડ જેવો દેખાય છે અને પોતાનો પહાડ જેવડો દોષ પણ રજકણ જેટલો લાગે છે.

દોષદેખુઓ અમાસની કાળી રાતે કાળા તલને શોધી કાઢે એવી રીતે કોઈકના દોષ શોધી કાઢે છે અને પોતાના ત્રાજવે તોલે છે અને મન ફાવે તેમ બોલે છે. કોઈપણ માણસ અતિશય ગુણવાન નથી, તેમ કોઈ માણસ પૂર્ણપણે દોષવાળો નથી. માણસ એટલે જ ગુણ-અવગુણ, તેજ- છાયા, ધૂપ-છાવ. માણસમાં વિરોધીભાવો ભરેલાં જ હોય છે. કોઈકે તો એટલે સુધી કહ્યું છે કે, પોતાને નિર્દોષ માનવા જેવો કોઈ દોષ નથી. સાચો મિત્ર એ કેવળ વખાણ નથી કરતો પણ દોષ પણ બતાવે છે. પરંતુ એમાં ટીકા, નિંદા નહીં પણ આત્મીયતા છે. અને આપણાં માટેનુ હિતચિંતન છે. કોઈ કવિની બે પંક્તિઓ યાદ આવે છે, જેમાં કહ્યું છેઁ


બીજાની બાબતમાં મૂર્ખાઓ પણ ડાહ્યા હોય છે અને પોતાની બાબતમાં સંતો પણ ભૂલ કરી શકે છે. એક ચીની કહેવત પણ છે કે, નિર્દોષ પથ્થર કરતાં સદોષ હીરો સારોઁ માણસમાં દોષ હોવો એ સ્વાભાવિક છે પણ સાચો માણસ એકવાર જાગૃત થયો કે પછી ધીમે ધીમે એ... એક ઝાટકે પોતાના દોષને નિવારવાનો પ્રયત્ન કરે છે. કોઈને દોષિત ઠેરવવું સહેલું છે પોતે નિર્દોષ રહેવું મુશ્કેલ છે. કોઈકની જરાક અમથી ભૂલ હોય તો આપણે એના પર બહારવટિયાની જેમ તૂટી પડીએ છીએ. આપણે ઉકળી પડીએ છીએ. ઉછળી પડીએ છીએ. ન કહેવાનું કહીએ છીએ.

આપણી મહત્તા સ્થાપિત કરીએ છીએ. એક શ્રીમંત બેન રિક્ષાવાળા પર તાડૂકયા, કહ્યું, જંગલી! રિક્ષાવાળાએ સ્વચ્છતાથી જાણે લાફો મારતો હોય કે મૂઢ માર મારતો હોય એવો અદભુત જવાબ આપ્યો

તમે કેટલા ઈજ્જતદાર છો તેનો ખ્યાલ તમારી જબાન પરથી જ આવે છે! કબીરનો આ દોહો યાદ આવે છે.

*બુરા ન દેખન મૈં ગયા*
*બુરા મિલા ના કોઈ,*
*જબ ઘટ ભીતર દેખ્યા મુજસે*
*બુરા ન કોઈ.*

## કુદરત અને પર્યાવરણની અવગણના



આ લખાઈ રહ્યું છે ત્યારે સમગ્ર દેશ અને સાથે જ દક્ષિણ ગુજરાતમાં જે રીતે ફરીથી કુદરતનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે, જે રૌદ્ર સ્વરુપે વરસાદ વરસી રહ્યો છે, નદીઓ છલોછલ ભરાઈને પુર જેવી પરિસ્થિતિનો સંકેત આપી રહી છે, રસ્તાઓ ધોવાઇ રહ્યા છે, ખાડાઓ વાહન અને વાહનચાલકોનો ભોગ લઈ રહ્યા છે, રેલવેના પાટાઓ પર પણ પાણી ફરી વળ્યા છે, નીચાણવાળા વિસ્તારોમાં ભરાયેલા પાણીથી અવરજવર બંધ થવા સાથે ત્યાંના રહેણાંક નાનાં મકાનો જળમાં ગરક થવા સાથે જ રહેવાસીઓ જાણે નિરાધાર બની બેઘર થવાની હાલતમાં છે, ગયા અઠવાડીએ વરસેલા વરસાદ, ને ભરાયેલા પાણી ઓછા થયા પછી દુકાનો ને ઘરોમાંથી માંડ હજી કાદવ કીચડ કાઢી માણસ ઠરીઠામ? થાય તે સાથે જ ફરીથી વરસતો આ વરસાદ ફરીથી જનસામાન્ય માટે આફત બનવાની જાણે આહલેક પોકારે છે ત્યારે આ માટે જવાબદાર કોણ.? -' ગંભીર વિચાર માંગે છે, અસરકારક પગલાં સાથે પરિણામ લક્ષી આયોજન સાથે તંત્રની જવાબદારીની ખાતરી પણ માંગે છે. તો સાથે જ પર્યાવરણની ઘોર ખોદવાના સરકાર અને જનસામાન્ય ની બેજવાબદારીને પણ જવાબદાર ગણી શકાય. બેફામ શહેરીકરણ, ભવિષ્યના વિચાર વગરના આડેધડ બાંધકામો, વૃક્ષોનો આડેધડ સફાયો, જંગલોમાં મંગલ કરવાના ગાંડપણ સાથે બનતા રીસોર્ટ્સ અને બાંધકામો થકી થતો જંગલોનો સફાયો, પાણીના નીકાલ માટેની અયોગ્ય અને અપુરતી ભ્રષ્ટ વ્યવસ્થા, વરસાદ આવવાના જ સમયે ચોક થઈ ગયેલ ગટરોની પ્રજાના કરોડોના ખર્ચે થતી પ્રિ મોનસૂન કામગીરીનો ભ્રષ્ટ દેખાડો અને નાટક, જનતાનો ચારેબાજુ પ્લાસ્ટિક અને અન્ય કચરો ખૂલ્લામાં ફેંકવાની શરમજનક ટેવ અને આવા તો કેટલાય કારણો સામાન્ય જનસામાન્ય માટે આફતરૂપ બને છે ત્યારે,

કદાચ બીજી બધી જ યોજનાઓ બાજુ પર મૂકી, સરકારે સૌ પ્રથમ નવેસરથી પાણીના નીકાલ માટેની ચોક્કસ વ્યવસ્થાના આયોજન માટે વિશ્વસનીય સંસ્થાઓને જ એનું કામ સોંપી એ માટે નક્કર આયોજન કરવું રહ્યું. કારણ એક જ દિવસના વરસાદમાં હજારો કરોડોનું સીધુ નુકસાન થતું હોય, અઠવાડિયા સુધી કામકાજ અને ધંધો ઠપ થઈ જતો હોય, લાખો લોકોનું સ્થળાંતર કરાવવું પડતું હોય, રાહત માટે કેમ્પો ચલાવવા કરોડો રૂપિયાના આંધણ છતાં હોય, ઉપરથી કરોડો રુપિયાની કેશ ડોલ સહાય આપવાની પરિસ્થિતિ ઉભી થતી હોય તો દરવર્ષે ઉભી થતી આ મહાઉપાધિ નીવારવા શા માટે ગંભીરતા પુર્વક વિચારણા અને આયોજન ન થવા જોઈએ.? હજારો વાહનોનો ખૂરદો, ઘરો ને ઘર સામગ્રીનું વહી જવું, ધંધા રોજગારમાં લાંબા સમયની વિકટ પરિસ્થિતિ નિર્માણ થવી એ રોજીંદી ઘટના બની ગઈ છે,

એને કુદરતના પ્રકોપ કે કુદરતી આફત ગણાવી છટકી જવાને બદલે એની સામે આગોતરા રક્ષણાત્મક નક્કર પગલાં લેવાના આયોજન માટેનો આ સમય છે.

હજારો કરોડોના વિકાસકાર્યો નો પેપર પર હિસાબ ચિતરી બણગાં ફેંકતા ભ્રષ્ટ અધિકારીઓને ખુલ્લા પાડી ઘરે બેસાડવાના પગલાં પણ લેવાવા જોઈએ. સરકાર દ્વારા પ્રજાના કલ્યાણ માટે પંચાયત, નગરપાલિકા કે મહાનગરપાલિકાને પહોંચાડવામાં આવતા કરોડો રુપિયામાં કેટલો ભ્રષ્ટાચાર, કેટલી હદે થાય છે તે વિષે લખવાની કોઈ જરૂર લાગતી નથી.

સમાજે જાગ્રત થવાની, પર્યાવરણને જાળવવાની અને સ્વચ્છતા અંગે જાગૃતિ થવાની ટેવ પાડવી પડશે. પોતાના અધિકારો માટે પોતાના જનપ્રતિનિધિઓને જવાબદાર બનાવવાની સજ્જતા કેળવવી પડશે. ભ્રષ્ટાચારીઓને એમનો રસ્તો દેખાડવો પડશે.

કુદરતને દોષ દેવાથી અર્થ નહીં સરે. કુદરતને એનું કામ કરવા દો, આપણે પ્રમાણિક થવું પડશે જાગૃત થવું પડશે. સમયની આ માંગ છે. ઈશ્વર અલ્લાહ તેરો નામ, સબકો સદમતિ દે ભગવાન...!

**- લાયન કિરીટ શાહ. વાપી**

## નીટ (NEET) નો તમાશો : સમાજનો દેખાડો



છેલ્લા કેટલાક દિવસોથી ફ્ચ્ચ્ટના પેપર લીક અને એના વિરોધ વિશે ઘણી બધી પોસ્ટ જોઈ અને સાંભળ્યું. પણ મને એમ થાય છે કે પરીક્ષાની ગેરરીતિની એક વ્યાજબી ફરિયાદ હવે એક એવો તમાશો બની ગઈ છે જેમાં મૂળ વાત તો ક્યાંય ખોવાઈ જ ગઈ છે. આજે અમુક કડવી વાસ્તવિકતાઓ વિશે કહેવું છે.

● આપણી શિક્ષણ પ્રણાલી સાવ ભંગાર છે. આ એક બહુ મોટો અને જોખમી ભ્રમ ઉભો કરવામાં આવી રહ્યો છે. અરે ભાઈ, આ એ જ સિસ્ટમ છે જેણે આ વિરોધ કરનારાઓને પોતાના હક્કો અને સ્વતંત્રતા વિશે બોલતા કર્યા છે. આ જ સિસ્ટમે દેશને શ્રેષ્ઠ ડોક્ટરો અને CEO આપ્યા છે. મૂળ પ્રોબ્લેમ સિસ્ટમનો નથી, આપણી ૧૪૦ કરોડની વસ્તીનો છે. આટલી ભીડમાં કશું જ સહેલાઈથી નથી મળવાનું. હરીફાઈ તો રહેવાની જ. બાળકોને આ સ્પર્ધા માટે તૈયાર કરવા પડશે અને એ સમજાવવું પડશે કે મહાન સિદ્ધિઓ નિષ્ફળતા પચાવ્યા પછી જ મળે છે.

● બીજી એક કડવી વાસ્તવિકતા જેને આપણે ઈરાદાપૂર્વક છુપાવીએ છીએ. સરકારે પેપર લીકને ગંભીર ગુનો ગણ્યો, ગુનેગારો પકડાયા. પણ એક વાત વિચારો, જો ખરીદવાવાળા જ ન હોય તો વેચવાવાળા ક્યાંથી આવવાના? પેપર એટલે લીક થયું કારણકે આપણા જ વિદ્યાર્થીઓ અને વાલીઓ પૈસાની થેલીઓ લઈને એને કોઈપણ ભોગે ખરીદવા બેઠા હતા! સરકારે તો નહોતું કહ્યું ને કે જઈને પેપર ખરીદી લાવો? જે ભ્રષ્ટાચારની આપણે બૂમો પાડીએ છીએ, એનું ફંડિંગ આ જ સમાજ કરી રહ્યો છે. પેલી કહેવત છે ને, લોભિયા હોય ત્યાં ધુતારા ભુખે ન મરે.

● આ સમાજના દંભ સામે પણ મોટો વાંધો છે. પેપર લીકની સામે હાય-તૌબા મચાવનારી જનતા, પેલા પૈસાદાર બાપના છોકરાઓ ડોનેશન ભરીને, મેરિટ વગર જ મેડિકલ અને PG માં ઘૂસી જાય છે ત્યારે કેમ મૂંગી રહે છે? એ અમીરજાદાઓ બુદ્ધિ કે મહેનતથી નહિ, પણ માત્ર પોતાના બેંક બેલેન્સના જોરે આખીં રેટ રેસૅ જીતી જાય છે. ત્યારે કોઈને અન્યાય નથી દેખાતો? બેઠકો પૈસાથી ખરીદવી કાયદેસર અને હેક કરવી એ ગુનો? આ તો કેવી વિધિની વક્રતા!

● પુનઃ પરીક્ષાના ડરથી બાળકો આત્મહત્યા જેવા પગલાં ભરે છે એ ખરેખર હચમચાવી મુકનારું છે. પણ આમાં વાંક કોનો? પેલા વાલીઓનો નહિ જેઓ પોતાના અહં સંતોષવા બાળકો પર એટલું દબાણ કરે છે કે બાળકને એમ જ લાગે કે આ રેસમાંથી બહાર નીકળવા કરતા મરી જવું સહેલું છે?

● સરકારે પોતાની ભૂલ માની અને આવતા વર્ષથી નવી સિસ્ટમ લાવવાની વાત કરી. તો પછી એક જાગૃત નાગરિક તરીકે આપણે એમાં સૂચનો કરવા જોઈએ.

● સૌથી દુઃખદ વાત એ છે કે આપણી પોતાની વિચારવાની ક્ષમતા જ મરી પરવારી છે. સોશિયલ મીડિયા પર કોઈ ટ્રાવેલ ફોટોગ્રાફર હોય, કોઈ સિંગર હોય કે કોઈ ડાન્સર - બધા એક જ સમયે એક સરખી પોસ્ટ મૂકે! આ કોઈ ઓર્ગેનિક વિરોધ નથી, આ એક ટૂલકિટ છે.

છેલ્લે બસ એટલું જ કહીશ કે સરકાર ભલે ગમે તેવીઁ લીક-પ્રૂફ સિસ્ટમ લાવે, જ્યાં સુધી આપણે શોર્ટકટ શોધવાનું બંધ નહિ કરીએ, પૈસાના જોરે અપાતા એડમિશનનો વિરોધ નહિ કરીએ અને સોશિયલ મીડિયાના કહેવાતા ઈન્ફલુએન્સરોને આપણું મગજ વાપરવા માટે આઉટસોર્સ કરવાનું બંધ નહિ કરીએ, ત્યાં સુધી આ સિસ્ટમનું કાઈ જ નથી થવાનું. સિસ્ટમને ગાળો દેતા પહેલા આપણે પોતે જે આ સંસ્કૃતિ ઉભી કરી છે એની જવાબદારી લેતા શીખવું પડશે.

**-વિનોદ મિસ્ત્રી ખેરગામ**

# અન્ય સમાચારો

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# ઉમરગામમાં ૧૨ કલાકમાં ૧૧ ઈંચ વરસાદ

## ફણસા સહિત અનેક વિસ્તારો જળબંબાકાર : શાળાઓમાં રજા, માર્ગો પાણીમાં ગરકાવ






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૨ :** ઉમરગામ તાલુકામાં છેલ્લા બે દિવસથી અવિરત ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. છેલ્લા ૧૨ કલાકમાં અંદાજે ૧૧ ઈંચ વરસાદ નોંધાતા તાલુકાના અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે.

ચાલુ સિઝનમાં તાલુકાનો કુલ વરસાદ ૫૫ ઈંચ સુધી પહોંચ્યો છે. ભારે વરસાદના કારણે ફણસા ગામના વાડીફળિયા, તારાફળિયા, માછીવાડા, મિતલવાડ અને માંગેલવાડા સહિતના વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ ઉમરગામ કોસ્ટલ હાઈવે પર વરસાદી પાણી ભરાઈ જતાં વાહનચાલકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે ઉમરગામ નગરપાલિકા વોર્ડ નં. ૪ વિસ્તારમાં વરસાદી પાણી ઘરોમાં ઘૂસી જતાં સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ હતી. જાણ થતાં નગરપાલિકાના ચીફ ઓફિસર અતુલ ચંદ્રસિંહા કર્મચારીઓ સાથે સ્થળ પર પહોંચ્યા હતા અને સ્થિતિની સમીક્ષા કરી હતી.

જો રાત્રિના સમયે વધુ વરસાદ થાય તો જરૂરી આગોતરી કાર્યવાહી માટે પણ સૂચનાઓ આપવામાં આવી હતી. ફણસા ગામમાં પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગ્રામ પંચાયતના સરપંચ નિમિષભાઈ, તલાટી ભાવેશભાઈ, ડેપ્યુટી સરપંચ જાગૃતિબેન તેમજ સભ્યો સંજયભાઈ અને કિરણબેન અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ સ્થિતિનો તાગ મેળવ્યો હતો. પાણીના નિકાલ સહિત જરૂરી કામગીરી માટે ધારાસભ્ય રમણભાઈ પાટકરને જાણ કરવામાં આવી હતી. ગ્રામ પંચાયતે નાગરિકોને પાણી ભરાયેલા વિસ્તારોમાં અનાવશ્યક અવરજવર ટાળવા તેમજ કોઈપણ મુશ્કેલી જણાય તો તાત્કાલિક ગ્રામ પંચાયતનો સંપર્ક કરવા અપીલ કરી છે.

છેલ્લા ૨૪ કલાકથી સતત વરસી રહેલા વરસાદને કારણે અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો વારંવાર ખોરવાતાં ઉદ્યોગો અને જનજીવન પર પણ અસર જોવા મળી રહી છે.

તંત્ર દ્વારા સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

## નારગોલમાં બાવળનું તોતિંગ વૃક્ષ ધરાશાયી

**ઉમરગામ, તા.૨૨ :** ઉમરગામ તાલુકાના નારગોલ સરદાર ચોકથી થોડે અંતરે આવેલા નારગોલ કોસ્ટલ હાઈવે પર બુધવારે બપોરે અંદાજે ૧૨:૫૦ વાગ્યે ભારે વરસાદ અને પવનના કારણે બાવળનું તોતિંગ વૃક્ષ અચાનક માર્ગ પર ધરાશાય થયું હતું. સદનસીબે ઘટના સમયે કોઈ વાહન કે રાહદારી પસાર ન થતાં કોઈ જાનહાનિ કે માલમિલકતને નુકસાન થયું ન હતું.



ઘટનાની જાણ વૃષભ મહેશભાઈ બારીઆ દ્વારા સરપંચ સ્વીટીબેન યતીન ભંડારીને કરવામાં આવતા માત્ર પાંચ મિનિટમાં જ ગ્રામ પંચાયતની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી. માર્ગ વચ્ચે પડેલા વૃક્ષને હટાવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી ટ્રાફિકને ફરી સામાન્ય બનાવવાના પ્રયાસો હાથ ધરાયા હતાં.

સરપંચ સ્વીટીબેન ભંડારી તથા તલાટી કમ મંત્રી પ્રદીપભાઈ કેવટ દ્વારા માર્ગ અને મકાન વિભાગ (PWD) તેમજ ફલડ કંટ્રોલ વિભાગને પણ ઘટનાની જાણ કરવામાં આવી હતી.

ધરાશાય થયેલું વૃક્ષ બાવળનું અને કદમાં ખૂબ મોટું હોવાથી તેને હટાવવાની કામગીરીમાં પંચાયતની ટીમને ભારે જહેમત ઉઠાવવી પડી રહી છે.

## ભારે વરસાદના કારણે કોપરલી,અંભેટી રસ્તો સંપૂર્ણ પાણીમાં ગરક થતાં વાહનવ્યવહાર ઠપ્પ થયો

# કપરાડા - નાનાપોંઢામાંથી વાપી જતા અનેક કામદારો અટવાયા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૨૨ :** વલસાડ જિલ્લા માં છેલ્લા ત્રણ - ચાર દિવસ થી પડી રહેલા ભારે વરસાદ ના પગલે રેડ એલર્ટ જાહેર કરવા માં આવ્યું છે. શાળાઓ, કોલેજો ઉપરાંત અન્ય શૈક્ષણિક સંસ્થાઓ આજ રોજ બંધ રહેશેની તંત્ર દ્વારા જાહેરાત કરવા માં આવી છે. પરંતુ કપરાડા અને નાનાપોંઢા માંથી વાપી ઔધોગિક એકમોમાં કામ કરતા અસંખ્ય કામદારો કામના સ્થળે પહોંચવા નિકળ્યા હતાં. તે દરમિયાન વાપી વિસ્તાર માં ભારે વરસાદ ના કારણે કોપરલી, અંભેટી રસ્તો સંપૂર્ણ પાણી માં ગરક થઈ જતાં વાહનવ્યવહાર ઠપ થયો હતો. જેથી અસંખ્ય કામદારો કામના સ્થળો પર પહોંચી શક્યા નથી અધવચ્ચે અટવાયા હોવાની વિગત મળવા પામી છે. લાંબા સમય સુધી રસ્તાઓ ઉપરથી પાણી ઓસરવા ની રાહ જોતા રહ્યા પરંતુ વરસાદે વિરામ લેવાનું નામ ન લેતા રસ્તાઓ ખુલ્લા ન થયા હોવાનું જાણવા મળે છે. જેને લઈ અસંખ્ય કામદારો ઘરે પરત ફર્યા હોવાનો અહેવાલ મળવા પામ્યો હતો. એક જાણકારી મુજબ અંભેટી ગામે એક લકઝરી બસ પાણીમાં ફસાઈ જતા બસમાં બેઠેલા મુસાફરોને પોલીસ કર્મીઓએ ભારે જહેમત ઉઠાવી બહાર કાઢ્યા હોવાની વિગત મળવા પામી છે. પોલીસની કામગીરીને બિરદાવી મુસાફરોએ આભાર વ્યક્ત કર્યો હોવાનું જાણવા મળે છે. આમ વલસાડ જિલ્લામાં પડી રહેલો ભારેથી અતિભારે વરસાદે ભારે તારાજી સર્જી છે અને માનવ જીવન અસ્તવ્યત કર્યું હોવાના દશ્યો જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત કપરાડા - નાનાપોંઢા તાલુકા માંથી પસાર થતી કોલક નદી અને પાર નથી માં ભારે પૂરની સ્થિતિ સર્જાઈ હતી.

બંને કાઢે વહતી નદીઓ જોવા લોકો ઉમટી પડ્યા હતાં, આમ છેલ્લા ત્રાણેક દિવસથી પડી રહેલા વરસાદના કારણે લોકો ઘરમાં જ રહેવા મજબૂર બન્યા છે. આ લખાય રહ્યું છે. ત્યાં સુધી વરસાદ વિરામ લીધો નથી. હજુ વરસાદ વધે તેવી શક્યતા જોવા મળી રહી છે. ત્યારે જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા રેડ એલર્ટ જાહેર કરી લોકો ની સલામતી માટે એલર્ટ કર્યા છે.

## ઉપરવાસમાં ભારે વરસાદથી કાવેરી-ખરેરા નદીઓમાં રૌદ્ર સ્વરૂપ

# બીલીમોરાનો દેસરા વિસ્તાર જળબંબાકાર, NDRF દ્વારા રેસ્ક્યુ કામગીરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૨ :** નવસારી જિલ્લા સહિત ગણદેવી અને બીલીમોરા પંથકમાં છેલ્લા ૭૨ કલાકથી અનરાધાર વરસી રહેલા મૂશળધાર વરસાદના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. ઉપરવાસમાં થયેલા અતિભારે વરસાદને પગલે કાવેરી અને ખરેરા નદીઓ ભયજનક સપાટી વટાવીને વહેતા બીલીમોરાનો દેસરા વિસ્તાર જળબંબાકાર થયો છે. આ ઉપરાંત કુંભારવાડ, મેમણ સોસાયટી, ગિરિરાજ નગર અને ભાઠા ફળિયા જેવા નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળતા સ્થાનિકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા, જેના કારણે ઘરવખરીને મોટું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. તાલુકાના મોટાભાગના ગ્રામ્ય માર્ગો પાણીમાં ગરકાવ થઈ જતાં વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે અને સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ તંત્ર દ્વારા ત્વરિત બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. NDRFની ટીમે પૂરના પાણીમાં ફસાયેલા લોકોને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી સલામત સ્થળે ખસેડ્યા હતાં, જ્યાં તેમના માટે રહેવા-જમવા અને આરોગ્ય તપાસની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. આ આપત્તિના સમયે બીલીમોરા પાલિકા પ્રમુખ મનીષ પટેલ, સભ્ય સાજન પટેલ તથા અપક્ષ સભ્યો મલંગભાઈ કોલિયા અને હરીશભાઈ પટેલે સ્થળ પર હાજર રહી નાગરિકો તેમજ મૂંગા પશુઓને સુરક્ષિત સ્થળે પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. સમગ્ર પરિસ્થિતિ પર નવસારી કલેક્ટરશ્રી મનીષ ગુરવાની અને તેમની ટીમ દ્વારા સતત ચાંપતી નજર રાખીને રાહત કાર્યોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.

# વિલ્સન હિલ માર્ગ પર ભૂસ્ખલન

**ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે સ્થળ મુલાકાત લઈ તાત્કાલિક કામગીરીના નિર્દેશ આપ્યા**



**વલસાડ, તા. ૨૨ :** ધરમપુર વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત પડી રહેલા અતિભારે વરસાદના કારણે વિલ્સન હિલ જતાં મુખ્ય માર્ગ પર ભૂસ્ખલનની ઘટના સર્જાઈ હતી. ભારે વરસાદના કારણે માર્ગનો એક ભાગ ધસી જતાં વાહનવ્યવહાર માટે જોખમી પરિસ્થિતિ ઊભી થઈ છે. ઘટનાની જાણ થતાં જ ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ અને અગ્રણી ગણેશભાઈ બિરારી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે સ્થળનું નિરીક્ષણ કરી સંબંધિત અધિકારીઓ સાથે પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. ધારાસભ્યએ માર્ગની વહેલી તકે મરામત હાથ ધરવા, જરૂરી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવા તેમજ વાહનવ્યવહાર સુરક્ષિત રીતે પુનઃસ્થાપિત કરવા માટે સંબંધિત વિભાગના અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. સાથે જ વરસાદી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સતત દેખરેખ રાખવા અને કોઈપણ પ્રકારની દુર્ઘટના ન બને તે માટે જરૂરી તમામ તકેદારી રાખવા ભાર મૂક્યો હતો. ધારાસભ્યએ જણાવ્યું હતું કે જનતાની સુરક્ષા સર્વોપરી છે. તેમણે નાગરિકોને અનાવશ્યક મુસાફરી ટાળવા તેમજ જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી હતી.

# બોપી નજીક પાણીમાં કાર તણાઈ

**ચાલકે સમયસૂચકતા દાખવી જીવ બચાવ્યો : જિલ્લા વહીવટી તંત્ર એ નાગરિકોને સાવચેત રહેવા અને સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૨ :** ધરમપુર તાલુકામાં ભારે વરસાદ વચ્ચે મંગળવારે સવારે બોપી-મોળા આંબા કોઝવે પર ચોંકાવનારી ઘટના બની હતી. પાણીનું સ્તર જોવા ચાલક કારમાંથી નીચે ઉતર્યો હતો, ત્યારે અચાનક પાણીનો પ્રવાહ વધતાં તેની સુરત પાસિંગની ઈનોવા કાર ધસમસતા વહેણમાં તણાઈ ગઈ હતી. સદનસીબે સ્થાનિકોની સતર્કતાથી ચાલકનો આબાદ બચાવ થયો હતો.

ઘટનાની જાણ થતાં ધરમપુર પોલીસ સ્થળ પર પહોંચી હતી અને લોકોને પાણી ભરાયેલા કોઝવે પરથી પસાર ન થવા ચેતવણી આપી હતી. ભારે વરસાદને પગલે તાલુકાના અનેક નાના-મોટા કોઝવે અને નાળા પાણીમાં ગરકાવ થતાં ગ્રામ્ય વિસ્તારોના માર્ગો પર પણ અસર જોવા મળી રહી છે. દરમિયાન, વિલ્સન હિલ તરફ જતા જાહેર માર્ગ પર આવધા ઘાટ પાસે પણ માટી ધસી પડતાં માર્ગને અસર થઈ હતી. ઘટનાની જાણ થતાં ધારાસભ્ય અરવિંદભાઈ તેમજ ભાજપના અગ્રણી ગણેશભાઈ બિરારી સ્થળ પર પહોંચ્યા હતાં અને પ્રશાસનને જાણ કરી તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

# બોપીમાં વીજ કરંટ લાગતાં વૃધ્ધાનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**ધરમપુર, તા.૨૨ :** ધરમપુર તાલુકાના બોપી ગામના ડુંગરી ફળિયામાં પોતાના ઘરે વીજ કરંટ લાગતાં ૬૦ વર્ષીય મહિલાનું મોત થયું હતું.

પોલીસની પ્રાથમિક માહિતી મુજબ આજ રોજ સવારે આશરે ૭:૩૦ વાગ્યે રમીબેન સોમુભાઈ રાઉત પોતાના ઘરે કોઢમાં વાસીદું કરી રહ્યા હતા. તે દરમિયાન કોઢમાંથી પસાર થતો કપાયેલો વીજ વાયર લોખંડના સળિયાને અડેલો હતો અને સળિયાને હાથ અડતાં તેમને વીજ કરંટ લાગ્યો હતો. વીજ કરંટ લાગતાં રમીબેનનું મોત થયું હતું. ઘટનાની જાણ થતાં ધરમપુર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ડાંગમાં નીચાણવાળા ૧૩ જેટલા કોઝવે પાણીમાં ગરક થતાં ૨૦થી વધુ ગામો પ્રભાવિત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૨૨ :** પ્રાપ્ત વિગતો અનુસાર રાજ્યનાં છેવાડે આવેલ ડાંગ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી મેઘરાજાની ધબધબાટી યથાવત રહેતા સર્વત્ર પાણીની રેલમછેલ ફરી વળી હતી.ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં સોમવારથી બુધવારે સાંજ સુધીમાં અવિરત વરસાદ યથાવત રહેતા નદી, નાળા, વહેળા, ઝરણા, અને કોતરડાઓ અખૂટ પાણીના જથ્થા સાથે ગાંડાતુર બન્યા હતા.ડાંગની લોકમાતાઓમાં અંબિકા, ખાપરી, પૂર્ણા અને ગીરા નદી પણ સતત ત્રણ દિવસથી અખૂટ પાણીનાં પ્રવાહ સાથે ગાંડીતુર હાલતમાં બન્ને કાંઠે થઈ વહેતી જોવા મળી રહી છે. બુધવારે દિવસ દરમ્યાન ભારે વરસાદનાં પગલે ડાંગ જિલ્લાનાં અંતરીયાળ વિસ્તારમાં આવેલ ૧૩ જેટલા નીચાણવાળા કોઝવેકમ પુલો ઊંડા પાણીમાં ગરક



રહેતા ૨૦ થી વધુ ગામડાઓ જિલ્લાનાં વહીવટી મથકેથી સંપકવિહોણા બન્યા હતા.જેના પગલે સામાન્ય જનજીવન, પશુપાલન, વિદ્યાર્થી વર્ગ અને ડેરી વ્યવસાય સહીત વાહનવ્યવહાર ખોરંભે ચડ્યો હતો. ડાંગ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી મેઘરાજાએ ધબધબાટી બોલાવતા વઘઇ નજીકનો ગીરા ધોધ અને ગિરમાળનો ગીરાધોધ રોદ્ર સ્વરૂપમાં જોવા મળ્યા હતા.બન્ને ગીરાધોધ રોદ્ર સ્વરૂપમાં આવતા પ્રવાસીઓ માટે આકર્ષક નજારો જોવા મળ્યો હતો. તો બીજી તરફ ગુજરાતનું પ્રખ્યાત હિલસ્ટેશન સાપુતારા ખાતે વરસાદી માહોલની વચ્ચે સમયાંતરે ગાઢ ધુમ્મસિયા વાતાવરણની સફેદ ચાદર ઓઢાઈ રહેતા જોવાલાયક સ્થળોનું વાતાવરણ આહલાદક બની જવા પામ્યુ હતું. સાપુતારા ખાતે ફરવા આવેલ પ્રવાસીઓએ વાદળોને પોતાના નજીકથી અનુભવ કરી પ્રકૃતિનો ભરપુર આસ્વાદ માણ્યો હતો.

# વાપીની સેન્ટ ઝેવિયર્સ સ્કુલમાં બીબીએન (બિયોન્ડ બ્રેકિંગ ન્યુઝ) અંગે વર્કશોપ સંપન્ન



**વાપી, તા. ૨૨ :** સ્ટ. ઝેવિયર્સ હાઈ સ્કૂલ, વાપીમાં BBN (Beyond Breaking News) મીડિયા અને ટીવી જર્નાલિઝમ વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. Ryan TV દ્વારા આયોજિત આ પાંચ દિવસીય સઘન તાલીમ કાર્યક્રમ વિદ્યાર્થીઓને પત્રકારત્વ અને મીડિયાની ગતિશીલ દુનિયાને નજીકથી સમજવાની અનોખી તક પૂરી પાડી.

આ વર્કશોપનું સંચાલનશ્રીમતી શિબાની શર્મા, હેડ - કન્ટેન્ટ ડેવલપમેન્ટ, Ryan TV તથા તેમની અનુભવી મીડિયા ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. ૨૧ ઉત્સાહી વિદ્યાર્થી પત્રકારોએ આ વર્કશોપમાં સક્રિય ભાગ લીધો હતો. - વર્કશોપમાં અનુભવ આધારિત શિક્ષણ (Experiential Learning) પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓએ સમાચાર એકત્રિત કરવા, ઈન્ટરવ્યૂ લેવા, સમાચાર લેખન, કેમેરા સંચાલન તથા ન્યૂઝ બુલેટિન રજૂ કરવાની વ્યવહારિક તાલીમ મેળવી. આ વર્કશોપ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ તમામ પ્રતિભાગીઓને મીડિયા અને ટેલિવિઝન પત્રકારત્વમાં તેમની કુશળતા અને સમર્પણને માન્યતા આપતા પ્રતિષ્ઠિત યંગ જર્નોઝ (Young Jourknows – YJs)*નો ખિતાબ એનાયત કરવામાં આવ્યો. આ સિદ્ધિની ઉજવણી માટે વિશેષ સમારંભનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓના માતા-પિતાને આમંત્રિત કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમ દરમિયાન યંગ જર્નોઝ દ્વારા સંપૂર્ણપણે તૈયાર કરાયેલા ન્યૂઝ બુલેટિનનું પ્રદર્શન કરવામાં આવ્યું, જેને જોઈ માતા-પિતાએ તેમના સંતાનોની મહેનત અને સિદ્ધિઓની પ્રશંસા કરી.કાર્યક્રમની શરૂઆત પ્રભુ પ્રાર્થના પવિત્ર ગ્રંથ વાચન અને વિશેષ પ્રાર્થના સાથે કરવામાં આવી, આ પ્રસંગે મુકુંદ સોની દમણગંગા ટાઈમ્સ, કૌશિક જોષી આજ તકના રિપોર્ટર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતાં. મહેમાનોએ યંગ જર્નોઝને પ્રમાણપત્રો અર્પણ કરી સન્માનિત કર્યા હતા, જ્યારે માતા-પિતાએ ગર્વભેર પોતાના સંતાનોના યુનિફોર્મ પર YJ બેજલગાવી તેમની સિદ્ધિને વધુ ગૌરવપૂર્ણ બનાવી હતી. આ કાર્યક્રમ આપણાઆદરણીય ચેરમેન સર ડૉ. એ. એફ. પિન્ટોતથામેનેજિંગ ડિરેક્ટર મેડમ ડૉ. ગ્રેસ પિન્ટોના નવીન અને ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા યુવા પ્રતિભાઓને સશક્ત બનાવવાના દ્રષ્ટિકોણને સાકાર કરે છે.

# ચીખલી દેગામની કંપનીમાંથી બે કામદારોએ ચોરી કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલીતા.૨૩ :** ચીખલી તાલુકાના દેગામ વારી એનર્જી લિમિટેડ કંપનીના સ્ટોર રૂમમાં બે શખ્સોએ રૂપિયા ૭.૯૭ લાખ ના સ્પૂલ ની ચોરી કરી હોવાની ફરિયાદ ચીખલી પોલીસ મથકે નોંધાવા પામી છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના દેગામ ગામે આવેલ વારી એનર્જી લિમિટેડ કંપનીના સ્ટોર રૂમમાં તારીખ ૧૨. ૭. ૨૬ થી ૧૭. ૭.૨૬ દરમિયાન વારી કંપનીના મેન્ટેનન્સ ડિપાર્ટમેન્ટમાં કામ કરતા વર્કર જીગ્નેશકુમાર સુમનભાઈ પટેલ ઉ.વ. ૪૨ રહે જોરાવાસણ ગામ પટેલ ફળિયા તા.જી વલસાડ તથા તરુણભાઈ પ્રવીણભાઈ પટેલ ઉ.વ. ૩૨ રહે ખેરગામ પૌમાપાળ તા. ખેરગામ જી. નવસારી જેઓ એકબીજાની મદદગારીથી વારી કંપનીના સ્ટોર રૂમમાં રહેલ સ્પૂલ ૬૧૯.૧૩૧ કિલોગ્રામ કિંમત રૂપિયા ૭.૯૭.૬૩૫ની મતાની ચોરી કરતા બનાવ અંગેની ફરિયાદ પંકજભાઈ ગોવિંદભાઈ ચૌધરીનાએ કરતા આગળની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીએસઆઈ આર.એન. વાડલે કરી રહ્યા છે.

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

# ધરાસણા કોસ્ટલ હાઈવે પર અંધારપટ વચ્ચે રાત્રે કાર અકસ્માત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૨૨ :** વલસાડના ધરાસણા કોસ્ટલ હાઈવે પર મોડી રાત્રે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. ભારે વરસાદ અને કોસ્ટલ એરિયામાં સ્ટ્રીટ લાઈટો બંધ હોવાના કારણે વિઝિબિલિટી ઘટી જતા રસ્તા પરથી પસાર થઈ રહેલી એક કાર ગૌવંશ સાથે અથડાઈ હતી. આ દુર્ઘટનામાં કારમાં સવાર સમગ્ર પરિવારનો આબાદ બચાવ થયો હતો, જેને પગલે મોટી હોનારત ટળી હતી.

અકસ્માતમાં એક ગૌવંશનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક ગૌવંશ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયું હતું. શ્રીકૃષ્ણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા તાત્કાલિક સારવાર અર્થે ઘટનાની જાણ થતાં જ શ્રીકૃષ્ણ ફાઉન્ડેશન ટ્રસ્ટના સોમુ પટેલ અને તેમની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. ઈજાગ્રસ્ત ગૌવંશને સ્થળ પર પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે ગૌશાળા ખાતે ખસેડવામાં આવ્યું હતું. અકસ્માત બાદ સ્થાનિક અગ્રણી અને સામાજિક કાર્યકર સોમુ પટેલે ધરાસણા કોસ્ટલ એરિયા અને GEB વિભાગ તેમજ પ્રશાસન પ્રત્યે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, કોસ્ટલ વિસ્તારમાં અંધારપટના કારણે અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાય છે.

અંધારાના કારણે અગાઉ પણ અનેક બનાવો બન્યા છે. તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ સમગ્ર કોસ્ટલ હાઈવે પર સ્ટ્રીટ લાઈટો મુકવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ નિર્દોષ વાહનચાલક કે પશુનો જીવ ન જાય સ્થાનિકોએ પણ માંગ કરી છે કે તંત્ર દ્વારા વહેલી તકે કોસ્ટલ વિસ્તારમાં લાઈટો ચાલુ કરવામાં આવે જેથી આ વિસ્તારના વાહનચાલકો સુરક્ષિત રીતે અવરજવર કરી શકે.

# અન્ય સમાચારો

Thursday 23, July 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Thursday 23, July 2026

## રાજકીય પક્ષોએ આંદોલનકર્તા વર્ગનું ભાવિ જોવું જોઈએ

નવી દિલ્હીનો જંતરમંતર વિસ્તાર ફરી એકવાર ગરમ છે. વિદ્યાર્થીઓ આંદોલન કરી રહ્યા છે. બે સપ્તાહથી વધારે સમયથી ત્યાં ઉપવાસ આંદોલન થયું, લદ્દાખના લડાયક મિજાજની વ્યક્તિ સોનમ વાંગચૂકે કેન્દ્રના શિક્ષણ મંત્રીના રાજીનામા સહિતની માગણી સાથે આ આંદોલનનું નેતૃત્વ કર્યું, શરૂઆતમાં જેની નોંધ નહોતી લેવાઈ તેવી આ ઘટના સોશિયલ મીડિયા થકી જન જન સુધી પહોંચી. કેટલાક લોકોએ અણ્ણા હઝારેના ૨૦૧૨ના આંદોલનનું સ્મરણ કર્યું. અનેક ઘટનામાં હવે બને છે તેમ આ ઘટના પણ પક્ષ- પ્રતિપક્ષ એમ બે વિભાગમાં વહેંચાઈ ગઈ, આખરે તેમને તો પોલીસ હોસ્પિટલમાં લઈ ગઈ. વાંગચૂકના આંદોલનની વિશેષ ચર્ચાને અત્યારે અવકાશ નથી. કારણ કે, સત્ય હજી ઢંકાયેલું છે. આંદોલન કોણ કરે છે ? કોની સામે છે તેની ચર્ચા કરતાં મૂળ મુદ્દો શું છે અને તે સાચો છે કે નહીં ? તે અગત્યનું છે. જંતરમંતર પાસે ચાલી રહેલું આંદોલન વિદ્યાર્થીઓ માટેનું છે એમ કહેવાય છે. વિદ્યાર્થીઓ કરે છે કે નહીં તેમાં હજી એક મોટા વર્ગને શંકા છે. આંદોલનકર્તાની વિશ્વસનીયતા, વફાદારી વિશે પણ વિવિધ ચર્ચા થઈ રહી છે. દેશે લોકશાહી પ્રણાલી અપનાવી છે તેથી કોઈના લખવા-બોલવા ઉપર તો પ્રતિબંધ મૂકી શકાય નહીં, પરંતુ દરેક વ્યક્તિએ આવા મુદ્દે વ્યક્તિગત વિચાર, વ્યક્તિગત ગમા-અણગમાથી ઉપર ઊઠીને દેશનું અને જે વર્ગ ખરેખર કશુંક વેઠી રહ્યો છે તેમનું હિત અથવા તો તેમનો પક્ષ જોવો જોઈએ. નીટ-યુજીસીનું પેપર ફૂટયું, દેશમાં આવી ઘટનાઓ વારંવાર બને છે અને તે યોગ્ય નથી. અહીં સરકાર કોની છે તે વાત જ ગૌણ છે. રાજકીય પક્ષોને તો એકમેક ઉપર આક્ષેપ કરવાથી લાભ થતો હોય કદાચ, પ્રજા માટે તો અગત્યનું એ છે કે, આવી બાબતોનું પુનરાવર્તન અટકે. ક્યારેક તો એવું બને કે કોઈ સમસ્યાનો ઉકેલ આવતો હોય ત્યાં જ જો વિપક્ષ તેમાં કૂદે તો શાસક-વિપક્ષ વચ્ચેનું અંતર સમસ્યાના ઉકેલમાં અવરોધક બની જાય. દિલ્હીમાં ચાલી રહેલાં આંદોલનમાં આમ આદમી પાર્ટીના લોકો, થોડા દિવસો પહેલાં કોંગ્રેસના અગ્રણીઓ પહોંચ્યા હતા. કેટલાક ફિલ્મસ્ટાર્સ પણ ગયા છે. તેમનો હેતુ જે હોય તે, આંદોલન તેમના જવાથી વધારે ચર્ચાસ્પદ બને તે નક્કી છે. વિદ્યાર્થીઓ કે અન્ય કોઈ પણ ક્ષેત્રના પીડિતો પોતાની વાત રજૂ કરતા હોય પોતાની રીતે અને તેમાં જો કોઈ પણ રાજકીય પક્ષના લોકો જોડાય તો તેમનું સમર્થન કે -ોત્સાહન છે તેવી છાપ ઊભી કરવાનું સરળ થઈ જાય. આજે દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટીના નેતાઓ સરકારના પ્રતિનિધિને મળ્યા, તેમણે પોતાની માગણીઓ પણ મૂકી છે. સવાલ એ હોવો જોઈએ કે, રજૂઆત કોણ કરે છે ? સમસ્યા સાચી છે ? જો છે તો તેનો ઉકેલ આવે તે અગત્યનું છે. રાજકીય પક્ષોએ પોતાના ભાવિ એજન્ડાને બદલે આંદોલનકર્તા વર્ગનું ભાવિ જોવું જોઈએ.

# શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપે : રાહુલ ગાંધી

### સંસદમાં વિપક્ષે સંપૂર્ણ કાળા રંગના કપડા પહેરી દેખાવો કર્યો



(જી.એન.એસ) તા. ૨૨ નવી દિલ્હી, : લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવાર, ૨૨ જુલાઈના રોજ એક મીડિયા બ્રીફિંગ દરમિયાન કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા કોકરોચ જનતા પાર્ટી (CJP) ના સમર્થનમાં ત્રણ માંગણીઓ રજૂ કરી. ગાંધીએ પહેલી અને મુખ્ય માંગણીનો પુનરોચ્ચાર કર્યો: કથિત દ્નઈઈ્ પેપર લીકની પૃષ્ઠભૂમિમાં, જેના કારણે રાષ્ટ્રીય રાજધાની અને અન્ય ઘણા રાજ્યોમાં ભારે વિરોધ પ્રદર્શનો થયા. રાહુલ ગાંધીએ ધર્મેન્દ્ર પ્રધાન અને દ્નઈઈ્ પેપર લીકનો વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને ટેકો આપ્યો. "ધર્મેન્દ્ર પ્રધાનને દરવાજો બતાવવો જોઈએ; તેઓ આ પદ સંભાળવા માટે અસમર્થ છે," ગાંધીએ એક બ્રીફિંગ દરમિયાન મીડિયાને કહ્યું.

તેમણે વધુમાં કહ્યું કે "વિદ્યાર્થીઓ પર હુમલો કરનારા અધિકારીઓને જવાબદાર ઠેરવવા જોઈએ", ૨૦ જુલાઈના રોજ ઝત્તના પ્રસ્તાવિત સંસદ કૂચ દરમિયાન વિરોધીઓ સામે થયેલી હિંસાને ઉજાગર કરતા. તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને વિદ્યાર્થીઓની માફી માંગવા પણ કહ્યું. "જે કોઈએ હુમલો કર્યો છે તેને જવાબદાર ઠેરવવો જોઈએ; મોદીએ જે કર્યું છે તેના માટે વિદ્યાર્થીઓની માફી માંગવાની શિષ્ટાચાર હોવો જોઈએ," LoPએ વધુમાં ઉમેર્યું.

ગાંધીજીએ વધુમાં દાવો કર્યો કે છેલ્લા ૧૦ વર્ષમાં દેશમાં ૧૫૨ પેપર લીક થયા છે, પરંતુ તેના માટે કોઈ દોષિત ઠેરવવામાં આવ્યા નથી. "છેલ્લા ૧૦ વર્ષમાં ૧૫૨ પેપર લીક થયા છે, અને કોઈ દોષિત ઠેરવવામાં આવ્યા નથી. કોઈ દોષિત ઠેરવવામાં આવ્યા નથી. તો કોઈએ, અથવા લોકોના એક જૂથે, ભારતની સૌથી મૂલ્યવાન સંપત્તિ, આપણી શિક્ષણ પ્રણાલીનો નાશ કર્યો છે, આપણા વિદ્યાર્થીઓના જીવનનો નાશ કર્યો છે. અને સરકાર શું કરે છે? કોઈ દોષિત ઠેરવવામાં આવ્યા નથી. તો આ પહેલું કારણ છે, એકદમ વાજબી કારણ છે, કેમ કે આપણા યુવાનો વિરોધ કરી રહ્યા છે," તેમણે ઉમેર્યું.

તેમણે ૨૦ જુલાઈના રોજ પ્રસ્તાવિત "ચલો સંસદ" કૂચ દરમિયાન વિદ્યાર્થીઓ પર થયેલી કાર્યવાહી પર પણ પ્રહાર કર્યા. "હજારો અને હજારો વિદ્યાર્થીઓએ શું કર્યું છે? સુરક્ષા દળોએ તેમના પર હથિયારો તાકવા, માર મારવા, માર મારવા, અપમાનિત થવા. તેમણે શું કર્યું છે? તેમણે શું ખોટું કર્યું છે? તેઓ શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહ્યા છે.

### 'સંસદ ચલો' માર્ચ

## લીક થયેલી વોટ્સએપ ચેટથી હિંસા ભડકાવવાના કાવતરાનો ખુલાસો

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૨૨: પાટનગરમાં કૉકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન ફાટી નીકળેલી હિંસાની પોલીસે તપાસ શરૂ કરી દીધી છે. હિંસાને લઈને કાવતરાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. દિલ્હી પોલીસે હિંસક બનેલા સીજેપીના 'સંસદ ચલો'માર્ચની તપાસ શરૂ કરી દીધી છે. દરમિયાન પ્રદર્શનકારીઓ વચ્ચે કથિત રીતે થયેલા કેટલાક ચેટ મેસેજ સામે આવ્યા છે. જેનાથી ખ્યાલ આવે છે કે પ્રદર્શનકારીઓ પાસે સંભવિત ઈન્ટરનેટ બંધ દરમિયાન કનેક્ટિવિટી જાળવી રાખવાની તૈયારી છે. જ્યારે કેટલાક મેસેજ આ હેતુ માટે જીવનું બલિદાન આપવાની તૈયારી તરફ ઈશારો કરે છે. સૂત્રોએ મંગળવારે જણાવ્યું હતું કે તપાસકર્તાઓ કોઈપણ નિષ્કર્ષ કાઢતા પહેલા ચેટની સત્યતા અને સંડોવાયેલા વ્યક્તિઓની ઓળખ ચકાસી રહ્યા હતા. પોલીસના એક સૂત્રએ જણાવ્યું હતું કે કેટલાક કથિત મેસેજમાં ઈન્ટરનેટ સર્વિસ બંધ થવાની સ્થિતિમાં વાતચીત કરવા માટેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેમાં યુઝર માર્ચ દરમિયાન સંપર્કમાં રહેવા અને જાણકારી આપવા માટે અન્ય રીતોની ચર્ચા કરી રહ્યા હતા. તે ગ્રુપની વાતચીતને ઍક્સેસ કરી છે જે કથિત હિંસા સમયની થઈ હતી, જેમાં ૧૧૮ પોલીસ કર્મચારીઓ અને ૭૦ વિરોધીઓ ઘાયલ થયા હતા અને ૧૫ થી ૨૦થી વધુ સરકારી વાહનોને નુકસાન થયું હતું. એક કથિત ચેટમાં લખવામાં આવ્યું હતું કે "વિરોધ સ્થળ પર પહોંચ્યા પછી બની શકે છે કે તમારા ડિવાઈસમાં નેટવર્ક ના હોય. પોલીસે છેલ્લી વખતે નેટવર્ક જામરનો ઉપયોગ કર્યો હતો અને આ વખતે પણ કરી શકે છે. જોકે, તમે જે ગ્રુપ સાથે આવ્યા છો તેમાં કનેક્ટેડ રહેવું ખૂબ જ જરૂરી છે.

## TMC સાંસદ મોનસૂન સત્રમાંથી સસ્પેન્ડ કરાયા

### લોકસભામાં TMC સાંસદ કલ્યાણ બેનર્જીને અસંસદીય ટિપ્પણી કરવા બદલ બાકીના સમયગાળા માટે સસ્પેન્ડ કરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૨૨ : ટીએમસી નેતા કલ્યાણ બેનર્જી અને તેમના પૂર્વ પક્ષ સહયોગીઓ તથા એનસીપીઆઈ (NCPI)ના કેટલાક સાંસદો વચ્ચે ગૃહમાં તીખી તકરાર થઈ છે. તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના સાંસદ કલ્યાણ બેનર્જીને ગૃહમાં મહિલા સભ્યો સાથે કથિત ગેરવર્તણૂક અને દુર્વ્યવહાર કરવા તથા તેમની સામે અસંસદીય ટિપ્પણીઓ કરવાના મામલે બુધવારે ચોમાસુ સત્રના બાકીના સમયગાળા માટે લોકસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

બેનર્જીએ કથિત રીતે TMCના એક બળવાખોર સાંસદને ચોર પણ કહ્યા હતા, જેનાથી વિપક્ષના વિરોધ વચ્ચે ગૃહની કાર્યવાહી સ્થગિત થયા બાદ, લોકસભા ચેમ્બરની અંદર મુકાબલાની સ્થિતિ સર્જાઈ હતી.

લોકસભાની કાર્યવાહી બે વાર સ્થગિત થયા બાદ, બપોરે ૨ વાગ્યે શરૂ થઈ, ત્યારે પીઠાસીન સભાપતિ કૃષ્ણ પ્રસાદ તેન્નેટીએ જણાવ્યું કે, આજે સાંસદ કલ્યાણ બેનર્જીએ કેટલીક મહિલા સભ્યો વિરુદ્ધ અસંસદીય ટિપ્પણીઓ કરી છે, જેની લેખિત ફરિયાદ સ્પીકર ઓમ બિરલાને મળી છે. તેમણે કહ્યું, 'આ ગૃહની ગરિમા વિરુદ્ધ છે. સાંસદનું આ વર્તન અત્યંત વાંધાજનક છે.'

સમગ્ર મામલાને લઈને સંસદીય બાબતોના રાજ્ય મંત્રી અર્જુન રામ મેઘવાલે ગૃહમાં પ્રસ્તાવ મૂક્યો કે, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ કલ્યાણ બેનર્જી, જેમણે મહિલા સાંસદો સાથે ગેરવર્તણૂક અને દુર્વ્યવહાર કર્યો છે, તેમને હાલના સત્રના બાકીના સમયગાળા માટે ગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવે. ગૃહે આ પ્રસ્તાવને ધ્વનિમતથી સ્વીકારી લીધો, ત્યારબાદ પીઠાસીન સભાપતિ તેન્નેટીએ બેનર્જીને સત્રના બાકીના સમયગાળા માટે ગૃહમાંથી સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી, અને તેમને તાત્કાલિક ગૃહની બહાર જવાનો આદેશ આપ્યો.

## વાંગચુક ભૂખ હડતાળ સમાપ્ત કરવા તૈયાર



(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૨૨ : હોસ્પિટલમાંથી સોનમ વાંગચુકે સરકારને પત્ર લખ્યો છે. સોનમ વાંગચુકે અનશન ખતમ કરવા માટે પોતાની માગ રાખી છે. તેમણે કહ્યું કે આત્મહત્યા કરનાર વિદ્યાર્થીઓના પરિવારને વળતર મળે. સંસદમાં ચર્ચા થાય અને શિક્ષણમંત્રીનું રાજીનામું લેવામાં આવે. પોતાના પત્રમાં સોનમ વાંગચુકે જણાવ્યું કે કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડા અને જિતેન્દ્ર સિંહે ગત રાત્રે હોસ્પિટલમાં મુલાકાત કરી. તે માટે તેમણે બંને નેતાઓનો આભાર વ્યક્ત કર્યો છે.

સોનમ વાંગચુકે લખ્યું 'ચર્ચા દરમિયાન તમે મને આશ્વાસન આપ્યું હતું કે સરકાર સકારાત્મક રૂપથી વિચાર કરશે જેમાં પેપર લીક થયા બાદ આપઘાત કરનાર વિદ્યાર્થીઓના પરિવારોને વળતર, સંસદમાં જવાબદારી નક્કી કરવા માટે સાર્થક ચર્ચા, જેમાં માનનીય શિક્ષણ મંત્રીના રાજીનામા પર પણ વિચાર સામેલ છે.'

પોતાના પત્રમાં તેમણે લખ્યું 'પોલીસની બર્બરતા અને જરૂરિયાતથી વધુ બળપ્રયોગ છતાં ૨૦ જુલાઈએ સંસદ ચલો માર્ચ શાંતિપૂર્ણ રહી.

દેશ અને દુનિયાએ લોકતાંત્રિક રીતે વિરોધ કરવા પ્રત્યે તેમના ધૈર્ય અને સંકલ્પને જોયો. હું આશા વ્યક્ત કરુ છું કે તેમાં સામેલ લોકો વિરુદ્ધ કોઈ કાયદાકીય મામલા, દુર્વ્યવહાર કે બદલાની ભાવનાથી કરવામાં આવેલી કાર્યવાહીથી લોકતાંત્રિક સંસ્થાઓમાં તેમના ભરોસાને વધુ ઘટાડવામાં આવશે નહીં.'

તેમણે આગળ લખ્યું- તમારા અહીં આવ્યા બાદ અલગ-અલગ રાજકીય દળોના લગભગ ૬૫ સાંસદોએ મને પત્ર લખ્યો. કેટલાક લોકો આવ્યા અને હજુ સાંજ સુધી આવવાની આશા છે. તે બધાએ મને અનશન ખતમ કરવાની અપીલ કરી અને મને યાદ અપાવ્યું કે દેશ સેવામાં મારે હજુ ઘણું કામ કરવાનું છે. હું તેમની વાતથી સહમત છું. પત્રમાં તેમણે કહ્યું- હું જીવવા ઈચ્છુ છું. હું મારા વિદ્યાર્થીઓ, શિક્ષણ અને તે કામ તરફ પરત ફરવા ઈચ્છુ છું જેણે મારા જીવનને અર્થ આપ્યો છે. પરંતુ હું તે યુવા લોકોની કિંમત પર આવું ન કરી શકું, જેના માટે આ આંદોલન શરૂ થયું હતું.

## કેન્દ્રીય શિક્ષણમંત્રીના રાજીનામાની માંગ સાથે ગુજરાત કોંગ્રેસનું ઉગ્ર પ્રદર્શન



અમારા પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા. ૨૧ : નીટ પેપર લીક મામલે દિલ્હીમાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીના વિરોધ અને અટકાયત બાદ તેના પડઘા ગુજરાતમાં પણ પડ્યા છે. કેન્દ્રીય શિક્ષણમંત્રીના રાજીનામાની માંગ સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની આગેવાનીમાં અમદાવાદ સ્થિત રાજીવ ગાંધી ભવન ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાયા બાદ કોંગ્રેસે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. બેઠક પૂર્ણ થતાં જ નેતાઓ અને કાર્યકરોએ કાર્યાલય બહાર ધસી આવીને રસ્તા પર ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે ધરણા કર્યા હતા અને વિરોધ કૂચ કાઢી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, આજે ભાજપના નેતાઓએ પોતાની નિષ્ફળતા બદલ શરમ અનુભવવી જોઈએ, પરંતુ તેઓ લાજવાને બદલે ગાજી રહ્યા છે. ભાજપની ડબલ એન્જિન સરકારના શાસનમાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં અનેક વખત પેપર લીક થયા, પરીક્ષાઓ રદ થઈ અને લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ગંભીર ચેડાં થયા છે. તાજેતરમાં નીટ પરીક્ષા પેપર લીકની ઘટનાએ સમગ્ર દેશના યુવાનોમાં ભારે આક્રોશ ફેલાવ્યો છે. ભાજપના મળતિયાઓએ સમગ્ર પરીક્ષા પદ્ધતિ, ભરતી પ્રક્રિયા અને શિક્ષણ વ્યવસ્થાને ભ્રષ્ટ બનાવી દીધી છે. જેના કારણે લાખો પરીક્ષાર્થીઓ આજે પોતાના ભવિષ્ય અંગે ચિંતિત છે અને સમગ્ર દેશમાં વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરીને ન્યાયની માંગ કરી રહ્યા છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી દ્વારા `છાત્ર ગુંજે અભિયાનના માધ્યમથી વિદ્યાર્થીઓના પ્રશ્નોને રાષ્ટ્રીય સ્તરે ઉઠાવવામાં આવ્યા છે. આજે દેશનો એક-એક વિદ્યાર્થી, એક-એક પરિવાર અને દરેક જાગૃત નાગરિક કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યો છે. પરંતુ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, જે દરેક મુદ્દે ભાષણો કરે છે, તેઓ વિદ્યાર્થીઓના પ્રશ્નો, પરીક્ષા કૌભાંડો અને આત્મહત્યાની દુ:ખદ ઘટનાઓ અંગે એક શબ્દ પણ બોલતા નથી. તેમણે કહ્યું કે દેશભરમાં વિદ્યાર્થીઓના આત્મહત્યાના બનાવો ચિંતાજનક છે, છતાં કેન્દ્ર સરકાર મૌન છે.

## વિરોધ વચ્ચે મોદીને મળ્યા શરદ પવાર - સુપ્રિયા સુલે

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૨૨ : બુધવારે જ્યારે વિરોધ પક્ષના સાંસદો સંસદની બહાર સરકાર વિરુદ્ધ વિરોધ પ્રદર્શન અને નારેબાજી કરી રહ્યા હતા, ત્યારે વડાપ્રધાન કાર્યાલયમાં થયેલી એક બેઠકે રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી દીધી છે. NCP (SP)ના પ્રમુખ શરદ પવાર અને તેમની પુત્રી તથા સાંસદ સુપ્રિયા સુલેએ બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યાલયમાં મુલાકાત કરી હતી. બેઠકની તસવીરોમાં અનુભવી મરાઠા નેતા અને વડાપ્રધાન એકબીજા સાથે વાતચીત કરતા અને ખુલ્લા મનથી હસતા જોવા મળ્યા હતા. અન્ય એક તસવીરમાં વડાપ્રધાન વરિષ્ઠ નેતાનું સ્વાગત કરતા અને તેમને પોતાના કાર્યાલયના દરવાજા પર આવકારી રહ્યા હોવાનું જોવા મળ્યું હતું.

એક રિપોર્ટ મુજબ આ બેઠક એવા સમયે થઈ છે, જ્યારે સરકાર સંસદમાં પરિસીમન વિધેયક (Delimitation Bill) માટે બે-તૃતીયાંશ બહુમતી મેળવવાનો પ્રયાસ કરી રહી છે. કેન્દ્ર સરકાર હાલના ચોમાસુ સત્ર દરમિયાન આ વિધેયક ફરીથી રજૂ કરવાની યોજના બનાવી રહી છે. સરકારની સંસદીય વ્યૂહરચના માટે NCP (SP)ના ૮ સાંસદો મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે.

## આસામમાં પૂર : ૨૪ કલાકમાં ૨૧ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૨૨ : અસમમાં પૂરની સ્થિતિ વધુ ગંભીર બની છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૧ લોકોના મોત થતા, કુલ મૃત્યુઆંક ૩૧ પર પહોંચ્યો છે. છજીઢસ્છ મુજબ, રાજ્યના ૧૬ જિલ્લાઓમાં ૫.૬૪ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. શિવસાગર સૌથી વધુ અસરગ્રસ્ત છે, જ્યાં ૧૩ મૃત્યુ અને ૩.૫૯ લાખ લોકો ફસાયા છે. ૮૭૨ ગામો પાણીમાં ગરકાવ થયા છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્મા સ્થળ પર સમીક્ષા કરશે. અસમમાં પૂરની સ્થિતિ દિન-પ્રતિદિન વધુ ગંભીર બની રહી છે. પાછલા ૨૪ કલાકમાં પૂરના કારણે વધુ ૨૧ લોકોએ જીવ ગુમાવ્યા છે. જેના કારણે ચાલુ વર્ષે પૂરથી મૃત્યુ પામનારાઓનો કુલ આંકડો ૩૧ પર પહોંચી ગયો છે. અસમ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (છજીઢસ્છ) ના બુલેટિન મુજબ, રાજ્યના ૧૬ જિલ્લાઓમાં ૫.૬૪ લાખથી વધુ લોકો પૂરના પાણીમાં ઘેરાયેલા છે. છજીઢસ્છ ના જણાવ્યા અનુસાર, શિવસાગર જિલ્લામાં પૂરથી સૌથી વધુ તારાજી સર્જાઈ છે, જ્યાં ૧૩ લોકોના મોત થયા છે અને ૩.૫૯ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. આ સિવાય જોરહાટમાં ૮૭ હજાર અને ચરાઈદેવમાં ૭૨ હજારથી વધુ લોકો પૂરનો સામનો કરી રહ્યા છે. રાજ્યના ૪૪ રેવન્યુ સર્કલ હેઠળના ૮૭૨ ગામો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. રાહત કામગીરી માટે ૭૧ રિલીફ કેમ્પ અને ૨૦૨ રાહત વિતરણ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ જણાવ્યું છે કે તેઓ પૂરગ્રસ્ત જિલ્લાઓની મુલાકાત લઈને સ્થળ પર જઈને બચાવ અને રાહત કામગીરીની સમીક્ષા કરશે.

## ગુજરાતમાં ચોમાસાની જમાવટ, હજુ ચાર દિવસ ભારે

અમારા પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા. ૨૧ : ગુજરાતમાં ફરી એકવાર વરસાદી માહોલ જામ્યો છે. આગામી ચાર દિવસ માટે ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સૌની વચ્ચે હવામાન વિભાગની નાઉકાસ્ટ હેઠળ પણ ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં રેડ એલર્ટ જારી કરવામાં આવી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, રાજ્યમાં અપર એર સાયકલોનિક સર્ક્યુલેશન અને ટ્રફ લાઈન સક્રિય હોવાથી વરસાદી માહોલ સર્જાયો છે. આ સિસ્ટમોના પ્રભાવ હેઠળ દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં વરસાદનું જોર વધુ રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી સાત દિવસ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ રહેશે, જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને ત્યારબાદ ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્રમાં કેટલાક સ્થળોએ અને કચ્છમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

આવતીકાલે પણ નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલી માટે રેડ અલર્ટ યથાવત રાખવામાં આવ્યું છે, જ્યાં અત્યંત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દરિયાકાંઠાના વિસ્તારો માટે પણ ખાસ ચેતવણી આપવામાં આવી છે. આગામી ત્રણ દિવસ સુધી માછીમારોએ દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. આજે દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે LCS-૩ સિગ્નલ જાહેર કરવામાં આવ્યું છે.

નોંધનીય છે કે ભારે વરસાદની આગાહી છતાં રાજ્યમાં અત્યાર સુધી સિઝનનો કુલ વરસાદ સામાન્યની સરખામણીએ અંદાજે ૩૧ ટકા ઓછો નોંધાયો છે. હવામાન વિભાગે નાગરિકોને જરૂરી સાવચેતી રાખવા અને સ્થાનિક તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે.

આજે સાંજે ચાર વાગ્યા સુધીમાં નોંધપાત્ર પડેલા વરસાદના આંકડાઓ જોતા જણાય છે કે વલસાડમાં ૯.૫૭, ઉમરગામમાં ૮.૪૩, પારડીમાં ૮.૧૫, ખેરગામમાં ૬.૭૭, પલસાણામાં ૬.૦૨, ગણદેવીમાં ૫.૪૭, ચીખલીમાં ૫.૩૫, મહૂવામાં ૪.૯૬, બારડોલીમાં ૪.૮૪, વાલોદમાં ૪.૬૧, કપરાડામાં ૪.૫૩, નાનાપોંઢામાં ૪.૪૫, અંબિકામાં ૪.૩૩, વ્યારામાં ૪.૨૯, જલાલપોરમાં ૪.૧૩, ધરમપુરમાં ૪.૦૬, વાપીમાં ૪.૦૬, નવસારીમાં ૩.૭૮, ઉકાઈમાં ૩.૩૯, સોનગઢમાં ૩.૧૧, વાંસદામાં ૨.૭૬, ડોલવણમાં ૨.૭૨, ઉમરપાડામાં ૨.૦૯ અને ઝઘડિયામાં ૨.૦૫ ઇંચ વરસાદ નોંધાયો છે.

### ટ્રમ્પના નવા નિર્ણયે ભારતના ધબકારાં વધાર્યા

## જેનેરિક દવાઓ પર ૨૦૦% ટેરિફ ઝીંકાશે!

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૨૨ : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતની ચિંતા વધારતો એક મોટો નિર્ણય લીધો છે. અમેરિકામાં આયાત કરવામાં આવતી જેનરિક દવાઓ પર ભારે ટેરિફ લાદવાની જાહેરાત કરવામાં આવી છે. અમેરિકા ભારતીય ફાર્માસ્યુટિકલ કંપનીઓ માટે સૌથી મોટું માર્કેટ હોવાથી, ડોનાલ્ડ ટ્રમ્પના આ પગલાની સીધી અને ગંભીર અસર ભારતના ફાર્મા ઉદ્યોગ પર પડશે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જેનરિક દવાઓ પર લાદવામાં આવનારા ટેરિફ અંગે એક મહત્ત્વપૂર્ણ માહિતી આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે ૧ ઓગસ્ટ, ૨૦૨૬થી આગામી બે વર્ષ સુધી (ઓગસ્ટ ૨૦૨૮ સુધી) અમેરિકામાં આયાત થતી તમામ જેનરિક દવાઓ પર કોઈ ટેરિફ નહીં લાગે અને આયાત શુલ્ક શૂન્ય રહેશે.

જોકે, ઓગસ્ટ ૨૦૨૮થી આ નિયમોમાં મોટો બદલાવ આવશે. ૨૦૨૮થી પ્રથમ વર્ષ માટે જેનરિક દવાઓ પર ટેરિફ વધારીને ૧૦૦% કરવામાં આવશે અને ત્યારબાદ તેને ૨૦૦% સુધી કરી દેવાશે.

આ સાથે જ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન કંપનીઓને કડક ચેતવણી આપી છે કે જો તેઓ નિર્ધારિત સમય મર્યાદામાં અમેરિકામાં પોતાના ઉત્પાદન પ્લાન્ટ અને સાધનો ઊભા નહીં કરે, તો તેમની સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. આ સમગ્ર નીતિનો મુખ્ય હેતુ જેનરિક દવાઓનું ઉત્પાદન ફરીથી અમેરિકામાં જ શરૂ કરવાનો છે.

## ઈરાનનો કુવૈતના વોટર પ્લાન્ટ, એમેઝોનના ડેટા સેન્ટર પર હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા) તહેરાન, તા.૨૨ : મધ્યપૂર્વમાં સ્થિતિ દિનપ્રતિદિન વધુ વણસતી જાય છે. ખાડીયુદ્ધ વચ્ચે કુવૈતે દાવો કર્યો છે કે ઈરાને સળંગ ચોથા દિવસ તેના વોટર ડિસેલિનેશન પ્લાન્ટ અને વીજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલા કર્યા છે. આ વોટર ડિસેલિનેશન પ્લાન્ટમાંથી કુવૈતની ૯૦ ટકા વસ્તીને પીવાનું પાણી પૂરુ પાડવામાં આવે છે. આમ ઈરાન હવે વોટર યુદ્ધ છેડી રહ્યુ છે. જ્યારે ઈરાને જણાવ્યું હતું કે અમેરિકાએ અમારા ડિસેલિનેશન પ્લાન્ટ પર હુમલા કરતાં અમે તેના સહયોગી દેશોના પ્લાન્ટ પર હુમલા કર્યા છે. કુવૈતના વીજળી, પાણી અને રીન્યુએબલ એનર્જી મંત્રાલયે જણાવ્યું હતું કે સોમવારે ઈરાને સળંગ ચોથા દિવસે આ પ્લાન્ટને નિશાન બનાવ્યા. હુમલાના લીધે કેટલાય સ્થળોએ આગ લાગી અને પ્લાન્ટને નુકસાન થયું. મંત્રાલયે જણાવ્યું હતું કે પ્લાન્ટના નુકસાન પામેલા હિસ્સાનું રિપેરિંગ શરૂ કરી દેવાયું છે. કુવૈતમાં પીવાના પાણીનો મોટો હિસ્સો સમુદ્રના પાણીને સાફ કરીને પૂરો પડાય છે. દેશની લગભગ ૯૦ ટકા પીવાના પાણીની જરૂરિયાત ડિસેલિનેશન પ્લાન્ટથી પૂરી થાય છે. તેથી આ પ્લાન્ટ પર હુમલાને અત્યંત ગંભીર માનવામાં આવે છે. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી)એ દાવો કર્યો છે કે તેણે બહેરીનમાં એમેઝોનના એક મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ પર ક્રૂઝ મિસાઈલો વડે હુમલો કર્યો છે. કોઈપણ કંપનીના ડેટા સેન્ટર પર હુમલો થાય છે ત્યારે ફક્ત તેનું જ નુકસાન થતું નથી, પરંતુ તે કંપનીઓ પર પણ અસર પડે છે જે એડબલ્યુએસની સર્વિસનો ઉપયોગ કરી રહી છે. તેના પહેલા પણ અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન પર હુમલો કર્યો હતો ત્યારે વળતી કાર્યવાહી કરતાં ઈરાને ઘણી અમેરિકન ટેકનોલોજી કંપનીઓને નિશાન બનાવી હતી. આ હુમલા અંગે બહરીન સરકાર, અમેરિકા અને એમેઝોન તરફથી કોઈ નિવેદન જારી કરવામાં આવ્યું નથી. આઈઆરજીસી મુજબ તેની એરોસ્પેસ ફોર્સે બહરીનમાં એમેઝોનના સેન્ટ્રલ ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવ્યું. ઈરાનનો દાવો છે કે આ હુમલામાં ડેટા સેન્ટરને નુકસાન પહોંચ્યું છે. ઈરાને તેની સાથે બહેરીનના મુહર્રક અને રિફા વિસ્તારમાં અમેરિકાની એર ડિફેન્સ અને રડારને પણ નિશાન બનાવવાની વાત કરી છે. બહેરીન એમેઝોન વેબ સર્વિસ માટે મહત્ત્વનું સ્થળ છે. તેથી જો ઈરાનનો દાવો સાચો હોય તો તેને જબરદસ્ત નુકસાન થયું કહી શકાય. અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે તેણે ઈરાનના મિલિટરી કમાન્ડ સેન્ટર, મેરીટાઈમ ક્ષમતા, મિસાઈલ અને ડ્રોન લોન્ચ સાઈટ્સ અને એર ડિફેન્સ સિસ્ટમ્સને ટાર્ગેટ બનાવી હુમલા કર્યા છે.

# વલસાડ તાલુકામાં ૧૨ કલાકમાં ૧૧ ઈંચ વરસાદ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** વલસાડ તાલુકામાં ૧૨ કલાકમાં ૧૧ ઈંચ વરસાદ વરસી પડતા શહેરના નીચાણવાળા વિસ્તાર અને નજીકમાં આવેલ ગામો માં પાણી ફરી વળતા કાશમીર નગર, વેજલપોર અને બરૂડીયાવાડના ૧૫૦ જેટલાં લોકોનું સ્થળાતર કરાયું હતું. વલસાડ શહેરના મુખ્ય માર્ગો સોસાયટી ઘર મકાન દુકાન માં પાણી ભરાતા નુકસાની થઈ હતી. તમે કેટલાક વિસ્તારમાં જળબંબાકાર બની ગયા હતા. વલસાડ જિલ્લામાં ગઈકાલથી મુશળધાર વરસાદ પડી રહ્યો છે. જેના કારણે વલસાડ જિલ્લાનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે ઠેર ઠેર પાણી ભરાવાના રસ્તા બંધ થવાના બનાવો બન્યા છે.

શહેરમાંથી પસાર થતી ઔરંગા નદી જનક સપાટી વટાવી જતા વહીવટી તંત્ર દોડતું થઈ ગયું છે. શહેર નજીક આવેલા નિચાણવાળા વિસ્તાર એવા વલસાડપારડી અને કાશમીર નગર વિસતારમાં પાણી ઘુસ્તા લોકોને સ્થળાતર કરવામાં આવ્યા હતા. જ્યારેવલસાડનું ભાગડાખુર્દ ગામ સંપર્ક વિહોણું થયું હતું. વલસાડ ની ઔરંગાનદીના વધતા જળ સ્તરને લઇ NDRFની ટિમ ગ્રાઉન્ડ પર તૈનાત કરવામાં આવી હતી જયારે વલસાડ તાલુકાના કાંઠા વિસ્તારમાં આવેલા કકવાડી ગામમાં અચાનક પૂર જેવી પરિસ્થિતિ સર્જાતા સમગ્ર પંથકમાં હાહાકાર મચી ગયો છે. ગામના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળતા અનેક ઘરોની અંદર પૂરના પાણી ઘૂસી ગયા હતા, જેના કારણે ઘરવખરીના સામાનને ભારે નુકસાન પહોંચ્યું છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, અચાનક આવી પડેલી આ આફતને કારણે લોકોની રોજીંદી જિંદગી અસ્તવ્યસ્ત થઈ ગઈ છે.

આ પૂરના પાણીના ભારે પ્રવાહને કારણે માછીમારો માટે અત્યંત મહત્વનો ગણાતો બોટ પાર્કિંગ તરફ જવાનો મુખ્ય રસ્તો પણ બંધ થઈ ગયો છે.

રસ્તો ક્ષતિગ્રસ્ત થવાના કારણે દરિયા કિનારે પાર્કિંગમાં મુકેલી અનેક બોટ સુધી પહોંચવું બોટ માલિકો માટે અશક્ય બની ગયું છે. જો સમયસર રસ્તો શરૂ કરવામાં નહીં આવે તો બોટ માલિકોને મોટું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવી શકે તેમ છે.



વલસાડ શહેરના પાલીહિલ પાછળ આવેલા એસટીપી પ્લાન્ટ ખાતે ફસાયેલા ત્રણ મજૂરોનું એનડીઅરએફની ટીમ દ્વારા સફળ રેસ્ક્યુ કરી બચાવવામાં આવ્યા. ત્રણેય વ્યક્તિઓને એનડીઆરએફની ટીમે સમયસૂચકતા વાપરી સહી સલામત બહાર કાઢ્યા.

## ઔરંગાનું પાણી વધતાં જ પારડી સાંઢપોર પંચાયતમાં સાયરન વાગે છે

વલસાડના પારડી સાંઢપોર ગામે આવેલી ગ્રામ પંચાયતમાં અચાનક સાયરન વાગી ઉઠતાં જ સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. જોકે, આ સાયરન કોઈ અકસ્માતનું નહીં પરંતુ નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરે પહોંચી હોવાની આગોતરી ચેતવણી આપતું સાયરન હતું. વલસાડ ના ઔરંગા નદીના કિનારે આવેલા પારડી સાંઢપોર ગામના સરપંચ ધર્મેશભાઈ ઉર્ફે ભોલાભાઈ પટેલે ૩ વર્ષ અગાઉ એક વિશિષ્ટ અને પ્રશંસનીય સિસ્ટમ ઊભી કરી હતી. સાયરનનો અવાજ સંભળાતા જ ગામના નીચાણવાળા વિસ્તારોમાં, મુખ્ય રસ્તા પર આવેલા ઘરો તથા દુકાનોમાં રહેતા લોકો તાત્કાલિક સાવચેત થઈ જાય છે. સ્થાનિક તંત્ર અને ગામ લોકો સરપંચના આ નવતર પ્રયોગની સરાહના કરી રહ્યા છે,


**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM HARDIKABEN CHHAGANBHAI RATHOD TO HARDIKA CHHAGANBHAI RATHOD ADDRESS: - 15-344-AF 15, MASHAL CHOWK, KATHIRIA, NANI DAMAN-396210


હવામાન ખાતા દ્વારા જારી રેડ એલર્ટના પગલે

# વલસાડ જિલ્લા અને સંઘપ્રદેશમાં આજે શાળાઓમાં રજા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૨ :** વલસાડ જિલ્લા અને સંઘપ્રદેશ દમણ-દીવ તથા દાનહમાં છેલ્લા ત્રણ દિવસથી સતત ભારે વરસાદને કારણે જનજીવન પર વ્યાપક અસર જોવા મળી રહી છે. અનેક વિસ્તારોમાં પાણી ભરાવા, માર્ગો અવરોધિત થવા તેમજ નદી-નાળાઓમાં પાણીની સપાટી વધતા તકેદારીના ભાગરૂપે હવામાન ખાતાની આગાહી મુજબ વલસાડ જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા વલસાડ જિલ્લામાં એક પરિપત્ર જાહેર કરીને આજે જિલ્લાની તમામ અને તમામ બોર્ડોની શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર કરી છે એ રીતે સંઘપ્રદેશ દમણ અને દાનહમાં ડિસ્ટ્રીકટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના ડેપ્યુટી કલેકટર આરતી અગ્રવાલે અને દાદરા નગર હવેલીમાં એસડીએમ અમિત કુમારે પણ એક હુકમ દ્વારા દમણની શાળાઓમાં તમામ સરકારી અને ખાનગી શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવા નિર્દેશ જારી કર્યા છે.

વલસાડથી પ્રાપ્ત માહિતી પ્રમાણે જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં વલસાડ જિલ્લામાં તા.૨૩ જુલાઈ, ૨૦૨૬ના ગુરુવારે જિલ્લામાં આવેલી તમામ સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી તેમજ વિવિધ બોર્ડ સંલગ્ન શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. વિદ્યાર્થીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપીને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાજેશ્રી એલ. ટંડેલે જણાવ્યું છે કે વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય ખોરવાય નહીં તે માટે જ્યાં શક્ય હોય ત્યાં ઓનલાઈન શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવે. આ અંગે જિલ્લાના તમામ શાળા સંચાલકો, આચાર્યો અને કોલેજોના પ્રિન્સિપાલોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. શિક્ષણ વિભાગે તમામ સંસ્થાઓને જિલ્લા વહીવટીતંત્રની સૂચનાઓનું પાલન કરવા જણાવ્યું છે.

## મધરાત બાદ અબ્રામામાં ઘરોમાં પાણી ઘૂસ્યા : રાત પલંગ પર વિતાવી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** ગઈકાલથી જિલ્લામાં ભારે પડી રહેલ વરસાદથી વલસાડ શહેરના અબ્રામા વિસ્તારમાં મોડી રાત્રે આશરે ૩ વાગ્યાના અરસામાં અચાનક વરસાદી પાણી ?અબ્રામા સ્થિત તુલસીવન, પંચવટી, અને સાંઈ પાર્ક સહિતની અનેક સોસાયટીઓમાં રાત્રે લોકો ગાઢ નિંદ્રામાં હતા ત્યારે જ ઘરોમાં પાણી ફરી વળ્યા હતા. રહીશો જાગ્યા ત્યારે ઘરવખરી, અનાજ, કપડાં, ગાદલા-તકિયા અને ચાદરો સહિતની કિંમતી સામગ્રી પાણીમાં ગરકાવ થઈ ચૂકી હતી.

પાણીનું સ્તર એટલું વધી ગયું હતું કે પરિવારોએ પોતાનો બચાવ કરવા પલંગ પર ચઢી જવું પડ્યું હતું. માસૂમ બાળકોને સુરક્ષિત રાખવા માટે માતા-પિતાએ એક પર એક પલંગ ગોઠવીને તેમના પર બાળકોને બેસાડી આખી રાત જાગીને વિતાવી હતી. સ્થાનિક રહીશોમાં તંત્ર અને સ્થાનિક નેતાઓ પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહીશોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ કોઈ નવી વાત નથી, દર ચોમાસે સામાન્ય કે ભારે વરસાદમાં આ જ કરૂણ દ્રશ્યો સર્જાય છે.

## વાંકીના પાણી DGVCL ની કચેરીમાં ઘૂસ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** વલસાડ શહેરમાં ભારે વરસાદને કારણે વાંકી નદીના પાણી દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ ની મુખ્ય કચેરીમાં ઘૂસી ગયા છે. નદીનું જળસ્તર વધતા કચેરીનો સમગ્ર ગ્રાઉન્ડ ફ્લોર પાણીમાં જળમગ્ન થઈ ગયો છે.

પાણી ભરાઈ જવાને કારણે કચેરીના નીચેના ભાગે રાખવામાં આવેલા મહત્ત્વના સામાન અને દસ્તાવેજોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવી છે. DGVCL ના કર્મચારીઓ દ્વારા કમ્પ્યુટર સિસ્ટમ, મહત્વની ફાઈલો અને અન્ય સરકારી રેકોર્ડને પાણીથી બચાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આ સ્થિતિ વચ્ચે પણ વીજ સેવાઓ ખોરવાય નહીં તે માટે કર્મચારીઓ ભારે હાલાકી ભોગવીને પાણીમાં બેસીને જ પોતાનું કામ કરવા માટે મજબૂર બન્યા છે.


**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**Silvassa Municipal Council**

**NOTICE INVITING OBJECTION/SUGGESTION**

**Draft Dadra and Nagar Haveli and Daman and Diu Solid Waste (Handling and Management) Bye-Laws, 2026**

The Silvassa Municipal Council, Daman Municipal Council, and Diu Municipal Council have prepared the **Draft Consolidated Solid Waste Management Bye-Laws** under the provisions of the Dadra and Nagar Haveli and Daman and Diu Municipal Council Regulation, 2004 (as adapted), in accordance with the **Solid Waste Management Rules, 2026**, issued by the Government of India. These Bye-Laws have been published for suggestions and objections of all inhabitants of Silvassa, Daman and Diu Municipal area.

For Details, Please Scan

Link: https://drive.google.com/file/d/1yPU19Uq1XLqtZiCdPfLEDPIwxGQMk1b2/view?usp=drive_link

Email Id:- silvassamunicipalcouncil.com
Phone No. 0260-2633193
Mo. No.: +91 8347472611

Chief Officer, Silvassa Municipal Council, Silvassa, DNH

NO.: IP/DMN/2/5/2026-27/343 DATED :21/07/2026



**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**NOTICE INVITING E-PROCUREMENT TENDER**

**Notice Inviting Tender for DNH and DD Power Corporation Ltd, as per details mentioned below.**

e- PTN No. :19/2026-27/516
Tender ID No. :2026_UTDNH_8155_1
Last date of download : 05/10/2026 at 12:00 hrs.
Last date of online submission : 05/10/2026 at 13:00 hrs.
Last date of hard copy submission : 05/10/2026 at 15:00 hrs.

Name of work: TRANSMISSION SYSTEM FOR ESTABLISHMENT OF 2 x 160 MVA, 220/66 KV GAS INSULATED SUBSTATION (GIS) ALONGWITH LILO OF BOTH CIRCUITS OF 220 KV VAPI-II-SAYLI CIRCUIT 1 & 2 AND 2X20 MVA 66/11 KV GAS INSULATED SUB STATION (GIS) AT VILLAGE SAYLI, UT OF DNH & DD, SILVASSA

For details, please scan
www.dnhtenders.gov.in
ee-elec-dnh@ddd.gov.in
026-2406500

Any Other Details:

DNH & DD Power Corporation Limited, Dadra Nagar Haveli and Daman Diu, Silvassa.

NO.: IP/DMN/2/5/2026-27/341 DATED :21/07/2026



**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**NOTICE INVITING E-PROCUREMENT TENDER**

**Notice Inviting Tender for DNH and DD Power Corporation Ltd, as per details mentioned below.**

e- PTN No. :18/2026-27/522
Tender ID No. :2026_UTDNH_8158_1
Last date of download : 31/07/2026 at 12:00 hrs.
Last date of online submission : 31/07/2026 at 12:00 hrs.
Last date of hard copy submission : 31/07/2026 at 12:00 hrs.

Name of work: Supply, Installation, Testing and Commissioning of GPS Master Clock System along with Synchronization of Protection Relays, Disturbance Recorders and other Intelligent Electronic Devices (IEDs) at 220/66 kV Kharadpada Substation in the UT of Dadra & Nagar Haveli, Silvassa.

For details, please scan
www.dnhtenders.gov.in
ee-elec-dnh@ddd.gov.in
026-2406500

Any Other Details:

DNH & DD Power Corporation Limited, Dadra Nagar Haveli and Daman Diu, Silvassa.

NO.: IP/DMN/2/5/2026-27/342 DATED :21/07/2026



**GOVERNMENT OF MAHARASHTRA**
**DISTRICT CONSUMER DISPUTES REDRESSAL COMMISSION**
**COLLECTOR OFFICE COMPOUND, NEAR C.B.S.OLD AGRA ROAD**
**NASHIK - 422002**
**E-mail ID: confo.-ns-mh@nic.in**
**Telephone No.: 0253-2580142**
**O.W. No.: DCDRC/NSK/CC/PUBNOTICE/**
**Consumer Complaint No.: 501, 504, 505, 516, 517, 520, 523, 527, 528, 529/2024**

Date: 24/08/2026

**1) CASE NO-CC/501/2024**, Mrs.DHANASHREE NIVRUTTI PAGAR, Age: 26, occupation; service, ADD:- Krishna valley, B wing flat No. 202
**2) CASE NO-CC/504/2024**, 1.Mr.HEMARAJ LAHANU GAIKWAD, Age;-50, occupation: service, 2.Mrs.GANGUBAI HEMARAJ GAIKWAD Age;- 46, occupation: House hold BOTH ADD; Krishna valley, B wing flat No. 302
**3) CASE NO-CC/505/2024**, 1.Mr.VIJAY ASHOK CHAROSKAR AGE;-35,occupation; Service, 2.Mrs.SWATI VIJAY CHAROSKAR, AGE;-32, occupation; Service BOTH ADD;-Krishna valley, A WING Flat No. 202 **........Complainant 1 to 10**
**4) CASE NO-CC/516/2024**, 1.Mr.DEEPAK BHALCHANDRA KOTHAWADE, Age;-39, occupation; Service
2.Mrs. PRATIBHA DEEPAK KOTHAWADE, Age;-.. occupation; Service, BOTH ADD;- Krishna valley, A WING Flat No. 304
**5) CASE NO-CC/517/2024**, Mr.VIJAY NARAYAN MAHALE Age;- 61, occupation: Service, ADD;- Krishna valley, A wing Flat No. 101, 6) CASE NO-CC/520/2024m, 1.Mr.RAMESH RATAN DHIWARE, Age;-54, occupation; Service
2.Mrs.SUREKHA RAMESH DHIWARE, Age;-44, occupation; House Hold, ADD;- Krishna valley, E WING Flat No. 103
**7) CASE NO-CC/523/2024**, 1.Mr.JAYESH JAGANNATH AHIRE, Age;-41, occupation; Service , 2.Mrs.KAVITA JAYESH, AHIRE, Age;-41, occupation; Service, ADD;- Krishna valley, B WING Flat No. 302
**8) CASE NO-CC/527/2024**, 1.Mr.SHASHANK VISHANUPANT MAHORE, Age;-38, occupation; Business, 2.Mrs. KOMAL SHASHANK MAHORE, Age;-34, occupation; Business , ADD;- Krishna valley, B WING Flat No. 402
**9) CASE NO-CC/528/2024**, 1.Mr.RUPESH RAMESH THAKUR Age;-major occupation; Service, 2.Mrs. VAISHALI RUPESH THAKUR, Age;-major occupation; Service, ADD;- Krishna valley, B WING Flat No. 303
**10) CASE NO-CC/529/2024**, Mr.PAWAN JAYARAM CHAUDHARI, Age:-42, occupation; Service, ADD:- Krishna valley, B WING Flat No. 103, ALL R/O., KRISHNA VALLEY APARTMEANT DINDORI ROAD, NEAR MAULI WATER SUPPLY CENTRE, NASHIK, Complainant 1 to 10

**Vs**

SHRI KRISHNA REALITY THROUGH PARTNER ETC.13
**.... opposite party 1 to 13**

**PUBLIC NOTICE**
(Under Consumer Protection Act 2019)

To,
**3) MR. SAGARBHAI KADVABHAI DHAMELIYA**, AGE;-27, OCCUPATION;- BUSINESS, ADD:- SR. NO.81/A2, PLOT NO.A/20, CHITRAKUT, CO-OP HOUSING SOCIETY, VITHAL NAGAR, NEAR HIRABAG VARACHHA ROAD, SURAT-395006
**4) MR. HARESHKUMAR KADVABHAI DHAMELIYA**, AGE:-45,OCCUPATION:- BUSINESS, ADD:- SR. NO.81/A2,PLOT NO. A/20 CHITRAKUT, CO-OP HOUSING SOCIRTY, NEAR HIRABAG VITHAL NAGAR, VARACHHA ROAD, SURAT-395006
**5) MR.LIMBABHAI ISHWARLAL JODHANI**, AGE:-65, OCCUPATION:- BUSINESS, ADD:- 7 TAPTI BAG SOCIETY, VARACHHA ROAD, SURAT-395006
**6) MR. DHIRUBHAI PRABHATBHAI SORATHIYA**, AGE;- 58 OCCUPATION;- BUSINES, ADD:- PLOT NO. 14. G F. VALKESHWAR ROW HOUSE. MOTAVARACHHA VILLAGE. SURAT-394101
**7) MR. ASHOKBHAI CHHANABHAI DOBARIYA**, AGE:- 48 OCCUPATION;- SERVICE, ADD;- PLOT NO. 359, SHUBH LAXMI SOCIETY, NANA VARACHHA, SURAT-395006
**8)MR. JAYANTBHAI MANJIBHAI DOBARIYA**, AGE:-58, OCCUPATION; BUSINESS, ADD: 24,GODAVARI PARK SOCIETY, PUNA, TALUKA CHORYASI, SURAT - 395006
9**) MR. PARASOTTAMBHAI RAJIVBHAI SHELDIYA** AGE:-58,OCCUPATION; BUSINESS, ADD: 140, SHANKAR VILA SARTHANA, SURAT-395014
(**10) MR. PARESHBHAI BHIKHABHAI PANCHANI**, AGE; 48, OCCUPATION; SERVICE ADD: 221,BHARAT NAGAR SOCIETY, L.H.ROAD, VARACHHA, SURAT-395006
(**11) MR.SHAILESH NANUBHAI SHELDIYA**, AGE:35, OCCUPATION; BUSINESS ADD; 140,SHANKAR VILA, SARTHANA, SURAT-395006
**12) MR. NAVIN BHAVCHANDBHAI KORAT**, AGE:- 55 OCCUPATION;- BUSINESS ADD;- 2ND FLOOR.FLAT NO.C/4, JAI GANESHWAR SOCIETY, VARACHHA ROAD, SURAT-395006
1**3) MR. BHAGWANBHAI THAKARSHIBHAI SIROYA**, AAG:-73, OCCUPATION;-BUSINESS, ADD:-.140, NIJANAND SOCIETY, A.K.ROAD, VARCHHA ROAD, SURAT-395006.
**.... opposite party 3 to 13**

**PUBLIC NOTICE**

TAKE NOTICE THAT, the Complaints above named has/have filed above mentioned Consumer complaints before District Consumer Disputes Redressal Commission At Nashik WHEREAS the complaint above mentioned was listed before the Commission for the hearing/submission but as it is not possible to serve the notice by regular service, to opponent no, 3,4,5,6,7,8,9,10,11,12,13 hence the Hon'ble commission ordered the service by substituted service i.e., public notice. Notice is hereby given to opponent no, 3,4,5,6,7,8,9,10,11,12,13, that if you wish to contest the above mention complaints, you are required to remain present on 24/08/2026 at 10.30a.m in person or by pleader duly instructed and produce the documents in your defence on which you desire to rely on.

TAKE FURTHER NOTICE THAT, in default of your appearance on the aforesaid date, time above mentioned the Complaints will be proceeded for the determination in your absence and no further notice in relation thereto shall be given.

Given in my hand
**Nashik**
**Date 21/07/16**

Seal

**Sd/-**
**(Bhushan Satish Panchbhai)**
**Registrat**
**District Consumer Disputes**
**Redressal Commission Nashik**



**PUBLIC NOTICE**

THAT THIS NOTICE is hereby published under the instruction of Smt. Chanda Prabhuram Sen to declare that Mr. Dalpatram Sen and Late Mr. Prabhuram Mangilal Sen, Resident of Silvassa, were the co-owner, occupier and possessor of the Shop No. 1, admeasuring 26 Square Meters (Super built up area 35.316 Square Meters) on the ground floor of the building known as "VRAJ" constructed on the N.A. Land of Plot No. 350/2 admeasuring 350 square meters of village Silvassa, Union Territory of Dadra and Nagar Haveli - 396230, having property I'd No.: S05022848000. That, Late Mr. Prabhuram Mangilal Sen died intestate on 16.07.2016 leaving behind his legal heir Smt. Chanda Prabhuram Sen W/o. Late Mr. Prabhuram Mangilal Sen.

That thereafter, a Release Deed Bearing No. DNH-1608-2026 dated 24.03.2026 was executed by Mr. Dalpatram Sen and Smt. Chanda Prabhuram Sen in favour of Smt. Chanda Prabhuram Sen.

That Smt. Chanda Prabhuram Sen have made an application to the Silvassa Municipal Council for the transfer of property in her name. Hence, through this public notice it is intimated that if anybody has any kind of objection, claim, lien charge and encumbrance of whatsoever nature in respect of following property the same shall be intimated to the undersigned within 15(fifteen) days from the publication of this notice. That, no claims will be entertained thereafter.

Date: 23.07.2026
Place Silvassa

**Sd/-**
**For-Sarvam Legal (SV)**
**For SARVAM LEGAL PARTNER**
**Adv. Shailesh Mishra**

**Criminal Laws - Civil Laws - Family Laws - Consumer Laws - Corporate Laws**
**Banking and Financial Institutional Laws**
**Labour & Industrial Laws IPR Taxation Laws - Real Estate Laws**



**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (શહેર)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૯૧/૨૦૨૫

અરજદાર : ભીખુભાઈ વેણીલાલ રાણા
મોજે, શાપુર નગર, ધોબીતળાવ, વલસાડ
તા.જી.વલસાડ

વિરૂધ્ધ

સામાવાળા : સબ - રજીસ્ટ્રારશ્રી વલસાડ નગરપાલિકા (જન્મ-મરણ)

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે જાહેર નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ભીખુભાઈ વેણીલાલ રાણા,** રહે.શાપુર નગર, ધોબીતળાવ, વલસાડ, તા.જી.વલસાડનાઓએ તેમના માતા **સ્વ. નીરૂબેન વેણીલાલ રાણા**નું મરણ તા.૦૫/૦૨/૨૦૨૧ના રોજ મોજે. વલસાડ, તા.જી.વલસાડ ખાતે થયેલ છે. જેઓના મરણની નોંધણી જે તે સમયે હમારા ઘરના વડીલોની શરતચુક અને અજ્ઞાનતાના કારણે કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા નિમેલ વહીવટદાર અથવા વકીલ મારફત સદરહું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (શહેર)ની કચેરીએ વાંધો લેખિતમાં રજુ કરવાનો રહેશે. જો ઉક્ત સમય મર્યાદામાં કોઈ વાંધા નહી આવે તો કોઈને વાંધો કે હરકત નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૨૫/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમએજી/જન્મ/રજી.નં.૧૯૧/૨૦૨૬
મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (શહેર)ની કચેરી,
નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, વલસાડ તા.વલસાડ
જી.વલસાડ - ૩૯૬૦૦૧

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
વલસાડ (શહેર)



**ડિસ્કાઉન્ટ ધમાકા**
તાં. **1-8-26.**થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક, 10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361



સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
દિવાળી ધમાકા
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403



દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
Raymond DIGJAM dinesh NIRVĀN SHIRTINGS Siyaram's ICON ashima DONEAR Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬





Jai Jalaram Bapa
**Septic Tank Cleaner**
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200



**GUJARAT COTEX LIMITED**
Where Information, Innovation and Technology are the Key words

**રજીસ્ટર્ડ ઓફિસ:** દુકાન નં. 3, શાંતિ કોમ્પ્લેક્સ,પટેલ પેટ્રોલ પંપ સામે, આમલી, દાદરા અને નગર હવેલી-396230
**મોબાઈલ:** 93279 77729. **ઈમેઈલ:** jayprabha@hotmail.com, **વેબસાઈટ:** www.gujcotex.co
કોર્પોરેટ ઓળખ નંબર: L46695DN1996PLC000116

**30/06/2026 ના રોજ પૂરા થતા સમયગાળા માટે બિન-નાણાકીય પરિણામોનું નિવેદન**

30/06/2026 ના રોજ પૂરા થયેલા સમયગાળા માટેના અ-ઓડિટ થયેલા નાણાકીય પરિણામોની સમીક્ષા ઓડિટ સમિતિ દ્વારા કરવામાં આવી છે અને 21 જુલાઈ, 2026 ના રોજ યોજાયેલી બેઠકમાં કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા તેને મંજૂરી આપવામાં આવી છે.

30/06/2026 ના રોજ પૂરા થયેલા સમયગાળા માટેના અ-ઓડિટ થયેલા નાણાકીય પરિણામોનું સંપૂર્ણ સ્વરૂપ સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ http://www.bseindia.com અને કંપનીની વેબસાઈટ gujcotex.co. પર ઉપલબ્ધ છે, તેમજ નીચે દર્શાવેલ QR કોડ સ્કેન કરીને પણ તેને જોઈ શકાય છે:-

**સ્થળ: સેલવાસા**
**તારીખ: 21/07/2026**

**ગુજરાત કોટેક્સ લિમિટેડ**
**સહી /-**
**શૈલેષકુમાર જયંતકુમાર પારેખ**
**મેનેજિંગ ડિરેક્ટર**
**(DIN : 01246270)**


# વાપી મહાનગર વિશેષ

સમસ્યા - સમાધાન, વેપાર-ધંધો, સમાજ, સંસ્થા, શિક્ષણ, સિદ્ધિ, સંસ્કૃતિ

● સલવાવ ● બલીઠા ● છરવાડા ● છીરી ●મોરાઈ ●કુંતા ● વટાર ● નામધા ● ચંડોર, ● કરવડ ● ચણોદ

ઠેર-ઠેર જળબંબાકાર : ૧૩ સ્થળોએ વૃક્ષો ધરાશાયી : નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા, એક ઘરને નુકસાન


## વાપીમાં આભ ફાટ્યું, ૪૬ કલાકમાં ૨૦ ઇંચ વરસાદ











(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૨ :** દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ યથાવત છે. વાપીમાં છેલ્લા બે દિવસમાં ૪૬ કલાકમાં ૨૦ ઈંચથી વધુ વરસાદ પડતા શહેર ઠેર-ઠેર જળમગ્ન થઈ ગયું છે. સત વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હવામાન વિભાગના આંકડા મુજબ મંગળવારે સાંજે ૬ વાગ્યા સુધીના ૧૨ કલાકમાં ૭ ઈંચ વરસાદ નોંધાયો હતો. ત્યારબાદ બુધવારે ૧૪ કલાકમાં વધુ ૭ ઈંચ વરસાદ ખાબક્યો હતો. બે દિવસની અંદર જ ૧૪ ઈંચ વરસાદ પડતા વાપી નદી અને ગટરો ઉભરાઈ હતી.

ધોધમાર વરસાદના કારણે શહેરમાં ૧૩ જેટલા સ્થળોએ મોટા વૃક્ષો ધરાશાઈ થયા હતા. નામધા મોર ફળિયામાં એક મોટું ઝાડ ઘર પર પડતા ઘરનો ભાગ તૂટી પડ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

આ ઉપરાંત છરવાડા, સલવાવ કુંભારવાડ, સલવાવ માહ્યાવંશી ફળિયું, નામધા નાગેશ્વર મંદિર, નહેરુ સ્ટ્રીટ અને છરવાડા સહિતના વિસ્તારોમાં વૃક્ષો ધરાશાઈ થતા રસ્તાઓ બંધ થઈ ગયા હતા. શહેરના નીચાણવાળા વિસ્તારો ચલા, આઝાદ કોમ્પ્લેક્સ, નૂતનનગર અને વાપી જૂના ફાટક આસપાસ, ડુંગરા, ડુંગરી ફળિયાના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. અનેક સોસાયટીઓમાં ઘરમાં પાણી ઘૂસી જતા લોકોનું ઘરવખરીને નુકસાન થયું છે.

વાપીના નાના-મોટા ગરનાળા પણ પાણીમાં ગરકાવ થતા વાહન વ્યવહાર ખોરવાયો હતો. પાલિકા અને ફાયર વિભાગની ટીમો દ્વારા ધરાશાઈ થયેલા વૃક્ષો હટાવવા અને પાણીનો નિકાલ કરવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.

તંત્ર દ્વારા લોકોને નદીકાંઠાના અને નીચાણવાળા વિસ્તારોમાંથી સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગે આગામી ૨૪ કલાક માટે પણ ભારે વરસાદની આગાહી કરી છે.

વરસાદમાં પાણી ભરાતા સ્થાનિકો પરેશાન

## ચલા-મુક્તાનંદ માર્ગથી કસ્ટમ રોડને જોડતા કેનાલ રોડનું કામ અધૂરું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૨ :** વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં રસ્તાઓના નવીનીકરણ અને નવા માર્ગોના નિર્માણની કામગીરી ચાલી રહી છે, પરંતુ ચલા મુક્તાનંદ માર્ગ પર આવેલા સૂર્યવંશી મોલથી કસ્ટમ રોડને જોડતા કેનાલ રોડનું કામ સમયસર પૂર્ણ ન થતાં સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ માર્ગ પર અગાઉ ગટર લાઈનનું કામ પૂર્ણ કર્યા બાદ રસ્તાના નવીનીકરણ માટે ખોદકામ કરવામાં આવ્યું હતું. જોકે, કામગીરી ધીમી ગતિએ ચાલતા અને વચ્ચે ચોમાસાની શરૂઆત થતાં આખો માર્ગ કાદવ અને પાણીથી ભરાઈ ગયો છે. પરિણામે વરસાદી પાણીના ભરાવાની ગંભીર સમસ્યા સર્જાઈ છે. આ માર્ગ બલીઠા, ચલા અને વાપી વિસ્તારના રહેવાસીઓ માટે મહત્વનો જોડાણ માર્ગ છે. શાળાએ જતા વિદ્યાર્થીઓ, સ્કૂલ બસો, નોકરીયાતો તેમજ દમણ તરફ જતા વાહનચાલકો માટે આ ટૂંકો અને સુલભ રસ્તો ગણાય છે. હાલ રસ્તાની ખરાબ હાલતને કારણે વાહનોની અવરજવર લગભગ બંધ થઈ ગઈ છે.

સ્થાનિક રહેવાસીઓ અને આસપાસના મજૂરવર્ગના લોકોને રોજિંદા અવરજવર માટે કાદવ અને ગંદા પાણીમાંથી પસાર થવાની ફરજ પડી રહી છે. પગપાળા જતા લોકો પણ ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. સ્થાનિકોએ મહાનગરપાલિકા અને સંબંધિત કોન્ટ્રાક્ટરને વરસાદી મોસમને ધ્યાનમાં રાખી તાત્કાલિક રોડનું કામ પૂર્ણ કરવા અને પાણીના નિકાલની વ્યવસ્થા કરવા માંગ કરી છે, જેથી લોકોની મુશ્કેલીનો અંત આવે.

## ચલા CHC ગરીબ દર્દીઓ માટે આશિર્વાદ

સરેરાશ રોજ ૫૦૦ દર્દીઓનો સારવાર માટે ધસારો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૨ :** વાપીના ચલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ઘ્ઘ્માં દરરોજ સરેરાશ ૫૦૦ જેટલા દર્દીઓ સારવાર માટે આવે છે. ગુજરાત-મહારાષ્ટ્ર સરહદ પર આવેલી આ સરકારી હોસ્પિટલ મહારાષ્ટ્રના પાલઘર, દહાણુથી લઈ વાપી અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોના હજારો ગરીબ દર્દીઓ માટે આશીર્વાદરૂપ બની છે.

હોસ્પિટલના આંકડા મુજબ દર મહિને ૧૨ થી ૧૪ હજારની ઓપીડી નોંધાય છે. ઉપરાંત દર મહિને ૧૦૦થી વધુ નોર્મલ અને સિઝેરિયન ડિલિવરી પણ અહીં કરવામાં આવે છે. હાલ ચોમાસાની સિઝનને કારણે તાવ, શરદી-ઉધરસ, મેલેરિયા જેવી સિઝનેબલ બીમારીઓના દર્દીઓનો ધસારો ખાસ વધ્યો છે.

ઘ્ઘ્માં હાલ ૭ મેડિકલ ઓફિસર ફરજ બજાવે છે. જેમાં ૧ સર્જન, ૨ ગાયનેક, ૧ પીડિયાટ્રિશ્યન, ૧ મનોચિકિત્સક, ૧ ત્વચા ચિકિત્સક અને ૧ દંત ચિકિત્સકનો સમાવેશ થાય છે. ૩૦ વોર્ડબોયની મંજૂર જગ્યામાંથી ૧૦ કર્મચારીઓ કોન્ટ્રાક્ટ બેઝ પર કામ કરે છે. જોકે આટલા મોટા દર્દીઓના ભારણ છતાં હોસ્પિટલમાં હજુ ફિઝિશિયન અને એનેસ્થેસિયાના તબીબની ઘટ વર્તાય છે. જેના કારણે ગંભીર કેસોમાં દર્દીઓને વલસાડ સિવિલ રેફર કરવા પડે છે.

### સીએચસીનો સ્ટાફ ટૂંક સમયમાં મીની સિવિલ હોસ્પિટલમાં શિફ્ટ કરાશે : સતિષ પટેલ

વાપી મનપાના કારોબારી ચેરમેન સતિષ પટેલે જણાવ્યું હતું કે વાપી બલીઠા હાઈવે પર મહાનગર પાલિકા દ્વારા નિર્માણાધિન ૧૨૦ બેડની મીની સિવિલ હોસ્પિટલનું કામ પૂર્ણતાના આરે છે, આગામી થોડાં મહિનામાં આ સીએચસીનો તેમાં સ્ટાફ શિફ્ટ કરાશે જે સાથે ફિઝિશિયન અને એનેસ્થેસિયા ડોક્ટરની નિમણૂક ઉપરાંત આધુનિક સાધનો સાથે સારવાર લોકોને ઉપલબ્ધ થશે. જ્યારે વર્તમાન સીએચસીના મકાનમાં અર્બન હેલ્થ સેન્ટર શરૂ કરવામાં આવશે.

વાપીમાં નવા રેલવે અંડરબ્રિજમાં પાણી ભરાતાં

## ૨૪ કલાક વાહનવ્યવહાર ખોરવાયો

વાપીમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન પડેલા ભારે વરસાદના કારણે નવા રેલવે અંડરબ્રિજમાં વરસાદી પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. પરિણામે રોજિંદા અવરજવર કરતા વાહનચાલકો અને સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

મળતી માહિતી મુજબ વાપીના નવા રેલવે અંડરબ્રિજમાં ભરાયેલા પાણીનો નિકાલ કરવા માટે મૂકવામાં આવેલી ઈલેક્ટ્રીક મોટરમાં પ્લાસ્ટિકનો કચરો અને માટી ભરાઈ જતાં પાણી બહાર કાઢવાની કામગીરી અસરગ્રસ્ત બની હતી. જેના કારણે વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થઈ શક્યો નહોતો અને અંડરબ્રિજ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. સ્થાનિક લોકોનું કહેવું છે કે વરસાદી ઋતુ દરમિયાન આવી પરિસ્થિતિ વારંવાર સર્જાતી હોવાથી સંબંધિત તંત્ર દ્વારા ડ્રેનેજ વ્યવસ્થાની નિયમિત સફાઈ તેમજ પમ્પિંગ સિસ્ટમની સમયસર જાળવણી કરવામાં આવે તો આવી સમસ્યાઓ ટાળી શકાય. મનપા દ્વારા વરસાદી સિઝનમાં અંડરબ્રિજ વિસ્તારમાં સતત દેખરેખ રાખી પાણીના ઝડપી નિકાલ માટે અસરકારક આયોજન કરવાની જરૂર છે.

## વાપી ઝંડાચોક પાસેના સીએનજી પંપ પર વાહનોના ટ્રાફિકને કંટ્રોલ કરવો જરુરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૨ :** વાપી એસટી બસ ડેપો નજીક આવેલા સીએનજી ગેસ પંપ પર સીએનજી ગેસ ભરાવવા માટે આવતા વાહનો મુખ્ય માર્ગ પર જ કતારમાં ઉભા રહી જતા હોવાથી રોજિંદી ટ્રાફિક સમસ્યા સર્જાઈ રહી છે. ખાસ કરીને પીક અવર્સ દરમિયાન વાહનોની લાંબી કતારો લાગતા અન્ય વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. હાલમાં વાપી પૂર્વ અને પશ્ચિમને જોડતો જૂનો રેલવે ઓવરબ્રિજ તોડી નવો બનાવવાની કામગીરી ચાલી રહી છે. સાથે જ હંગામી ધોરણે શરૂ કરાયેલ રેલવે ફાટક પણ બંધ કરવામાં આવ્યું છે. બીજી તરફ વરસાદી સિઝનમાં જે ટાઈપ વિસ્તારમાં આવેલ રેલવે અંડરબ્રિજમાં ભારે વરસાદ દરમિયાન પાણી ભરાઈ જતા ત્યાંથી વાહનવ્યવહાર બંધ થઈ જાય છે. આવી સ્થિતિમાં હાલમાં બલીઠા રેલવે અંડરબ્રિજ જ પૂર્વ અને પશ્ચિમ વચ્ચે અવરજવરનો મુખ્ય માર્ગ બની ગયો છે.

બલીઠા તરફથી ઝંડાચોક તરફ આવતા મોટાભાગના વાહનોને એસટી બસ ડેપો નજીકના સી એન્ડ જી ગેસ પંપ પાસેથી પસાર થવું પડે છે. પરંતુ ગેસ ભરાવવા માટે મુખ્ય માર્ગ પર જ ઉભા રહેતા વાહનોને કારણે વારંવાર ટ્રાફિક જામ સર્જાય છે, જેના કારણે સામાન્ય વાહનચાલકો તેમજ એસટી બસોને પણ અવરજવરમાં મુશ્કેલી પડે છે. સ્થાનિક નાગરિકોએ માંગ કરી છે કે ગેસ પંપ સંચાલકો અને ટ્રાફિક પોલીસ સંયુક્ત રીતે યોગ્ય ટ્રાફિક વ્યવસ્થા ગોઠવે, ગેસ ભરાવવા આવતા વાહનોને મુખ્ય માર્ગ પર ઉભા રહેતા અટકાવે અને જરૂર પડે તો અલગ કતારની વ્યવસ્થા કરે, જેથી શહેરના આ મહત્વના માર્ગ પર ટ્રાફિકની સમસ્યામાં રાહત મળવાની શક્યતા છે.





આજરોજ વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં વરસાદને કારણે ભરાયેલા પાણીના નિકાલ માટે મેયર શ્રીમતી દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ તથા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સતિષભાઈ પટેલે અસરગ્રસ્ત વિસ્તારોની સ્થળ મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન સંબંધિત અધિકારીઓને પાણીનો ઝડપી નિકાલ થાય, નાગરિકોને અગવડતા ન પડે તેમજ કામગીરી અસરકારક રીતે પૂર્ણ થાય તે માટે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## વાપી જલારામ મંદિર પરિસર ડૂબ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૨ :** વાપી શહેરના જમનાનગર વિસ્તારમાં આવેલ પ્રસિદ્ધ જલાધામ જલારામ મંદિરમાં છેલ્લા કેટલાક દિવસોથી પડેલા ભારે વરસાદને કારણે મંદિર પરિસરમાં વરસાદી પાણી ભરાઈ જતાં આગામી ગુરુવાર, તા. ૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ યોજાતો મહાપ્રસાદનો કાર્યક્રમ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મંદિર ટ્રસ્ટ દ્વારા જણાવાયું છે કે વાપી મા છેલ્લા કેટલાક દિવસોથી ભારે વરસાદને કારણે પાણી ભરાવાના કારણે રસોડા તેમજ મંદિર પરિસરમાં મહાપ્રસાદની વ્યવસ્થા કરવી શક્ય ન હોવાથી ભક્તોના હિત અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે જમનાનગર સ્થિત આ જલાધામ જલારામ મંદિર છેલ્લા ૩૦ વર્ષથી પણ વધુ સમયથી દર ગુરુવારે નિયમિત રીતે મહાપ્રસાદનું આયોજન કરતું આવ્યું છે. જોકે, ભારે વરસાદ અને પાણી ભરાવાની પરિસ્થિતિને કારણે પ્રથમ વખત આ સેવા અસ્થાયી રીતે સ્થગિત કરવાની ફરજ પડી છે. વાપીમાંથી પસાર થતા નેશનલ હાઈવે નં. ૪૮ નજીક આવેલું આ જલારામ મંદિર શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું મહત્વનું કેન્દ્ર છે. મંદિર ટ્રસ્ટે ભક્તોને સહકાર આપવા તેમજ પરિસ્થિતિ સામાન્ય બન્યા બાદ નિયમિત મહાપ્રસાદની સેવા ફરી શરૂ કરવામાં આવશે તેવી જાણકારી આપી છે.

## વાપીમાં મકાનની ગેલેરીનો સ્લેબ ધરાશાયી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૨ :** વાપીના મુખ્ય બજારના કચીગામ રોડ પર આવેલા પૂનમ ફૂટવેરના મકાનની ગેલેરીનો સ્લેબ અચાનક તૂટી પડતાં વિસ્તારમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નહોતી, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ આ સ્થળે દરરોજ વહેલી સવારથી મોડી રાત્રિ સુધી ગેરકાયદે પાથરણાં પાથરી શાકભાજીનું વેચાણ કરવામાં આવે છે. જો સ્લેબ તે સમયે તૂટી પડ્યો હોત જ્યારે ત્યાં વેપારીઓ અને ખરીદદારોની ભીડ હોય, તો ગંભીર જાનહાનિ સર્જાઈ શકી હોત. ઘટના સમયે આસપાસના લોકોએ મોટો અવાજ સાંભળીને તાત્કાલિક વાપી ટાઉન ફાયર બ્રિગેડ અને પોલીસને જાણ કરી હતી. માહિતી મળતા જ વાપી ટાઉન ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયરના જવાનોએ રોડ પર પડેલા કાટમાળને હટાવીને ટ્રાફિક વ્યવસ્થા પુનઃસ્થાપિત કરી હતી તથા મકાનના બાકીના ભાગની તપાસ કરીને સાવચેતીના પગલા લેવામાં આવ્યા હતા.

મકાનની આસપાસના વિસ્તારને કોર્ડન કરીને લોકોને દૂર રાખવામાં આવ્યા હતા ઉલ્લેખનીય છે કે વાપી મહાનગરપાલિકાએ અગાઉ શહેરમાં જર્જરિત અને જોખમી હાલતમાં આવેલા અનેક મકાન માલિકોને નોટિસ આપી મકાનોનું સમારકામ કરવા અથવા ઉતારી લેવા સૂચના આપી હતી. તેમ છતાં કેટલાક માલિકોએ આ સૂચનાઓની અવગણના કરી હોવાનું સામે આવ્યું છે.

## રાજયમાં સૌથી વધુ માર્ગ અકસ્માતોવાળા જિલ્લામાં વલસાડનો પણ સમાવેશ : ડીએસપી

વાપીમાં વલસાડ જિલ્લા સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ એસોસિએશન દ્વારા માર્ગ સુરક્ષા જાગૃતિ અને ૧૦૦ % પરિણામ લાવનાર સારસ્વતોનો સન્માન કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૨ :** સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ એસોસિએશન, વલસાડ, વલસાડ જિલ્લા પોલીસ, વાપી મહાનગરપાલિકા અને જિલ્લા શિક્ષણ વિભાગ, વલસાડના સંયુક્ત ઉપક્રમે મંગળવારે પદ્મ વિભૂષણ રજ્જુ શ્રોફ ઓડિટોરિયમ, નામધા રોડ, વાપી ખાતે માર્ગ સુરક્ષા જાગૃતિ પ્રતિભા સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ ઉપસ્થિતિમાં વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા, જિલ્લા નાયબ પોલીસ વડા બી. એન. દવે, વાપી મહા નગરપાલિકાના કમિશનર એન. કે. ચૌધરી, જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ. રાજશ્રીબેન ટંડેલ, ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતીશ પટેલ તેમજ સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ એસોસિએશનના અધ્યક્ષ પૂજ્ય કપિલ સ્વામી, પ્રમુખ અલ્પાબેન કોટડિયા, મહામંત્રી ડૉ. મિત્તલબેન ધાખડા તથા હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં મહામંત્રી ડૉ મિત્તલબેન ધાખડાએ આમંત્રિત સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

તેમણે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને માર્ગ સુરક્ષાના સાચા દૂત બની પોતાના પરિવાર તેમજ સમાજમાં ટ્રાફિક નિયમોના પાલન અંગે જાગૃતિ ફેલાવવા અપીલ કરી હતી.

વાપી મહા નગર પાલિકાના મેયર દક્ષાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતીષભાઈ પટેલ, કપિલ સ્વામીજી તથા કમિશનર દ્વારા માર્ગ સુરક્ષા અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. ઉપરાંત ૧૦૦ % પરિણામની સિધ્ધિ હાંસલ કરનાર શાળાઓને બિરદાવી હતી.કાર્યક્રમ દરમિયાન માર્ગ વલસાડ જિલ્લાની વિવિધ શાળાઓ કે જેમણે વિતેલા શૈક્ષણિક વર્ષમાં ૧૦૦ % પરિણામ મેળવી શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર આચાર્યો તથા ૫૨૫ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

ઉપસ્થિત મહાનુભાવોએ માર્ગ સુરક્ષા અંગે જનજાગૃતિ લાવવા માટે આવા કાર્યક્રમો સમયની જરૂરિયાત હોવાનું જણાવતાં સૌને જવાબદાર વાહનચાલક બનવાનો સંદેશ આપ્યો હતો.

આભારવિધિ ડીવાયએસપી બી.એન. દવેએ આટોપી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શાળા સંચાલકો, શિક્ષકો અને નાગરિકોએ હાજરી આપી માર્ગ સુરક્ષાના સંકલ્પ સાથે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**